# પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 21-09-2026 I VOL : 12 I Issue : 186 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008


**સુવિચાર**

જે વ્યક્તિ શીખવાનું બંધ કરે છે, તેની પ્રગતિ પણ અટકી જાય છે.


3  વિકાસની ઈમારતો નીચે દબાતો શ્રમિકોનો શ્વાસ: 5 વર્ષમાં 555 શ્રમિકોના મોત

4  પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનના બહેનની ધરપકડ

6 



'હનુમાનઅંશ' કરી દમદાર કમાણી, કલેક્શન પહોંચ્યું 300 કરોડને પાર

7  એશિયન ગેમ્સ 2026માં ભારતને બીજો મેડલ:અમદાવાદની...


## એક નજર...

### મૃણાલ ઠાકુરનો બ્લેક આઉટફિટમાં અવતાર



નાના પડદાની લોકપ્રિય સીરિયલોથી પોતાની એક્ટિંગ કરિયરની શરૂઆત કરનાર મૃણાલ ઠાકુરે આજે બોલિવૂડથી લઈને સાઉથ સિનેમા સુધી પોતાની શાનદાર એક્ટિંગનો સિક્કો જમાવ્યો છે. પોતાના પાવરફુલ પર્ફોર્મન્સની સાથે સાથે મૃણાલ પોતાના રોયલ અને યુનિક ફેશન સેન્સ માટે પણ સમગ્ર ઈન્ડસ્ટ્રીમાં જાણીતી છે.

## NEWS TRACK

### ઉત્તર કોરિયાએ લોન્ચ કરી બેલિસ્ટીક મિસાઈલ, દક્ષિણ કોરિયા સહિત અમેરિકા અને જાપાન ભડક્યાં

ઉત્તર કોરિયાએ 20 સપ્ટેમ્બર 2026, રવિવારના રોજ કોરિયાઈ દ્વીપકલ્પના પૂર્વમાં સમુદ્ર તરફ એક બેલિસ્ટિક મિસાઈલ દાગી હતી. જાપાનના સંરક્ષણ મંત્રાલય અને દક્ષિણ કોરિયાના સંરક્ષણ દળો અનુસાર, આ મિસાઈલ ઉત્તર કોરિયાના વોનસાન (Wonsan) વિસ્તારમાંથી છોડવામાં આવી હતી, અને તે જાપાનના વિશિષ્ટ આર્થિક ક્ષેત્ર (EEZ) ની બહાર જઈને પડી હતી. છેલ્લા એક સપ્તાહમાં ઉત્તર કોરિયાનો આ બીજો મિસાઈલ ટેસ્ટ છે. આ પહેલા 12 સપ્ટેમ્બર 2026 ના રોજ પણ મિસાઈલ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. ઉત્તર કોરિયાનો આ આકરો નિર્ણય અમેરિકા, જાપાન અને દક્ષિણ કોરિયા વચ્ચે તાજેતરમાં યોજાયેલા સંયુક્ત નૌકાસૈન્ય અભ્યાસ બાદ આવ્યો છે. આ સૈન્ય કવાયત 29 ઓગસ્ટ થી 10 સપ્ટેમ્બર 2026 દરમિયાન ગુઆમ (Guam) નજીક યોજાઈ હતી. ઉત્તર કોરિયાના તાનાશાહ કિમ જોંગ ઉનની બહેન કિમ યો જોંગે શુક્રવારે નિવેદન આપ્યું હતું કે, અમેરિકાની આગેવાની હેઠળની સૈન્ય કવાયતો જ કોરિયાઈ દ્વીપકલ્પમાં તણાવ વધારવા માટે જવાબદાર છે.

### ઈરાન યુદ્ધ ભારે પડ્યું : ટ્રમ્પની મનમાનીથી મુશ્કેલી વધી, ડીઝલના ભાવ પહોંચ્યા આસામાને

ઈરાન સાથેનું યુદ્ધ હવે સતત અમેરિકા પર ભારે પડી રહ્યું છે. દેશમાં ડીઝલના ભાવ રેકોર્ડ સ્તર પર પહોંચી ગયા છે, અને મોંઘવારીનો ભય વધી રહ્યો છે, જે ડોનાલ્ડ ટ્રમ્પની ચિંતામાં વધારો કરી રહ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં ઈરાન અંગે નિવેદન આપતા કહ્યું હતું કે, અમેરિકા વેનેઝુએલાની જેમ ઈરાનમાં પણ હાજરી જાળવી રાખવા અને તેલના ખજાના પર કબજો રાખવાનો નિર્ણય કરી શકે છે. પરંતુ ટ્રમ્પની આ તેલની રમત હવે તેમના માટે જ મોટી મુશ્કેલીનું કારણ બની રહી છે. ઈરાન યુદ્ધના કારણે વણસેલી પરિસ્થિતિ વચ્ચે અમેરિકામાં ડીઝલના ભાવ નવા ઓલ-ટાઈમ હાઈ લેવલે પહોંચી ગયા છે. વિતેલા એક જ સપ્તાહમાં યુએસ ડીઝલના ભાવમાં મોટો ઉછાળો આવ્યો છે, જે દેશમાં મોંઘવારીનું જોખમ વધારી રહ્યો છે. ઈરાન સાથેના યુદ્ધ અને હોર્મુઝ સંકટે અમેરિકાની સ્થિતિ કફોડી કરી દીધી છે. અમેરિકન ઓટોમોબાઈલ એસોસિએશન (AAA) મુજબ, 19 સપ્ટેમ્બરના રોજ ડીઝલની રાષ્ટ્રીય સરેરાશ કિંમત 6.4866 ડોલર પ્રતિ ગેલન પર પહોંચી ગઈ હતી.

## રાહુલ ગાંધીનો કેન્દ્ર સરકાર પર સણસણતો અને ઘાતક પ્રહાર!

# "દેશની વ્યવસ્થા પર 6 લોકોનો કબ્જો, ટોચ પર બેઠેલા લોકો ચલાવે છે આખું તંત્ર": રાહુલ ગાંધી

નવી દિલ્હી

ભારતીય રાજકારણમાં એ સમયે મોટો ભૂકંપ આવી ગયો જ્યારે કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ દેશની Administrative, રાજકીય અને આર્થિક વ્યવસ્થાને લઈને અત્યાર સુધીનો સૌથી ઘાતક અને સનસનાટીભર્યો હુમલો બોલ્યો. રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકારને સીધી કઠોડામાં ઊભી રાખતા ગંભીર આક્ષેપ કર્યો છે કે આજે ૧૪૦ કરોડની વસ્તી ધરાવતા આ લોકશાહી દેશના સમગ્ર 'સિસ્ટમ' પર માત્ર અને માત્ર ૬ લોકોનો એકાધિકાર એટલે કે કબ્જો થઈ ચૂક્યો છે. તેમણે દાવો કર્યો કે દેશની નીતિઓ, નિર્ણયો અને ભવિષ્ય બધું જ આ ૬ લોકો પોતાના હિસાબે નક્કી કરી રહ્યા છે.

રાહુલ ગાંધીએ આ ૬ હસ્તીઓના નામ જાહેર કરીને તેમની ભૂમિકાનો જે પર્દાફાશ કર્યો છે, તેણે રાજકીય વર્તુળોમાં ભારે હલચલ મચાવી દીધી છે:




૧. નરેન્દ્ર મોદી (વડાપ્રધાન):

રાહુલ ગાંધીના જણાવ્યા અનુસાર, આ સમગ્ર ૬ લોકોના સિન્ડિકેટ કે સિસ્ટમના કેન્દ્રમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી બેઠા છે. તેઓ જ સમગ્ર સરકારી તંત્ર, તપાસ એજન્સીઓ અને મંત્રાલયોની દોરી સંભાળે છે અને આ સિસ્ટમનો મુખ્ય ચહેરો છે.

૨. અમિત શાહ (ગૃહ મંત્રી):

ગૃહ મંત્રી અમિત શાહ પર આકરા પ્રહારો કરતા રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે દેશના સામાજિક વાતાવરણને પ્રભાવિત કરવાનો, રાજકીય ગરમાવો પેદા કરવાનો અને વિરોધ પ્રદર્શન કરતા વિદ્યાર્થીઓ તથા યુવાનો પર કડક પોલીસ કાર્યવાહી કરાવવાનો આદેશ તેમના જ ઈશારે થાય છે.

૩. અજીત ડોભાલ (રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર - NSA):

રાહુલ ગાંધીએ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલને આ વ્યવસ્થાની સૌથી મહત્વની 'ઈન્ટેલિજન્સ કડી' ગણાવ્યા. તેમણે આક્ષેપ કર્યો કે અજીત ડોભાલનું કામ વડાપ્રધાન મોદી અને ગૃહ મંત્રી અમિત શાહને પળેપળની આંતરિક, વ્યુહાત્મક અને રાજકીય માહિતી પહોંચાડવાનું છે, જેથી આખા તંત્ર પર નિયંત્રણ જાળવી શકાય.

૪. મોહન ભાગવત (આરએસએસ પ્રમુખ):

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના સરસંઘચાલક મોહન ભાગવત પર નિશાન સાધતા રાહુલ ગાંધીએ કહ્યું કે તેઓ આ આખી વ્યવસ્થાને વૈચારિક દિશા આપે છે. દેશમાં કયો એજન્ડા ચાલશે અને કઈ વિચારધારા હેઠળ નીતિઓ બનશે, તેનું નિયંત્રણ તેમની પાસે છે.

૫. અદાણી અને અંબાણી (દેશના ટોચના ઉદ્યોગપતિઓ):

કોર્પોરેટ જગતના બે સૌથી મોટા નામો– ગૌતમ અદાણી અને મુકેશ અંબાણીનો ઉલ્લેખ કરતા રાહુલ ગાંધીએ દાવો કર્યો કે આ બંને મોટા ઉદ્યોગપતિઓ આ આખી સિસ્ટમના 'ફાઈનાન્સર' (નાણાકીય આધાર) છે. રાહુલ ગાંધીના મતે, આ બે ઘરાના સમગ્ર રાજકીય અને વહીવટી તંત્રને આર્થિક મજબૂતી અને ફંડ પૂરું પાડે છે, જેના બદલામાં આખી સિસ્ટમ તેમના હિતોનું રક્ષણ કરે છે.

રાજકીય ગરમાવો ચરમસીમાએ

રાહુલ ગાંધીના આ અત્યંત આક્રમક અને સીધા પ્રહાર બાદ સત્તાપક્ષ તરફથી તીખી પ્રતિક્રિયા જોવા મળી રહી છે. ભારતીય જનતા પાર્ટીએ આ આક્ષેપોને સખત શબ્દોમાં ફગાવી દેતા તેને દેશની લોકશાહી અને બંધારણીય સંસ્થાઓનું અપમાન ગણાવ્યું છે. બીજી તરફ, વિપક્ષ આ મુદ્દે સરકારને ઘેરવાની પૂરી રણનીતિ બનાવી રહ્યો છે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર'ના અહેવાલ મુજબ, રાહુલ ગાંધીના આ ઘાતક નિવેદન બાદ આગામી દિવસોમાં સંસદથી લઈને શેરીઓ સુધી રાજકીય ઘમાસાણ વધુ ઉગ્ર બનવાના પૂર્ણ એંધાણ છે.

# SIR : એસ. જયશંકર, અડવાણી, કેજરીવાલને ચૂંટણી પંચની નોટિસ

## લિસ્ટમાં ચૂંટણી કમિશનર સહિત અનેક VIP નામ

નવી દિલ્હી

ચૂંટણી પંચે દેશભરમાં ચાલી રહેલી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન ઝુંબેશ અંતર્ગત VIPsને SIR નોટિસ પાઠવી છે. જેમાં લાલકૃષ્ણ અડવાણી, એસ. જયશંકર, કપિલ સિબ્બલ, અરવિંદ કેજરીવાલ સહિત અનેક દિગ્ગજ નેતાઓના નામ સામેલ છે. મતદાર યાદીમાં સ્પેલિંગની ભૂલો, જૂના રેકોર્ડ સાથે વિસંગતતા અને ડેટા મિસમેચ થવાના કારણે આ નોટિસ અપાઈ છે. આ નોટિસનો અર્થ નામ કાઢી નાખવું નથી, પરંતુ માહિતીની ખરાઈ કરાવવાનો છે. દેશભરમાં મતદાર યાદીને સચોટ અને વ્યવસ્થિત બનાવવા માટે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) ઝુંબેશ ચાલી રહી છે. આ પ્રક્રિયા દરમિયાન બહાર આવેલી નોટિસની યાદીમાં અનેક અગ્રણી



નેતાઓ, વરિષ્ઠ અધિકારીઓ અને દિગ્ગજ હસ્તીઓના નામ સામે આવ્યા છે. સામાન્ય નાગરિકોની જેમ જ જાણીતા લોકોના રેકોર્ડની પણ ઝીણવટભરી ચકાસણી કરવામાં આવી રહી છે, જેને કારણે આ સમગ્ર પ્રક્રિયા દેશભરમાં ચર્ચાનો વિષય બની છે. ચૂંટણી પંચના રેકોર્ડ મુજબ કેટલાક જાણીતા નામોના સ્પેલિંગમાં અગાઉના દસ્તાવેજોની સરખામણીએ તફાવત જોવા મળ્યો છે. આ ઉપરાંત અન્ય કેટલાક વરિષ્ઠ મહાનુભાવોના કિસ્સામાં જૂના ડેટાબેઝ સાથે હાલના રેકોર્ડનું સીધું મેચિંગ ન થવું અથવા તાર્કિક વિસંગતતા જેવી બાબતો સામે આવી છે. આ કારણોસર ચૂંટણી પંચ દ્વારા દસ્તાવેજી સ્પષ્ટતા અને ખરાઈ માટે નિયમ મુજબ નોટિસની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

## 1 ઓક્ટોબરથી લાગુ થશે LPG ગેસનો નવો નિયમ

નવી દિલ્હી

ઘરેલુ LPG સિલિન્ડરનો ઉપયોગ કરતા ગ્રાહકો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. 1 ઓક્ટોબર 2026થી રાંધણ ગેસ સિલિન્ડરની ખરીદીના નિયમોમાં મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે. હવેથી સબસિડીવાળા દરે ગેસ સિલિન્ડર બુક કરાવવા માટે ગ્રાહકોએ બાયોમેટ્રિક આધાર ઓથેન્ટિકેશન કરાવવું ફરજિયાત રહેશે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના જણાવ્યા મુજબ, જે ગ્રાહકોએ આ પ્રક્રિયા અગાઉ પૂર્ણ કરી લીધી છે, તેમણે ફરી કંઈ કરવાની જરૂર નથી. દેશમાં 19 સપ્ટેમ્બર સુધીમાં આશરે 27.43 કરોડ એટલે કે લગભગ 89.9 ટકા સક્રિય ગ્રાહકો આ ચકાસણી પૂર્ણ કરી ચૂક્યા છે.

## ખતરામાં દેવભૂમિ ઉત્તરાખંડના 23 મોટા ગ્લેશિયર, 25 કિલોમીટર સુધી બરફ પીગળતા વધી ચિંતા!

દેહરાદૂન

ઉત્તરાખંડમાં જળવાયુ પરિવર્તન અને પર્યાવરણ સાથે જોડાયેલી એક ચિંતાજનક તસવીર સામે આવી છે. આનાથી વૈજ્ઞાનિકોની સાથે પર્યાવરણવિદોની ચિંતા પણ વધી ગઈ છે. ભારતીય મધ્ય હિમાલયમાં ગ્લેશિયરો ઝડપથી પાછળ હટી રહ્યા છે.

આ વાત એક નવી વૈજ્ઞાનિક સમીક્ષામાં સામે આવી છે. UPES, દેહરાદૂન અને વાડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ હિમાલયન જીયોલોજીના સંશોધકોની આ સમીક્ષા 15 સપ્ટેમ્બર 2026ના રોજ ડિસ્કવર જીઓ સાયન્સ (Discover Geoscience) માં પ્રકાશિત થઈ છે. આ અભ્યાસમાં 1990-2024 વચ્ચે પ્રકાશિત રિસર્ચ, ફિલ્ડ સર્વે, સેટેલાઈટ ઈમેજરી, DEM અને અન્ય અભ્યાસોનો સમન્વય કરવામાં આવ્યો છે. સમીક્ષામાં 23 મુખ્ય ગ્લેશિયરો માટે કુલ 25,621.01 મીટરનો ઘટાડો (cumulative recession) નોંધવામાં આવ્યો છે. અભ્યાસના એક ભાગમાં સરેરાશ પાછળ હટવાનો દર (Retreat Rate) 23.23 મીટર પ્રતિ વર્ષ બતાવવામાં આવ્યો છે.

# "સરકાર ભેંસ જેવી બહેરી થઈ ગઈ છે!"

## દુષ્કાળ જાહેર કરવા ગોપાલ ઈટાલિયાએ ભેંસને આવેદનપત્ર આપ્યું, ભેંસે પણ સરકારની જેમ મોઢું ફેરવ્યું!

અમદાવાદ

ગુજરાતમાં ખેડૂતો અને પશુપાલકોની કથળતી પરિસ્થિતિ તથા વરસાદની તંગી વચ્ચે રાજ્ય સરકાર સામે એક અત્યંત અનોખો, સણસનાટીભર્યો અને તીખો વિરોધ પ્રદર્શન જોવા મળ્યો છે. આમ આદમી પાર્ટીના પ્રદેશ અગ્રણી અને ફાયરબ્રાન્ડ નેતા ગોપાલ ઈટાલિયાએ ભાજપ સરકારની નિષ્ક્રિયતા અને સંવેદનહીનતા સામે આકરા પ્રહારો કરતા સીધું જ 'ભેંસને આવેદનપત્ર' આપીને વિરોધ નોંધાવ્યો છે.

ઘટનાની વિગતો મુજબ, રાજ્યના અનેક વિસ્તારોમાં સર્જાયેલી દુષ્કાળ જેવી ભયાનક સ્થિતિ અને પાણી-ઘાસચારાની અછતને ધ્યાને રાખીને પ્રશાસન દ્વારા ત્વરિત 'દુષ્કાળ' જાહેર કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી રહી હતી. પરંતુ, વારંવારની રજૂઆતો છતાં સરકારના કાન પર જૂ સુધા રેંગતી ન હોવાથી ગોપાલ ઈટાલિયાએ સરકારની તુલના 'ભેંસ' સાથે કરી હતી.



ગોપાલ ઈટાલિયાએ જાહેરમાં ભેંસની સામે જઈને આવેદનપત્ર વાંચી સંભળાવ્યું અને તેને સુપ્રત કરવાનો પ્રયાસ કર્યો હતો. આ વિરોધ પ્રદર્શન દરમિયાન એક રમુજી પણ ભાજપ સરકાર માટે ભારે શરમજનક દ્રશ્ય સર્જાયું હતું – જેવી રીતે રાજ્ય સરકાર જનતાની વેદના સાંભળવા તૈયાર નથી, ઠીક તેવી જ રીતે આવેદનપત્ર આપતી વખતે ભેંસે પણ પોતાનું મોઢું બીજી તરફ ફેરવી લીધું હતું!

આ અનોખા વિરોધ બાદ ગોપાલ ઈટાલિયાએ પ્રશાસન પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, 'અમે ભેંસ આગળ ભાગવત કરી રહ્યા છીએ. આ સરકાર ભેંસ જેવી જ બહેરી અને સંવેદનહીન થઈ ચૂકી છે. જે રીતે આજે ભેંસે આવેદનપત્ર લેવા માટે મોઢું ફેરવી લીધું, ઠીક એ જ રીતે રાજ્યની સરકાર પણ જગતના તાત અને ખેડૂતોની હાલાકી સામેથી આંખ આડા કાન કરીને મોઢું ફેરવીને બેસી ગઈ છે.'

'પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર' આજે પ્રશાસનને આકરો સવાલ પૂછે છે કે – જ્યારે ખેડૂતોના પાક બળી રહ્યા છે, પશુઓ માટે ઘાસચારો નથી, ત્યારે તંત્ર ક્યાં સુધી આમ 'ભેંસ'ની જેમ અબોલ બનીને તમાશો જોશે? વિરોધ પ્રદર્શનના આ વાયરલ વીડિયોએ સોશિયલ મીડિયા પર અને રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જગાડી છે અને સરકારની નિષ્ક્રિયતા સામે પ્રજાનો આક્રોશ વધુ બુલંદ બન્યો છે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

# આણંદના સોજીત્રા સરકારી હોસ્પિટલમાં ઘોર લાપરવાહી : અકસ્માતના દર્દી આવ્યા છતાં ડોક્ટર તારાપુર જમવા ઉપડી ગયા!

**આણંદ**

આણંદ જિલ્લાના સોજીત્રા તાલુકામાં આવેલી સરકારી હોસ્પિટલમાંથી આરોગ્ય તંત્રની ઘોર બેદરકારી અને લાલિયાવાડીનો અત્યંત શરમજનક કિસ્સો સામે આવ્યો છે. જે હોસ્પિટલ ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓ માટે સંજીવની સમાન ગણાય છે, તે જ સોજીત્રા સરકારી હોસ્પિટલમાં ઈમરજન્સી સમયે જ ડોક્ટર ગાયબ હોવાનો ઘાતક આક્ષેપ થતાં સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી અને જનઆક્રોશ વ્યાપી ગયો છે.

એક રસ્તા અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા દર્દીને ત્વરિત અને જીવનરક્ષક સારવાર મળી રહે તે હેતુથી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સોજીત્રા સરકારી હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યો હતો. દર્દી લોહીલુહાણ હાલતમાં જીવન અને મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો હતો, પરંતુ હોસ્પિટલ પહોંચતા જ પરિજનો અને એમ્બ્યુલન્સ સ્ટાફના હોશ ઊડી ગયા હતા. હોસ્પિટલની ઈમરજન્સી ડ્યુટી પર કોઈ જ ડોક્ટર હાજર ન હતા!

ચોંકાવનારો આક્ષેપ એવો થઈ રહ્યો છે કે, ફરજ પરના ડોક્ટર અતિ ગંભીર સમયમાં દર્દીઓને રામ ભરોસે છોડીને સોજીત્રાથી છેક તારાપુર જમવા માટે ઉપડી ગયા હતા. હોસ્પિટલમાં જવાબદાર ડોક્ટરની ગેરહાજરીના કારણે અકસ્માતના દર્દીને હોસ્પિટલના સ્ટ્રેચર પર ખસેડવાના બદલે એમ્બ્યુલન્સની અંદર જ પ્રાથમિક સારવાર આપવાની નોબત આવી હતી.

# કચ્છના મુન્દ્રામાં ઘરના જ 'ભેદિયા' નીકળ્યા: નિવૃત્ત શિક્ષકના ઘરમાંથી 52 લાખની ચોરી કરનાર સગાં માતા-પુત્ર ઝડપાયા!

**મુન્દ્રા (કચ્છ)**

કચ્છ જિલ્લાના મુન્દ્રા શહેરમાં નિવૃત્ત સંગીત શિક્ષકના બંધ મકાનમાં થયેલી અતિ ચકચારી અને મોટી ઘરફોડ ચોરીનો ભેદ મુન્દ્રા પોલીસે ઉકેલી નાખીને મોટો પર્દાફાશ કર્યો છે. અંદાજે રૂ. 52 લાખની કિંમતની માતબર ચોરીમાં બહારનો કોઈ શાતિર ગુનેગાર કે ગેંગ સામેલ નહોતી, પરંતુ ઘરમાં જ રહેતા સગાં માતા અને પુત્રએ સાથે મળીને આ આખું ચોરીનું તરખટ રચ્યું હોવાનો ચોંકાવનારો ખુલાસો થતાં સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી મચી ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, મુન્દ્રામાં રહેતા નિવૃત્ત સંગીત શિક્ષક શૌકત અલી ખોજાના ઘરમાંથી રૂ. 52 લાખની કિંમતી મત્તા અને રોકડની ચોરી થતાં તેમણે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને મુન્દ્રા પોલીસે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી હતી. પોલીસની તીક્ષ્ણ તપાસ અને ઘરમાં રહેલા સભ્યોની પૂછપરછ દરમિયાન શંકાની સોય ઘરના જ સભ્યો તરફ ગઈ હતી. પોલીસે આકરી અને ઘાતક પૂછપરછ શરૂ કરતાં જ ઘરના મોભીના પોતાના જ સગાં માતા-પુત્ર ભાંગી પડ્યા હતા અને ચોરીનો ગુનો કબૂલી લીધો હતો.

# અંકલેશ્વરમાં બે યુવાનોના શંકાસ્પદ મોતથી ખળભળાટ, પેઈનકિલર ઇન્જેક્શન લીધાની આશંકા; એક સારવાર હેઠળ

**અંકલેશ્વર**

અંકલેશ્વરના સારંગપુર અને GIDC વિસ્તારમાં લાકડાના ડેનસામાં કામ કરતા બે યુવાનોના શંકાસ્પદ મોતથી ખળભળાટ મચી ગયો છે. 24 વર્ષીય ફરમાન અલી અને 25 વર્ષીય રાહુલ સિંઘના મોત પાછળ પેઈનકિલર ઈન્જેક્શન લીધા બાદ ઓવરડોઝની આશંકા વ્યક્ત થઈ રહી છે. બનાવમાં અભિષેક નામનો અન્ય એક યુવાન પણ ગંભીર હાલતમાં ગડખોલ CHCમાં સારવાર હેઠળ છે. જોકે, મોતનું ચોક્કસ કારણ હજુ સ્પષ્ટ થયું નથી અને પોલીસે પેઈનકિલર કે ડ્રગ્સના ઓવરડોઝની સત્તાવાર પુષ્ટિ કરી નથી. બંને યુવાનોના પોસ્ટમોર્ટમ દરમિયાન પ્રથમ દૃષ્ટિએ કાર્ડિયાક અરેસ્ટથી મોત થયાનું જણાયું હોવાનું અંકલેશ્વર DySP ડો. કુશલ ઓઝાએ જણાવ્યું છે. પોસ્ટમોર્ટમ બાદ બંનેના વિસેરા લેવામાં આવ્યા છે, જેને તપાસ માટે મોકલવામાં આવશે. વિસેરા અને મેડિકલ રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું ચોક્કસ કારણ સ્પષ્ટ થશે. પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# આલીના આશિયાના કોમ્પ્લેક્ષમાં ત્રીજા માળની ગેલેરીનો ભાગ તૂટી પડ્યો, બે રિક્ષાને નુકસાન

**ભરૂચ**

ભરૂચ શહેરના આલી વિસ્તારમાં સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ સામે આવેલા આશિયાના કોમ્પ્લેક્ષમાં ગતરોજ ત્રીજા માળની એક બાજુની ગેલેરીનો ભાગ અચાનક તૂટી પડતાં દોડધામ મચી ગઈ હતી. ગેલેરીનો કાટમાળ નીચે પડતાં આસપાસના લોકોમાં ગભરાટ ફેલાયો હતો. ગેલેરીનો ભાગ તૂટી પડતાં નીચે પાર્ક કરાયેલી બે રિક્ષાઓ કાટમાળની અડફેટે આવી હતી અને નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. બનાવને પગલે સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સદનસીબે ગેલેરીનો કાટમાળ પડ્યો ત્યારે નીચે કોઈ વ્યક્તિ હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. ગેલેરી કયા કારણોસર તૂટી પડી અને બિલ્ડિંગના અન્ય ભાગને કોઈ નુકસાન થયું છે કે કેમ તે અંગે તપાસ હાથ ધરવામાં આવશે.

# અંકલેશ્વર GIDCમાં કોવેસ્ટ્રો કંપની નજીક કન્ટેનર પલટી, DPને અડકતાં દોડધામ

**અંકલેશ્વર**

અંકલેશ્વર GIDC વિસ્તારમાં કોવેસ્ટ્રો કંપની નજીક એક કન્ટેનર અચાનક પલટી જતાં સ્થળ પર દોડધામ મચી ગઈ હતી. ડ્રાઈવરે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતાં કન્ટેનર પલટી ગયું હોવાનું પ્રાથમિક રીતે માનવામાં આવી રહ્યું છે. પલટી ગયેલું કન્ટેનર વીજ કંપનીના DPને અડીને પડ્યું હતું. બે ક્રેનની મદદથી પલટી ગયેલા કન્ટેનરને રસ્તા પરથી હટાવવાની કામગીરી હાથ ધરાઈ હતી.

## વાઈબ્રન્ટ સમિટ અને વૈશ્વિક ઈવેન્ટને ધ્યાનમાં રાખી CMની જાહેરાત

# અમદાવાદ IKDRCમાં મસમોટું ભરતી અને નાણાકીય કૌભાંડ: CM અને કાયદાના આદેશોની ખુલ્લેઆમ ચોરી!

## નિયામક ડૉ. પ્રાંજલ મોદીની મનમાની: CM ની પૂર્વ મંજૂરી વગર નિવૃત્તોને લાખોના પગારે રાખ્યા, 40 નવયુવાનોને બેરોજગાર કર્યા!

**અમદાવાદ, [પવન માકન (ગ્રુપ એડિટર)}]**

અમદાવાદ સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં આવેલી વિશ્વપ્રસિદ્ધ 'ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર' (IKDRC) અત્યારે તબીબી સેવાઓ માટે નહીં, પરંતુ ભ્રષ્ટાચાર અને કૌભાંડોના અખાડા તરીકે ચર્ચામાં આવી છે. સંસ્થાના નિયામક (Director) ડૉ. પ્રાંજલ મોદીની મનમાની અને ગેરકાયદેસર કારસ્તાનોનો ચોંકાવનારો ખુલાસો થયો છે. સરકારના નાણાં વિભાગના પરિપત્રો, જીઆર (GR) અને સુપ્રીમ કોર્ટ/કેગ (CAG) ના નિયમોને નેવે મૂકીને નિયામકે કરોડો રૂપિયાનું નાણાકીય નુકસાન પહોંચાડ્યું હોવાનો સનસનાટીભર્યો પર્દાફાશ થયો છે.

### CM ની પૂર્વ મંજૂરી વગર નિવૃત્તોની ગેરકાયદેસર ગોઠવણ

ગુજરાત સરકારના નાણાં વિભાગના પરિપત્ર (જનવ/૧૦/૨૦૧૭/૨૭૭૯૭૩/અ તા. ૨૮/૦૧/૨૦૨૨) મુજબ, કોઈ પણ વયનિવૃત્ત અધિકારી કે કર્મચારીને કરાર આધારિત પુનઃનિયુક્તિ આપવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીની પૂર્વ સ્વીકૃતિ મેળવવી ફરજિયાત છે. આ ઉપરાંત મહત્તમ ઉંમર મર્યાદા ૬૨ વર્ષ નક્કી કરાઈ છે.

પરંતુ ડૉ. પ્રાંજલ મોદીએ મુખ્યમંત્રીશ્રી કે નાણાં વિભાગની કોઈ જ મંજૂરી લીધા વિના ૬૫ થી ૭૨ વર્ષની વયના ૧૧ થી ૧૨ જેટલા વયનિવૃત્ત અધિકારીઓને ગેરકાયદેસર રીતે નોકરી પર રાખી લીધા છે.

### 'પે-માઈનસ-પેન્શન' નીતિની ખુલ્લી અવહેલના: લાખોનું અંધાધૂંધ ચુકવણું

સરકારી નીતિ મુજબ, નિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂક મેળવનાર કર્મચારીના વેતનમાં પેન્શનની રકમ બાદ કરવાની હોય છે અને સરકારી સીલિંગ (મહત્તમ ૭૫,૦૦૦ થી ૮૦,૦૦૦) થી વધુ વેતન આપી શકાય નહીં.

IKDRC માં આ નીતિનો ચોંકાવનારો ભંગ થયો છે. આ નિવૃત્ત અધિકારીઓ સરકારમાંથી ૧૦૦% પેન્શન તો મેળવે જ છે, સાથોસાથ IKDRC માંથી પણ કોઈ પણ કાપ વિના ૬૦,૦૦૦ થી લઈને ૨,૩૦,૦૦૦ પ્રતિ માસ સુધીનો પૂરેપૂરો મસમોટો પગાર ચૂકવવામાં આવી રહ્યો છે. આ સરકારી તિજોરી પર ખુલ્લો ડાકો છે.




### કાયદાથી વિરુદ્ધ વહીવટી હોદ્દાઓ પધરાવાયા!

સામાન્ય વહીવટી વિભાગના ૧૭/૦૫/૨૦૧૮ ના ઠરાવ મુજબ, નિવૃત્ત કર્મચારીઓનો ઉપયોગ માત્ર શૈક્ષણિક કે ક્લિનિકલ કાર્યો માટે જ થઈ શકે. તેમને વહીવટી, નાણાકીય કે ખરીદી (Purchase) પ્રક્રિયાના પદો પર રાખી શકાય નહીં. છતાં, CAG ઑડિટમાં સામે આવ્યું છે કે નિયમોની વિરુદ્ધ જઈને નિવૃત્ત કર્મચારીઓને OSD, વહીવટી અધિકારી અને નિયામકના પીએ (PA to Director) જેવા મહત્વના વહીવટી પદો પર બેસાડી દેવાયા છે!

### સ્વભંડોળના નામે ખોટો બચાવ: CAG એ ધૂળ ચાટતો કર્યો!

નિયામક ડૉ. પ્રાંજલ મોદીએ એવો લુલો બચાવ કર્યો હતો કે આ પગાર સરકારી ગ્રાન્ટમાંથી નહીં પરંતુ સંસ્થાના 'સ્વભંડોળ' (Own Funds) માંથી અપાય છે.

કેગ (CAG) ઑડિટે આ દલીલ સદંતર ફગાવી દીધી છે. IKDRC ૧૦૦% સરકારી ગ્રાન્ટ નિર્ભર સંસ્થા હોવાથી તે સ્વભંડોળના બહાને નાણાકીય અનિયમિતતા કરી શકે નહીં. PMJAY (આયુષ્માન ભારત) યોજના હેઠળ ગેરકાયદેસર ઈન્સેન્ટિવ વહેંચવા એ મોટું નાણાકીય કૌભાંડ છે.

### નવયુવાનો બેરોજગાર, અને 297ની 'બેકડોર એન્ટ્રી' (બારોબાર ભરતી)

એક તરફ ૬૫ થી ૭૨ વર્ષના નિવૃત્તોને મસમોટા પગારે જાળવી રાખ્યા છે, તો બીજી તરફ ૫ વર્ષનો ફિક્સ પે ગાળો પૂર્ણ કરનાર આશરે ૪૦ જેટલા સ્થાનિક નવયુવાનોને કોઈ પણ નોટિસ વગર નોકરીમાંથી કાઢી મૂકાયા છે. એટલું જ નહીં, RTI અને કેગ રિપોર્ટ મુજબ સંસ્થામાં ૨૯૭ જેટલા કર્મચારીઓની ભરતી કોઈ પણ જાહેર ખબર કે સ્પર્ધાત્મક પરીક્ષા વિના બારોબાર 'ગોઠવણ' (Backdoor Entry) થી કરી દેવામાં આવી છે!

### અરજદાર રજનીકાંત મકવાણાની આરપારની લડત: CMO ના આદેશ છતાં મામલો દબાવવાનો પ્રયાસ!

અરજદાર શ્રી રજનીકાંત મકવાણાએ મુખ્યમંત્રી કાર્યાલય (CMO) માં ફરિયાદ (GOVGJ/E/2025/0002128) કરતાં અધિક કલેક્ટરે (પત્ર: મુમક/Reg/2025/18957) આરોગ્ય વિભાગને કાર્યવાહી કરવા આદેશ આપ્યો હતો. પરંતુ ડૉ. પ્રાંજલ મોદીએ ચતુરાઈભર્યા જવાબો આપીને મામલો ક્લોઝ કરાવી દીધો હતો. અરજદારે હવે અધિક નિયામક (તબીબી શિક્ષણ, ગાંધીનગર) સમક્ષ તમામ પુરાવાઓ રજૂ કરીને ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિ નીમવા અને નિયામક ડૉ. પ્રાંજલ મોદી વિરુદ્ધ શિસ્તભંગ તથા કાયદાકીય કડક કાર્યવાહી કરવા મજબૂત માંગ કરી છે.

### ગેરકાયદેસર રીતે કાર્યરત 11 વયનિવૃત્ત કર્મચારીઓની સત્તાવાર યાદી

1. ડૉ. દિનેશ નિર્મળદાસ ગેરા - પ્રોફેસર | માસિક પગાર: ૨,૩૦,૦૦૦/- | નિમણૂક: ૦૧.૧૧.૨૦૧૯
2. ડૉ. ગીતા પી. પરીખ - પ્રોફેસર | માસિક પગાર: ૨,૩૦,૦૦૦/- | નિમણૂક: ૦૧.૧૧.૨૦૨૨
3. ડૉ. વિરેન એમ. ત્રિવેદી - OSD (વહીવટી પદ) | માસિક પગાર: ૭૫,૦૦૦/- | નિમણૂક: ૨૪.૦૧.૨૦૨૪ (CAG રિપોર્ટ મુજબ અગાઉ ખોટી રીતે મેળવેલા ૯.૪૦ લાખના એલાઉન્સની વસૂલાત કરવાને બદલે પુનઃ હોદ્દો અપાયો!)
4. વર્ષા બી. ત્રિવેદી - સિનિયર રિસર્ચ ઓફિસર | માસિક પગાર: ૭૫,૦૦૦/- | નિમણૂક: ૦૬.૧૦.૨૦૨૪
5. જિતેન્દ્ર કુમાર નરસિંહરામ સુથાર - એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર (વહીવટી પદ) | માસિક પગાર: ૮૦,૦૦૦/- | નિમણૂક: ૦૧.૧૧.૨૦૧૮
6. કેતન તેજપાલ પરીખ - આસિસ્ટન્ટ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર | માસિક પગાર: ૫૦,૦૦૦/- | નિમણૂક: ૦૭.૧૦.૨૦૨૧
7. રમણભાઈ પી. રાઠોડ - આસિસ્ટન્ટ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર | માસિક પગાર: ૬૦,૦૦૦/- | નિમણૂક: ૧૩.૦૨.૨૦૧૯
8. જયંતિલાલ છગનભાઈ પટેલ - આસિસ્ટન્ટ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર | માસિક પગાર: ૩૮,૫૦૦/- | નિમણૂક: ૨૦.૦૬.૨૦૨૨
9. વંદના ગોવર્ધનભાઈ પટેલ - આસિસ્ટન્ટ હેડ નર્સ | માસિક પગાર: ૨૫,૦૦૦/- | નિમણૂક: ૧૩.૦૨.૨૦૨૫
10. નલિની નટવરલાલ પટેલ - PA to Director (વહીવટી કાર્ય) | માસિક પગાર: ૩૫,૦૦૦/- | નિમણૂક: ૦૧.૦૭.૨૦૨૦
11. જ્યોત્સના બાબુલાલ સુથાર - બુક કીપર | માસિક પગાર: ૩૫,૦૦૦/- | નિમણૂક: ૦૫.૦૪.૨૦૨૫

**'પાક્કો ગુજરાત' નો સીધો સવાલ |** નાણાં વિભાગના પરિપત્રની શરત નંબર-2 મુજબ આવી ગેરકાયદે નિમણૂકોનો તાત્કાલિક અંત લાવવાનો અને નિમણૂક કરનાર અધિકારી સામે કડક શિસ્તભંગના પગલાં લેવાનો આદેશ છે, તો પછી નિયામક સામે પગલાં લેવામાં સરકાર કોની રાહ જોઈ રહી છે?

# આંકલાવના નવાખલ ગામના સરપંચ સામે દુષ્કર્મ અને જાનથી મારી નાખવાની ધમકીની ગંભીર ફરિયાદ

## આંકલાવ પોલીસે ગણતરીના કલાકોમાં ફાર્મહાઉસમાંથી ઝડપી પાડ્યો

**આણંદ**

પ્રજાના પ્રતિનિધિ અને ગ્રામ પંચાયતના જવાબદાર પદ પર બેઠેલા જનપ્રતિનિધિ જ જ્યારે ભક્ષક બને ત્યારે સમાજનો વિશ્વાસ ડગમગી જતો હોય છે. આણંદ જિલ્લાના આંકલાવ તાલુકામાં આવેલા નવાખલ ગામમાંથી એક અત્યંત ચોંકાવનારી અને શરમજનક ઘટના સામે આવી છે. નવાખલ ગામના સરપંચ દિલીપભાઈ ઉર્ફે દીપો સોલંકી સામે એક પરિણીત મહિલા સાથે અવારનવાર દુષ્કર્મ આચરવા તેમજ મોઢું ખોલશે તો જાનથી મારી નાખવાની સનસનાટીભરી ધમકી આપ્યાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. આ ઘટનાને પગલે સમગ્ર આંકલાવ તાલુકા સહિત આણંદ જિલ્લાના રાજકારણમાં ભારે ખળભળાટ મચી ગયો છે. મળેલી વિગતો અનુસાર, આરોપી સરપંચ દિલીપ સોલંકી પીડિત મહિલાના પતિનો અંગત મિત્ર હતો. મિત્રતાના નાતે આરોપીનું મહિલાના ઘરે અવારનવાર આવવા-જવાનું રહેતું હતું. સરપંચ તરીકેની છાપ અને કૌટુંબિક મદદ કરવાના બહાને આરોપીએ ધીમે-ધીમે પરિવાર



અને મહિલાનો સંપૂર્ણ વિશ્વાસ જીતી લીધો હતો. પરંતુ આ વિશ્વાસ પાછળ આરોપીની દાનત પહેલેથી જ બગડેલી હતી. ગૃહસ્થ જીવનમાં મદદ કરવાના બહાને સરપંચે મહિલાને પોતાની જાળમાં ફસાવવાનું ષડયંત્ર રચ્યું હતું. ઘટનાની વિગતવાર માહિતી મુજબ, ગત ૧૯ ઓગસ્ટના રોજ રાત્રિના સમયે આરોપી સરપંચે મહિલાને તેના પતિ અંગે કોઈ મહત્વની વાત કરવી છે તેમ કહીને ગામના જ એક ખેતરમાં બોલાવી હતી. પતિની ચિંતામાં મહિલા ત્યાં પહોંચતા જ સરપંચે પોતાનું અસલી રૂપ બતાવ્યું હતું અને મહિલા સાથે બળજબરી કરી દુષ્કર્મ આચર્યું હતું. આ ઘટના બાદ મહિલા આઘાતમાં સરી પડી હતી, પરંતુ સરપંચે 'કોઈને પણ કહીશ તો તારા પતિ અને તને જાનથી મારી નાખીશ' તેવી ધમકી આપતા પીડિતા ચૂપ રહી હતી. પ્રથમ ઘટના બાદ આરોપી સરપંચનો હોંસલો વધી ગયો હતો. ફરિયાદમાં જણાવ્યા મુજબ, ૩ સપ્ટેમ્બરના રોજ આરોપીએ આસોદર ચોકડી પાસે મહિલાને ઘેરી લીધી હતી અને ધમકી આપી હતી કે 'જો તું મારી સાથે નહીં આવે તો હું તારા પતિને બધી વાત કહી દઈશ અને તમારા પરિવારને બરબાદ કરી દઈશ.'

## ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે

# જો AAPનું બોર્ડ બનશે, તો જનસેવા માટે એક 'ગેરંટી પત્ર' લોંચ કરવામાં આવશે : વિક્રમ દવે AAP

**ગાંધીનગર**

આમ આદમી પાર્ટી ગુજરાત પ્રદેશ સંગઠન મંત્રી વિક્રમ દવેએ જણાવ્યું હતું કે, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે જો આમ આદમી પાર્ટીની બોડી (બોર્ડ) બનશે, તો ગાંધીનગરના જનસેવા માટે એક 'ગેરંટી પત્ર' લોંચ કરવામાં આવશે. તેમણે જણાવ્યું કે ગાંધીનગર જે એક સમયે સુખી અને 'ગ્રીન કેપિટલ' હતું, તેની સ્થિતિ હાલ બિસમાર થઈ ગઈ છે. ગ્રામીણ વિસ્તારોમાં ખેડૂતો અને લોકોને વિશ્વાસમાં લીધા વિના ટી.પી. સ્કીમો અને ખરાબ કન્સ્ટ્રક્શન લાદવામાં આવ્યું છે. આ પરિસ્થિતિ બદલવા આપની બોડી બને તે જરૂરી છે. અમારો સંકલ્પ છે કે દરેક સરકારી શાળાનું નવીનીકરણ કરી તેને આધુનિક સુવિધાઓ સાથે અંગ્રેજી માધ્યમની શાળા બનાવવી. સ્વાસ્થ્ય ક્ષેત્રે દિલ્હી મોડલ પર મહાનગરપાલિકા




દ્વારા ક્લિનિકો શરૂ કરવામાં આવશે; જેમાં લોહી-પેશાબની તપાસ, સિટી સ્કેન, એક્સ-રે અને દવાઓ સંપૂર્ણપણે મફત રહેશે. સિનિયર સિટિઝન માટે ઘરે આવીને હેલ્થ ચેકઅપ કરવાની વ્યવસ્થા કરાશે. પાણી અને ડ્રેનેજ સિસ્ટમનું તાત્કાલિક ઈમરજન્સી ઓડિટ કરી સમયબદ્ધ નવી લાઈનો નખાશે. દરેક ઘરે શુદ્ધ પીવાનું પાણી મફત અપાશે અને તેના પર કોઈ કર (ટેક્સ) નહીં હોય, સાથે જ શહેરમાં ઠેર-ઠેર વોટર એટીએમ (Water ATM) ઊભા કરાશે. જન્મ-મરણ અને મેરેજ સર્ટિફિકેટ જેવા દાખલાઓની હોમ ડિલિવરી થશે. રોજગાર ક્ષેત્રે સ્થાનિક કક્ષાએ ટ્રેનિંગ અપાશે, કોર્પોરેશનની અટકેલી ભરતીઓ તાત્કાલિક પૂર્ણ કરાશે અને ગાંધીનગરના લોકલ યુવાનોને ગાંધીનગરમાં જ રિઝર્વેશન તથા પ્રાથમિકતા અપાશે. ટેક્સ અને નાગરિક રાહતમાં પ્રોપર્ટી ટેક્સમાં ૫૦% ની સીધી રાહત અપાશે તથા ભ્રષ્ટાચારમુક્ત 'સિંગલ વિન્ડો બિલ્ડિંગ પરમિશન' સિસ્ટમ લાગુ કરાશે. પરિવહન માટે દરેક સેક્ટરમાં એસી (AC) સિટી બસો ચલાવાશે; જેમાં મહિલાઓ, વિદ્યાર્થીઓ અને સિનિયર સિટિઝન્સ માટે મફત ટિકિટ રહેશે. મહિલા અને બાળ સુરક્ષા માટે સમગ્ર ગાંધીનગરમાં ૧૦૦% સીસીટીવી (CCTV) કવરેજ અને સ્ટ્રીટ લાઈટો દ્વારા 'ઝીરો ડાર્ક સ્પોટ' બનાવવામાં આવશે.



શ્રી લાભેશ્વર યુવક મંડળ શેષનારાયણ ટેકરા ચાણોદ 38 માં ગણેશ મહોત્સવ



ધનેશ્વર યુવક મંડળ ત્રવાડીટેકરા ચાણોદ



મુખ્ય બજાર ચાર રસ્તા યુવક મંડળ, ચાણોદ



મલ્હારરાવ ઘાટ યુવક મંડળ, ચાણોદ

પાક્કો ગુજરાત
સોમવાર | 21 સપ્ટેમ્બર 2026 | અમદાવાદ

### પ્રશાસન અને બિલ્ડરોની ઘોર બેદરકારી સામે 'પાક્કો ગુજરાત'નો આકરો પ્રહાર

# વિકાસની ઈમારતો નીચે દબાતો શ્રમિકોનો શ્વાસ: 5 વર્ષમાં 555 શ્રમિકોના મોત

સુરક્ષાના નામે માત્ર 50 કે 100 રૂપિયાનું પ્લાસ્ટિકનું હેલ્મેટ આપી દઈને બિલ્ડરો અને કોન્ટ્રાક્ટરો પોતાની જવાબદારીમાંથી છટકબારી શોધી લે છે!!



અમદાવાદ

વિકાસના મોટા મોટા દાવો અને ઝાકઝમાળ ભરેલી ઈમારતો પાછળની એક ભયાનક અને કડવી વાસ્તવિકતા આજે સામે આવી છે. રેસિડેન્શિયલ અને કોમર્શિયલ સ્કીમોને આડેધડ મંજૂરીઓ આપી દેવામાં આવે છે, પરંતુ જેના પરસેવા અને લોહીથી આ મોટી ઈમારતો ઉભી થાય છે તે શ્રમિકોની સુરક્ષા સામે તંત્રએ આંખ આડા કાન કર્યા છે. છેલ્લા 5 વર્ષમાં માત્ર સેફ્ટીના અભાવે અને તંત્રના દુર્લક્ષને કારણે 555 જેટલા નિર્દોષ શ્રમિકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. શું ભારતમાં શ્રમિક હોવું એ સૌથી મોટો અપરાધ છે? 'પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર' આજે પ્રશાસન, બિલ્ડરો અને કોન્ટ્રાક્ટરોના આ શોષણ સામે સીધો અને ઘાતક સવાલ ઊભો કરે છે. સુરક્ષાના નામે માત્ર 50 કે 100 રૂપિયાનું પ્લાસ્ટિકનું હેલ્મેટ આપી દઈને બિલ્ડરો અને કોન્ટ્રાક્ટરો પોતાની જવાબદારીમાંથી છટકબારી શોધી લે છે. ત્યારબાદ ઊંચી પાલખો પર કે ઊંડા અને ભયજનક ખોદાણ વચ્ચે શ્રમિકોને કામ કરવા મજબૂર કરવામાં આવે છે. પરિવારનું પેટ ભરવાની અને ઘર ચલાવવાની એવી લાચારી હોય છે કે કોઈ શ્રમિક કામ કરવાની ના પણ પાડી શકતો નથી. મરજીવાની જેમ સોંપેલું કામ કોઈપણ ભોગે પૂરું કરવાની તેમની મજબૂરી બની જાય છે. ક્યારેક ઊંડા ખાડાની માટી ધસી જતાં શ્રમિકો જીવતેજીવ દટાઈ જાય છે, ક્યારેક તૂટેલી પાલખ પરથી નીચે પટકાય છે, ક્યારેક ભારે મશીનરીમાં ફસાઈ જાય છે તો ક્યારેક હાઈ-વોલ્ટેજ શોર્ટ સર્કિટનો ભોગ બને છે. બીજા લોકોને સુરક્ષિત અને આલીશાન છત આપનારા આ શ્રમિકો દિવસના રૂ. 500 કે 700ની દહાડી મેળવીને ખુશ રહેવાનો પ્રયાસ કરે છે. આખો દિવસ કાળી મજૂરી કર્યા બાદ શરીરના તૂટેલા અંગોનો દુખાવો ભૂલવા દારૂની પોટલીનો સહારો લેવો પડે છે, બાળકો માટે થોડા પડીકાં લઈને ભાડાની ઓરડીમાં રાખેલી તૂટેલી ખાટલીમાં પડી રહેવું પડે છે. રાત્રે મચ્છરોના ગણગણાટ વચ્ચે 'કેટલો ઉપાડ ચઢ્યો છે અને હજુ કેટલો લેવો પડશે' એની ચિંતા કરતા કરતા ઊંઘી જવું અને ચૂંટણી આવે ત્યારે મફત બસ કે ટ્રેનની મુસાફરીને લક્ઝરી સમજી લેવી–આ જ તેમની વરવી વાસ્તવિકતા છે.

### રાજકોટ મહાનગરપાલિકાની બેધારી નીતિ પર વિવાદ

## નાના લારીધારકો પર મનપાનો દંડાપછાડ, પણ મનપાની જગ્યાઓ પર વેચાતા દેશી દારૂ સામે તંત્ર મૌન

રાજકોટ

રંગીલા રાજકોટમાં રાજકોટ મહાનગરપાલિકા (RMC) ની કામગીરી અને તેની નીતિઓ સામે ગંભીર સવાલો ઊભા થયા છે. એક તરફ મનપાના દબાણ હટાવ શાખાના અધિકારીઓ અને કર્મચારીઓ પોતાના રોજીરોટી કમાતા નાના ગરીબ લારી-ગલ્લા ધારકો પર કડક કાર્યવાહી કરી દંડા ફટકારી રહ્યા છે, તો બીજી તરફ મનપાની ખુલ્લી જગ્યાઓ પર જ ખુલ્લેઆમ દેશી દારૂની પોટલીઓનું વેચાણ થઈ રહ્યું હોવાના આક્ષેપો સામે આવ્યા છે. તંત્રના આ બેવડા વલણને લઈને સ્થાનિકો અને વિપક્ષમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિક સ્તરે ઊઠેલા અવાજ અને વિપક્ષી નેતાઓ દ્વારા કરવામાં આવેલા પ્રહારો મુજબ, મહાનગરપાલિકાનું દબાણ ખાતું માત્ર ગરીબ અને મધ્યમ વર્ગના લારીધારકો સામે જ પોતાની શૂરવીરતા બતાવી રહ્યું છે.

પોતાની રોજગારી રળી ખાતા નાના ધંધાદારીઓનો સામાન જપ્ત કરી લેવો કે તેમની પર લાકડીઓ ઉગામવી એ મનપાના અધિકારીઓ માટે રોજના નાટક જેવું બની ગયું છે. આ જ મનપાના પ્લોટો અને સરકારી જગ્યાઓ પર દેશી દારૂનું દૂષણ ફેલાઈ રહ્યું છે ત્યારે પોતાની જાતને 'સિંઘમ' ગણાવતા અધિકારીઓની નજર આ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર કેમ નથી પડતી? શું આ માત્ર બેદરકારી છે કે પછી કોઈ મોટી રહેમનજર હેઠળ આ ખેલ ચાલી રહ્યો છે?

### પ્રશાસનને સીધો સવાલ: હજુ કેટલા પુરાવા જોઈએ?

## નડિયાદ એસ.ટી. બસ સ્ટેન્ડની બિનહાલ સ્થિતિ સામે 'પાક્કો ગુજરાત'નો ઘાતક પર્દાફાશ

નડિયાદ

ખેડા જિલ્લાના મુખ્ય મથક એવા નડિયાદ શહેરના મધ્યમાં આવેલા મુખ્ય એસ.ટી. બસ સ્ટેન્ડની વરવી અને બદતર હાલત જોઈને પ્રશાસનની ઘોર નિષ્ક્રિયતા સામે પ્રજામાં ભારે રોષ વ્યાપી ગયો છે. રોજબરોજ હજારો મુસાફરોની અવરજવરથી ધમધમતા આ બસ સ્ટેન્ડની સ્થિતિ એટલી હદે બિસ્માર બની ગઈ છે કે તે જોઈને કોઈપણ નાગરિકનું ખૂન ઉકળી ઊઠે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર' આજે સમગ્ર પ્રશાસનને સીધો અને આકરો સવાલ પૂછે છે કે – પ્રજાની આ યાતનાઓનો અંત લાવવા માટે તંત્રને હજુ કેટલા પુરાવા જોઈએ છે? સ્થાનિક નાગરિકો અને મુસાફરો દ્વારા કોઈ એક-બે વાર નહીં, પરંતુ પાંચ-પાંચ વખત લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં, કુંભકર્ણની નિંદ્રામાં સોયેલા એસ.ટી. તંત્રના પેટનું પાણી સુદ્ધાં હલતું નથી. બસ સ્ટેન્ડની ગંદકી, તૂટેલા શેડ, સુવિધાઓનો અભાવ અને ચોમાસા કે ગરમીમાં મુસાફરોની થતી ઘોર હાલાકીનો વીડિયો સ્પષ્ટપણે સામે આવી ચૂક્યો છે. તમામ પુરાવાઓ આંખ સામે હોવા છતાં જવાબદાર



અધિકારીઓ કેમ અંધારામાં તીર ચલાવી રહ્યા છે અને આંખ આડા કાન કરી રહ્યા છે તે મોટો પ્રશ્ન છે. આ કોઈ રાજકીય મુદ્દો કે પક્ષપાતનો વિષય નથી. આ મુદ્દો નડિયાદના અસ્તિત્વ, તેની ઐતિહાસિક પ્રતિષ્ઠા અને રોજબરોજ મુસાફરી કરતા હજારો નિર્દોષ નાગરિકોના મૂળભૂત હક્કો અને સુવિધાનો છે. જો જિલ્લાના મુખ્ય મથક જેવા મહત્વના બસ સ્ટેન્ડની આવી દયનીય અને શરમજનક હાલત હોય, તો આ માત્ર સામાન્ય અસુવિધા નથી પરંતુ આપણી સમગ્ર વહીવટી વ્યવસ્થા અને અધિકારીઓની કામગીરી સામે ઊભો થતો મોટો ગંભીર સવાલ છે.

## વડતાલ : 'સત્ય સિદ્ધાંત સમિતિ'ના બેનર હેઠળ વલેટવામાં 200થી વધુ અગ્રણીઓની ગુપ્ત બેઠક

વડતાલ

સ્વામિનારાયણ સંપ્રદાયના મુખ્ય ધામ ગણાતા વડતાલ પીઠમાં ફરી એકવાર આંતરિક જૂથબંધી અને ભારે અસંતોષનો વિસ્ફોટ થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. સંપ્રદાયને તેના મૂળ સિદ્ધાંતો તરફ પાછા લાવવાના દાવ સાથે 'સત્ય સિદ્ધાંત સમિતિ'ના નેજા હેઠળ કોર કમિટીના સભ્યોની એક અત્યંત મહત્વપૂર્ણ અને ચર્ચાસ્પદ બેઠક વડતાલ નજીક આવેલા વલેટવા ગામે યોજાઈ હતી. આ બેઠક બાદ વડતાલના રાજકીય અને ધાર્મિક વર્તુળોમાં ભારે સનસનાટી મચી ગઈ છે. મળતી વિગતો અનુસાર, આ બેઠકમાં ગુજરાતના જુદા જુદા જિલ્લાઓમાંથી ૨૦૦થી વધુ પ્રભાવશાળી હરિભક્તો, આગેવાનો અને નિષ્ઠાવાન સભ્યો હાજર રહ્યા હતા. વલેટવા ગામે યોજાયેલી આ મહત્ત્વપૂર્ણ સભામાં વડતાલ ગાદી અને વર્તમાન વહીવટદારોની કાર્યશૈલી સામે ખુલ્લેઆમ અવાજ ઉઠાવવામાં આવ્યો હતો. બેઠકમાં હાજર રહેલા હરિભક્ત આગેવાનોએ અત્યંત આકરા અને તીખા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, 'વડતાલ સંપ્રદાય જે પવિત્ર મર્યાદા, સિદ્ધાંતો અને નિયમો પર સ્થાપિત થયો હતો, વર્તમાન સમયમાં તંત્ર અને સત્તાધીશોના અહંકાર તથા વહીવટી મનમાનીના કારણે સંપ્રદાય પોતાના મૂળ સિદ્ધાંતોથી દૂર ફેંકાઈ રહ્યો છે.

## મોરબીમાં ગરીબ શાકભાજી વિક્રેતા મહિલા પાસેથી ઉઘરાણું કરનાર મનપા કર્મચારી ઘરભેગો

'હું કાનાભાઈને કહી દઈશ' શબ્દો સાંભળતા જ મંત્રી કાનૂભાઈ દેસાઈ પોતે સ્થળ પર દોડી ગયા

મોરબી

મોરબી શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓની દાદાગીરી અને રોડ પર લીલું શાકભાજી વેચીને પેટિયું રળતા નાના ધંધાર્થીઓ પાસે થતા ગેરકાયદેસર ઉઘરાણા સામે એક ચોંકાવનારો અને સપાટો બોલાવતો કિસ્સો સામે આવ્યો છે. નાના વેપારીઓને હેરાન-પરેશાન કરતા અને શાસનનો દુરુપયોગ કરતા એક ભ્રષ્ટ કર્મચારીને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ (ઘરભેગો) કરવાનો કડક આદેશ મંત્રી દ્વારા મ્યુનિસિપલ કમિશનરને આપી દેવામાં આવ્યો છે.

ઘટનાની વિગત એવી છે કે, મોરબીના રસ્તા પર શાકભાજી વેચીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતી એક શ્રમજીવી મહિલા પાસેથી



મનપાનો કર્મચારી ગેરકાયદેસર રીતે પૈસાનું ઉઘરાણું કરી રહ્યો હતો. કર્મચારીની દાદાગીરી અને વારંવારની હેરાનગતિથી કંટાળેલી મહિલાએ પોતાની હિંમત બતાવીને તે કર્મચારીના મોં પર જ સાફ શબ્દોમાં કહ્યું હતું કે, 'હું કાનૂભાઈને (મંત્રી કાનૂભાઈ દેસાઈને) કહી દઈશ!'

મહિલાની આ આક્રોશભરી વાતચીતનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો અને જોતજોતામાં રાજ્યના મંત્રી કાનૂભાઈ દેસાઈ સુધી પહોંચી ગયો હતો. પોતાનું નામ સાંભળીને અને એક ગરીબ મહિલાની અસહાયતા તથા હિંમત જોઈને મંત્રી કાનૂભાઈ દેસાઈ જરાય વિલંબ કર્યા વગર પોતે જાતે જ સ્થળ પર તે શાકભાજી વેચતી મહિલાને મળવા પહોંચી ગયા હતા.

મંત્રીને પોતાની સામે જોઈને મહિલા ભાવુક થઈ ગઈ હતી. મંત્રીએ ખુદ મહિલાની આપવીતી સાંભળી હતી અને સમગ્ર ઘટનાની ગંભીરતા સમજીને તુરંત જ મ્યુનિસિપલ કમિશનર સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી. મંત્રીએ કમિશનરને સ્પષ્ટ અને કડક શબ્દોમાં સૂચના આપી હતી કે, 'નાના અને ગરીબ ધંધાર્થીઓ પાસેથી ગેરકાયદેસર ઉઘરાણા કરનાર અને દાદાગીરી કરતા કર્મચારીને તાત્કાલિક અસરથી ઘરભેગો કરી દો, આવા ભ્રષ્ટ કર્મચારીઓ ચલાવી લેવાશે નહીં.'

### કોન્ટ્રાક્ટર અને અધિકારીઓની ઘોર પાપલીલા સામે 'પાક્કો ગુજરાત'નો પ્રહાર!

## પાદરા નગરપાલિકામાં માનવતા મરી પરવારી: મજૂરોને વગર સુરક્ષા સાધનોએ ગટરના ગંદા પાણીમાં ઉતાર્યા!!

વડોદરા

વડોદરા જિલ્લાના પાદરા નગરપાલિકામાંથી માનવતાને શરમાવે અને કાયદાના ધજાગરા ઉડાડે તેવા અત્યંત શરમજનક તથા ઘાતક દ્રશ્યો સામે આવ્યા છે. પાદરા નગરપાલિકા દ્વારા કરાવવામાં આવી રહેલા ગટર સફાઈના કામમાં ગરીબ મજૂરોના જીવ સાથે ખુલ્લેઆમ રમત રમાઈ રહી હોવાના ચોંકાવનારા વિડિયો વાયરલ થતાં જ સમગ્ર વિસ્તારમાં ભારે આક્રોશ અને ચકચાર મચી ગઈ છે. વાયરલ થયેલા વિડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે, કોઈ પણ પ્રકારના પીપીઈ કિટ, ગ્લોઝ, માસ્ક, બૂટ કે સુરક્ષા સાધનો વગર જ મજૂરોને ગટરના અત્યંત ઝેરી અને ગંદા પાણીમાં ઉતારી દેવામાં આવ્યા છે. સફાઈ કામદારોના જીવને જોખમમાં મૂકીને કરાવવામાં આવતું આ કામ તંત્રની ક્રૂરતા અને અસંવેદનશીલતાની પરાકાષ્ઠા છતી કરે છે. સૌથી ચોંકાવનારી અને ગંભીર બાબત એ છે કે, આ રીતે મજૂરોના જીવ સાથે ખેલ રમાઈ રહ્યો હતો ત્યારે સ્થળ પર નગરપાલિકાના જવાબદાર કર્મચારીઓ પણ હાજર હતા. તેમ છતાં, કોઈએ આ અમાનવીય કૃત્ય અટકાવવાની તસ્દી લીધી નહીં! શું નગરપાલિકાના અધિકારીઓ અને કૌભાંડી કોન્ટ્રાક્ટર વચ્ચે આ પાપમાં મિલીભગત છે? સુપ્રીમ કોર્ટ અને સરકારના સ્પષ્ટ આદેશો છે કે ગટરમાં માણસને વગર સુરક્ષાએ ઉતારી શકાય નહીં. આમ છતાં, પાદરા નગરપાલિકામાં કોન્ટ્રાક્ટર દ્વારા સરકારી નિયમો અને શ્રમ કાયદાના ખુલ્લેઆમ લીરેલીરા ઉડાડવામાં આવી રહ્યા છે.

જો ગટરના ઝેરી ગેસ કે ચેપના કારણે કોઈ મજૂર સાથે મોટી દુર્ઘટના સર્જાયા હોત, તો એ ગરીબ પરિવારનો જવાબદાર કોણ હોત? ગરીબ અને મજબૂર મજૂરોના જીવ સાથે રમત રમતા આવા પાપી કોન્ટ્રાક્ટરનો કોન્ટ્રાક્ટ તાત્કાલિક રદ કરીને તેની સામે એફઆઈઆર (FIR) ક્યારે નોંધાશે? સ્થળ પર હાજર હોવા છતાં આ અમાનવીય કૃત્ય મૂંગા મોઢે જોનારા નગરપાલિકાના જવાબદાર કર્મચારીઓ અને ચીફ ઓફિસર સામે ક્યારે કડક શિક્ષાત્મક પગલાં ભરાશે?

### ગાંધીનગરના કુડાસણ ગામમાં વર્ષોથી પાણી ભરાવાની ગંભીર સમસ્યા યથાવત્

## પ્રશાસનની ઘોર નિષ્ક્રિયતા સામે સ્થાનિકોમાં ભારે આક્રોશ, હવે આશ્વાસન નહીં પણ કાયમી ઉકેલની માંગ!

ગાંધીનગર

રાજ્યના પાટનગર ગાંધીનગરના હાર્દસમા ગણાતા કુડાસણ ગામમાં છેલ્લા ઘણા વર્ષોથી ચોમાસા દરમિયાન પાણી ભરાવાની સમસ્યા વિકરાળ રૂપ ધારણ કરી ચૂકી છે. સ્માર્ટ સિટી અને વિકાસના મોટા મોટા દાવાઓ વચ્ચે કુડાસણના નાગરિકો માટે ચોમાસાની ઋતુ આફતરૂપ સાબિત થઈ રહી છે. ચોમાસું શરૂ થતાંની સાથે જ ગામના મુખ્ય રસ્તાઓ, સોસાયટીઓના માર્ગો અને આસપાસના



નીચાણવાળા વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાય છે, જે તંત્રના પ્રી-મોન્સૂન કામગીરીના પોકળ દાવાઓની પોલ ખોલી નાખે છે. રસ્તાઓ પર દિવસો સુધી પાણી ભરાયેલા રહેવાને કારણે કાદવ-કીચડ અને ગંદકીનું સામ્રાજ્ય સ્થપાઈ જાય છે. આ ગંદકીના લીધે સમગ્ર વિસ્તારમાં મચ્છરોનો ઉપદ્રવ ચિંતાજનક રીતે વધી ગયો છે, જેના કારણે ડેન્ગ્યુ, મલેરિયા અને ચિકનગુનિયા જેવા જનજન્ય રોગચાળાનો ભય સ્થાનિકોના માથા પર તોળાઈ રહ્યો છે. આટલું જ નહીં, ભરાયેલા પાણીમાં સાપ અને ઝેરી જીવજંતુઓ ઘરો સુધી પહોંચી જતાં નાગરિકો અને ખાસ કરીને નાના બાળકોની સુરક્ષા સામે મોટો ખતરો ઊભો થયો છે. સ્થાનિક રહીશો અને ગ્રામજનો દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકા અને જવાબદાર તંત્રને અનેકવાર લેખિત તથા મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. પરંતુ, તંત્રના કાન સુધી પ્રજાનો અવાજ પહોંચતો જ નથી. વારંવારની રજૂઆતો છતાં આ ચોંકાવનારી સમસ્યાનું કાયમી નિવારણ કેમ લાવવામાં આવતું નથી તે પ્રજા માટે મોટો પ્રશ્ન બની ગયો છે. જ્યારે પણ પાણી ભરાય ત્યારે તંત્ર દ્વારા માત્ર પોલા આશ્વાસનો આપીને કાગળ પરની કામગીરી બતાવવામાં આવે છે.

## વાપી રેલવે સ્ટેશનેથી દારૂની ખુલ્લેઆમ હેરાફેરીનો સનસનાટીભર્યો આક્ષેપ: રેલવે પરિસર અને ટ્રેનો બુટલેગરો માટે 'સેફ રુટ'?

વાપી

ગુજરાતમાં કડક દારૂબંધીના દાવાઓ વચ્ચે દક્ષિણ ગુજરાતના સીમાવર્તી અને મહત્વના ગણાતા વાપી રેલવે સ્ટેશન પરથી દારૂની ધમધમતી હેરાફેરીને લઈને ચોંકાવનારા સવાલો ઊભા થયા છે. રેલવે પરિસર તેમજ મુસાફરો માટેની ટ્રેનોનો ઉપયોગ કરીને બુટલેગરો દ્વારા દારૂનું નેટવર્ક ચલાવવામાં આવી રહ્યું હોવાની ચર્ચાએ સમગ્ર પંથકમાં ભારે સનસનાટી મચાવી દીધી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, સંઘપ્રદેશ દમણ અને મહારાષ્ટ્રની સરહદ નજીક હોવાને કારણે વાપી વિસ્તાર દારૂની ગેરકાયદેસર હેરાફેરી માટે સંવેદનશીલ માનવામાં આવે છે. રેલવે સ્ટેશન જેવા અતિ સુરક્ષિત ગણાતા વિસ્તારમાંથી દારૂનો જથ્થો ટ્રેનોમાં અને સ્ટેશનની બહાર કઈ રીતે પહોંચી રહ્યો છે તે એક મોટો ભેદ છે. મુસાફરોના સ્વાંગમાં બુટલેગરો અને તેમના નેટવર્ક દ્વારા ટ્રેનોના કોચમાં દારૂનો જથ્થો છુપાવીને ગુજરાતના અન્ય શહેરો તરફ રવાના કરવામાં આવતો



હોવાની પણ આશંકાઓ સેવાઈ રહી છે. રેલવે સ્ટેશન પર સુરક્ષા માટે જીઆરપી (GRP), આરપીએફ (RPF) અને સ્થાનિક પોલીસ તંત્ર તૈનાત હોવા છતાં આ પ્રકારે દારૂની હેરફેરના આક્ષેપો સામે આવતા વહીવટી તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. સુરક્ષા તપાસમાં બેદરકારી? શું રેલવે સ્ટેશન પર મુસાફરોના સામાનની યોગ્ય તપાસ (Scanning) કરવામાં આવી રહી છે કે પછી સુરક્ષામાં મોટી ચૂક રહી ગઈ છે?

### વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન વિવાદોના વંટોળમાં

## 76,000 દીવડા સળગાવવા સામે આક્રોશ, વિરોધ કરનાર યુવાનોને 'અસામાજિક' કહેતા પાટીદાર અગ્રણી વિનુભાઈ અઘારાનો ધમાકેદાર પ્રહાર!

મોરબી

સમાજના હિત, શિક્ષણ અને કલ્યાણના નામે ઉભી થયેલી સંસ્થાઓ જ્યારે પોતાના મૂળ ઉદ્દેશ્યો ભૂલીને સત્તાના ગુણગાન ગાવવામાં મશગૂલ થઈ જાય છે, ત્યારે સમાજનો આક્રોશ જ્વાળામુખી બનીને બહાર આવે છે. અમદાવાદ સ્થિત વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા ૧૭ સપ્ટેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૬મા જન્મદિને ૭૬,૦૦૦ દીવડા પ્રગટાવવાના ભવ્ય અને ખર્ચાળ આયોજન બાદ શરૂ થયેલો વિવાદ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. સમાજના મહેનતના પૈસે આવા તહેવારો અને રાજકીય ચાપલૂસી જેવા કાર્યક્રમો કરવા સામે પાટીદાર સમાજના યુવાનો અને અગ્રણીઓએ મોરચો માંડ્યો છે.

મોરબીના જેતપર ગામના ૨૧ જાગૃત યુવાનોએ ૧૮ સપ્ટેમ્બરના રોજ અમદાવાદ ખાતે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનની ઓફિસે પહોંચીને આ ખર્ચાળ આયોજન સામે પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. જોકે, સંસ્થાના હોદ્દેદારોએ પોતાની ભુલ સ્વીકારવાના બદલે અહંકારી વલણ અપનાવ્યું હતું. ફાઉન્ડેશનના મીડિયા કમિટીના ચેરમેન ધવલ માકડિયાએ વિરોધ કરનાર યુવાનોને 'તિસમારખાં' અને 'અસામાજિક તત્વો' ગણાવી સોશિયલ મીડિયા પર ઉપદેશ આપ્યો હતો કે 'ઉમિયા માતા પાસે બાળક બનીને આવો તો સમસ્યા દૂર થાય, પહેલાં ૧૦૦૦ રૂપિયાનું દાન કરો પછી બોલો!' મીડિયા કમિટીના આ બેજવાબદાર અને અપમાનજનક નિવેદન બાદ પાટીદાર નવનિર્માણ સેનાના મોરબીના અગ્રણી વિનુભાઈ અઘારાએ ધવલ માકડિયા સાથે ટેલિફોનિક વાતચીત કરીને તેમની આકરી રિમાન્ડ લીધી હતી. વિનુભાઈએ સીધા જ સવાલો પૂછ્યા કે: શું ખેડૂતના દીકરાઓ કે જેઓ સમાજના હિત માટે સવાલ કરવા આવ્યા હતા, તેઓ અસામાજિક તત્વો છે? શું તેમની સામે કોઈ ગુનાહિત રેકોર્ડ છે કે દારૂ-જુગારની પ્રવૃત્તિ કરે છે? સમાજના પૈસાથી બનેલી જાહેર સંસ્થામાં કોઈ સવાલ પૂછે તો તેને 'તિસમારખાં' કહેવાનો અધિકાર તેમને કોણે આપ્યો? આ વાતચીત દરમિયાન ધવલ માકડિયા દ્વારા 'તમને સાંભળવા નવરો નથી બેઠો' અને 'તમે એક જ ખેડૂત છો?' જેવા ઉદ્ધત જવાબો આપવામાં આવ્યા હતા, જેનાથી સંસ્થાના હોદ્દેદારોનો અહંકાર અને શાસન સામે સવાલ ન સાંભળવાની માનસિકતા ખુલ્લી પડી ગઈ છે. સ્થાનિક મીડિયા સાથેની વાતચીતમાં વિનુભાઈ અઘારાએ અતિ ચોંકાવનારા આક્ષેપો કરતા જણાવ્યું હતું કે, NRI સી. કે. પટેલના સંકલ્પ અને સ્વપ્નથી શરૂ થયેલા આ ફાઉન્ડેશનમાં મૂળ સ્થાપકોને સાઈડલાઈન કરી દેવાયા છે.

## સુરતમાં ટેન્કરમાંથી બારોબાર LPG ગેસ ચોરીનું મસમોટું કૌભાંડ ઝડપાયું

HPCLના કર્મચારી સહિત 9 આરોપીઓ જેલ ભેગા!

સુરત

સુરતના ભેંસાણ વિસ્તારમાં ચાલતા બારોબાર LPG ગેસ ચોરી અને ગેરકાયદેસર રિફિલિંગના કાળા કારોબાર પર પોલીસે સર્જિકલ સ્ટ્રાઈક કરીને મસમોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. ગેસ ટેન્કરોમાંથી જીવના જોખમે ગેરકાયદેસર રીતે ઘરેલું LPG સિલિન્ડરોમાં ગેસ રિફિલિંગ કરતા આખા નેટવર્કને પોલીસે બાતમીના આધારે દબોચી લીધું છે. આ ઘટના સામે આવતાં જ સુરત ગેસ માફિયાઓ અને ભ્રષ્ટ કર્મચારીઓમાં ભારે ફાડ પડી છે.

પોલીસે ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડીને HPCL (હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ) કંપનીના કર્મચારી સહિત એકસાથે ૯ શખ્સોની ધરપકડ કરી છે. આ ખતરનાક અને ગેરકાયદેસર કૌભાંડ માત્ર રૂ. ૧૨ હજારના નજીવા પગારદાર ચોકીદારની દેખરેખ હેઠળ ચાલતું હોવાનો પ્રાથમિક ચોંકાવનારો ખુલાસો થયો છે! ચોકીદારની આડમાં પાછળથી કરોડોનો કાળો કારોબાર ખેલવામાં આવી રહ્યો હતો.

પોલીસે સ્થળ પરથી ૮૭ નંગ LPG સિલિન્ડર, એક મોટું ગેસ ટેન્કર, ટેમ્પો અને બે અન્ય વાહનો મળીને કુલ રૂ. ૫૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. વાહનો અને ટેન્કરમાંથી ગેરકાયદેસર રીતે ભયાનક રીતે ગટર કે ખુલ્લામાં ગેસ રિફિલિંગ કરીને લોકોના જીવ જોખમમાં મૂકવામાં આવતા હતા.

પોલીસે ઝડપાયેલા તમામ ૯ આરોપીઓને કોર્ટ સમક્ષ રજૂ કર્યા હતા. કોર્ટે ગંભીરતા નોંધતા ૫ આરોપીઓના રિમાન્ડ નામંજૂર કરીને તેમને સીધા લાજપોર મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપ્યા છે, જ્યારે અન્ય ૪ મુખ્ય આરોપીઓના ૧ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. આ કૌભાંડ જે જગ્યા પર ચાલી રહ્યું હતું તે સ્થળના માલિક મુંબઈમાં રહેતા હોવાનું સામે આવ્યું છે.

## તંત્રી લેખ...

# ખેડૂતોના વિરોધ પ્રદર્શન પર FIRનો કોરડો: શું ગુજરાતમાં લોકશાહીનો સૂર્યાસ્ત થઈ ગયો છે?

ગુજરાતમાં આજે ચોતરફ આંદોલનોનો દાવાનળ સળગી રહ્યો છે. યુવાનો, સરકારી કર્મચારીઓ, માછીમારો અને દેશનો 'જગતના તાત' ગણાતો ખેડૂત આજે રસ્તા પર આવવા મજબૂર બન્યો છે. સવાલ એ થાય છે કે આખરે એવું તે શું થઈ ગયું છે કે અહિંસાની ધરતી પર આજે ગલીએ-ગલીએ આંદોલન અને વિરોધના સૂર સંભળાઈ રહ્યા છે? કારણ સ્પષ્ટ છે – પ્રજાની વેદના સાંભળવા માટે સત્તાધીશો પાસે સમય નથી, અને જ્યારે નાગરિકો પોતાના હક માટે અવાજ ઉઠાવે છે ત્યારે તંત્ર તેમની સામે પોલીસ અને કાયદાનો દંડુકો લઈને ઊભું રહી જાય છે!

તાજેતરમાં મોરબીના જેતપર ગામમાં બનેલી ઘટના ગુજરાતના ઈતિહાસમાં કાળા અક્ષરે લખાશે. ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિને ખેડૂતોએ પોતાની વિવિધ પડતર માંગણીઓ અને અન્યાય સામે વિરોધ દર્શાવવા માટે પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહના પૂતળાં સળગાવ્યા હતા. એક લોકશાહી દેશમાં પોતાના પ્રતિનિધિઓ સામે પ્રતીકાત્મક વિરોધ નોંધાવવો એ બંધારણીય અધિકાર છે. પરંતુ મોરબી તાલુકા પોલીસ સ્ટેશનના PI નિલેશ ઘેટીયાએ જેતપરના



૨૧ નિર્દોષ ખેડૂતો સામે BNS કલમ ૬૧(૨), ૧૨૬, ૧૮૯(૨), ૧૯૨, ૨૨૩, ૨૮૫, ૨૮૭, ૩૫૨ અને ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫ હેઠળ જાણે કોઈ મોટો આતંકવાદી ગુનો આચર્યો હોય તે રીતે આકરી એફઆઈઆર (FIR) નોંધી દીધી!

શું પ્રતીકાત્મક પૂતળું સળગાવવું એ ગુનો છે?

ભારતનું બંધારણ અનુચ્છેદ ૧૯(૧)(a) હેઠળ દરેક નાગરિકને વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા આપે છે, અને ૧૯(૧)(b) હેઠળ શાંતિપૂર્ણ રીતે વિરોધ કરવાનો અધિકાર આપે છે. દેશની સર્વોચ્ચ અદાલતે (સુપ્રીમ કોર્ટે) વારંવાર સ્પષ્ટ કર્યું છે કે પ્રતીકાત્મક વિરોધ એ લોકશાહીનો પ્રાણ છે.

ગુનો ત્યારે બને જ્યારે જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડવામાં આવે, હિંસા માટે ઉશ્કેરણી કરવામાં આવે કે જાનમાલનું જોખમ ઊભું થાય. જેતપરના ખેડૂતોએ ખુલ્લી જગ્યામાં, કોઈને નુકસાન પહોંચાડ્યા વિના, પોતાના આક્રોશને વાચા આપવા પૂતળું સળગાવ્યું હતું. તેમ છતાં ૨૧ ખેડૂતોને ગુનેગાર બનાવી દેવાયા.

'પાક્કો ગુજરાત'નો પ્રશાસન અને સરકારને સીધો સવાલ:

૧. બેવડા ધોરણો કેમ? જો આજે શાસક પક્ષના કાર્યકરો વિપક્ષી નેતાઓ કે રાહુલ ગાંધીનું પૂતળું સળગાવે કે પૂતળાને ચપ્પલ મારે, તો શું મોરબીના પીઆઈ કે ગુજરાત પોલીસ ભાજપના કાર્યકરો સામે આવી કડક કલમો હેઠળ ગુનો નોંધવાની હિંમત કરશે? છેલ્લા ૩૦ વર્ષમાં શાસક પક્ષના કોઈ કાર્યકર સામે આવી FIR નોંધાઈ છે ખરી?

૨. પોલીસ કોના ઈશારે કામ કરે છે? જિલ્લા SP, રેન્જ IG કે રાજ્યના પોલીસ વડાને ૨૧ ખેડૂતો પર નોંધાયેલી આ અતિશયોક્તિભરી FIRમાં કંઈ અજુગતું કે અન્યાયી નથી લાગતું? શું પોલીસ તંત્ર પ્રજાનું રક્ષક છે કે સત્તાધારી પક્ષનું ગુલામ?

૩. સરકાર સામે આટલા આંદોલનો કેમ? આજે ગુજરાતમાં દરેક વર્ગ રોડ પર કેમ છે? કારણ કે સરકાર સામાન્ય માણસની સમસ્યાઓ ઉકેલવામાં નિષ્ફળ ગઈ છે અને જ્યારે પ્રજા વિરોધ કરે ત્યારે તેને કાયદાનો ડર બતાવીને મોં બંધ કરવાનો પ્રયાસ કરવામાં આવે છે.

હવે સમય આવી ગયો છે: ગામડે ગામડે જાગૃતિ અને આંદોલનનો!

તંત્રની આ બુલડોઝર માનસિકતાનો જવાબ હવે લોકશાહીના માર્ગે જ આપવો પડશે. જો ૨૧ ખેડૂતો સામે પૂતળું સળગાવવા બદલ ખોટો કેસ નોંધવામાં આવતો હોય, તો હવે સમય આવી ગયો છે કે ગુજરાતના ગામડે ગામડે જાગૃત નાગરિકો અને ખેડૂતો એક થઈને આ અન્યાયી નીતિઓ સામે પ્રતીકાત્મક પૂતળા દહન કરે અને વિરોધનો અવાજ બુલંદ કરે!

પોલીસ આખા ગુજરાતના કેટલા ખેડૂતો સામે ગુના નોંધશે? કેટલી જેલો ભરશે?

જ્યારે અન્યાય જ કાયદો બની જાય, ત્યારે વિરોધ કરવો એ દરેક નાગરિકની ફરજ બની જાય છે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર' માંગ કરે છે કે જેતપરના ૨૧ ખેડૂતો સામે નોંધાયેલી ખોટી અને વેરભાવપૂર્ણ FIR તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે. જો સરકાર અને પોલીસ તંત્ર પોતાની આંખો નહીં ખોલે, તો આવનારા દિવસોમાં આ ખેડૂત આંદોલન આખા ગુજરાતમાં જ્વાળામુખી બનીને ફાટશે તેની ગંભીર નોંધ સરકાર અને પ્રશાસને લેવી પડશે!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# બેફામ મોંઘવારીનો માર અને મધ્યમ વર્ગની મજબૂરી: આર્થિક સંકડામણ વચ્ચે 'જીવન' બચાવવા માટેની 7 ગોલ્ડન ટિપ્સ!

## દરેક સંકટમાં પીસાતો દેશનો કરોડરજ્જુ સમાન મધ્યમ વર્ગ: આર્થિક ખેંચતાણથી નાસીપાસ થવાને બદલે સમજદારીપૂર્વકનું ફાઇનાન્સિયલ પ્લાનિંગ જ ઉત્તમ ઉપાય!

અમદાવાદ / ગુજરાત

આજના સમયમાં મોંઘવારીનો પારો કુદકે ને ભૂસકે વધી રહ્યો છે. આવક મર્યાદિત છે અને સામે ખર્ચાઓનો પહાડ ઊભો છે. આવી સ્થિતિમાં સમાજનો સૌથી વધુ પ્રભાવિત થતો કોઈ વર્ગ હોય તો તે છે મધ્યમ વર્ગ (Middle Class). ખૂબ જ ગરીબ વર્ગ માટે સરકારી કલ્યાણકારી યોજનાઓ કે સહાયના આશરા હોય છે, જ્યારે ઉચ્ચ ધનિક વર્ગ પાસે આર્થિક સંકટ સામે લડવા માટે મોટાં ભંડોળ, રોકાણો કે વિદેશમાં વિકલ્પો ઉપલબ્ધ હોય છે. પરંતુ, પોતાના સામાજિક દરજ્જા અને આર્થિક જવાબદારીઓ વચ્ચે સતત મથામણ કરતો મધ્યમ વર્ગ જ્યારે ચારેય તરફથી આર્થિક સંકડામણમાં ઘેરાય છે, ત્યારે કેટલીકવાર ભારે હતાશા અનુભવે છે.

તાજેતરમાં આર્થિક તણાવને કારણે બનતા દૂષ પરિણામો અને આત્મઘાતી પગલાંના કિસ્સાઓ સમાજ માટે લાલબત્તી સમાન છે. આ સંકટ સમયમાં હતાશ થવાને બદલે જીવનશૈલીમાં થોડા વ્યવહારુ ફેરફારો કરીને આર્થિક સ્થિરતા મેળવવી શક્ય છે. મધ્યમ વર્ગ માટે મોંઘવારીના આ યુગમાં સન્માનપૂર્વક અને સુરક્ષિત રીતે જીવવા માટેની ૭ અત્યંત મહત્વપૂર્ણ ટિપ્સ નીચે મુજબ છે:

### 1. વાહન વ્યવહારમાં સમજદારી: કારનો ઉપયોગ ટાળો, જાહેર પરિવહન અપનાવો

દિવસેને દિવસે પેટ્રોલ-ડીઝલના ભાવ અને ગાડીના મેઈન્ટેનન્સના ખર્ચાઓ વધી રહ્યા છે. અંગત કાર કે બાઈક લઈને મુસાફરી કરવા કરતાં બસ, મેટ્રો કે ટ્રેન જેવા જાહેર પરિવહન (Public Transport) નો ઉપયોગ કરવો જોઈએ. આનાથી ઈંધણનો મોટો ખર્ચ બચશે અને માસિક બજેટમાં મોટી રાહત મળશે.

### 2. શિક્ષણ પાછળનો આંધળો ખર્ચ બંધ કરો: સરકારી/અર્ધ-સરકારી સંસ્થાઓનો લાભ લો

મોંઘી પ્રાઈવેટ શાળાઓ અને કોલેજોની ફી આજે સામાન્ય પરિવારનું કમરતોડ ખર્ચ બની ગઈ છે. પ્રાઈવેટ સંસ્થાઓ પાછળ મોહ રાખવાને બદલે ગુણવત્તાસભર સરકારી કે ગ્રાન્ટેડ શાળા-કોલેજોમાં બાળકોને ભણાવવાનો આગ્રહ રાખવો જોઈએ. શિક્ષણ ક્ષમતા અને મહેનત પર આધાર રાખે છે, માત્ર મોંઘી ફી પર નહીં.

### 3. બ્રાન્ડેડ વસ્તુઓનો મોહ છોડો: જરૂરિયાત અને દેખાડા વચ્ચેનો ભેદ સમજો

મોંઘા કપડાં, બ્રાન્ડેડ બૂટ, મોંઘા સ્માર્ટફોન કે શો-ઓફ માટેની વસ્તુઓ પાછળ નાણાં વેડફવાનું બંધ કરવું જરૂરી છે. 'લોકો શું કહેશે' તેનો વિચાર કર્યા વગર ગુણવત્તાયુક્ત સ્થાનિક કે બિન-બ્રાન્ડેડ વસ્તુઓ વાપરવાની ટેવ પાડવી જોઈએ.

### 4. લોનના વિષચક્રથી દૂર રહો: દેવું હોય તો ઝડપથી ચૂકવવાનું પ્લાનિંગ કરો

તમામ પ્રકારની વ્યાજખોરી, ક્રેડિટ કાર્ડના અનિયંત્રિત વપરાશ અને પર્સનલ લોન લેવાથી બચવું જોઈએ. જો ભૂતકાળમાં લોન લીધી હોય, તો બિનજરૂરી ખર્ચાઓ કાપીને સૌથી પહેલાં એ લોન પૂરી કરવાનું આયોજન (Debt Payoff Plan) કરવું જોઈએ. લોનનું વ્યાજ જ મધ્યમ વર્ગની કમાણી ધોઈ નાખે છે.

### 5. ઘરનું ઘર લેવાના સામાજિક દબાણથી બચો: ભાડાના ઘરમાં રહેવું પણ ડહાપણ છે

હોમ લોન લઈને ૨૦ થી ૩૦ વર્ષ સુધી ભારે EMI ના બોજ હેઠળ જીવવા કરતાં, પહોંચાય તેવા ભાડાના મકાનમાં રહેવું વધારે ડહાપણભર્યું છે. હોમ લોનનો ઈએમઆઈ અને વ્યાજ આખી જિંદગીનું સુખ ચેન છીનવી લે છે. પરિસ્થિતિ અનુકૂળ થાય ત્યારે જ ઘર ખરીદવાનો નિર્ણય લેવો.

### 6. આરોગ્ય વીમો (Health Insurance) અવશ્ય લો

કોઈપણ આકસ્મિક બીમારી કે હોસ્પિટલનો ખર્ચ આખા પરિવારની વર્ષોની બચત એક ક્ષણમાં સાફ કરી નાખે છે. આ આર્થિક ઝાટકાથી બચવા માટે પરિવાર માટે યોગ્ય હેલ્થ ઈન્સ્યોરન્સ કે સરકારી આયુષ્માન કાર્ડ જેવી યોજનાઓનો લાભ લેવો અત્યંત જરૂરી છે.

### 7. સ્ક્રીન ટાઇમ ઘટાડો: સોશિયલ મીડિયા કરતાં મિત્રો અને પરિવાર સાથે સમય વિતાવો

મોબાઈલ અને સોશિયલ મીડિયા પર દેખાતી આભાસી દુનિયા માણસમાં અસંતોષ અને સરખામણીની ભાવના જગાડે છે. મોબાઈલમાં સમય બગાડવાને બદલે સાચા મિત્રો, સ્નેહીજનો અને પરિવાર સાથે સમય વિતાવવાથી માનસિક તણાવ ઓછો થાય છે અને મુશ્કેલ સમયમાં સાચો આત્મબળ અને સહારો મળે છે.

### પાક્કો ગુજરાત ન્યૂઝનો સંદેશ:

કોઈપણ આર્થિક મુશ્કેલી ક્ષણિક હોય છે, પરંતુ જીવન અમૂલ્ય છે. મોંઘવારી કે આર્થિક સંકડામણથી ડરીને કે નાસીપાસ થઈને ખોટાં પગલાં ભરવાને બદલે, જીવનશૈલીમાં સકારાત્મક ફેરફાર કરી, ખર્ચ પર અંકુશ મેળવીને લડત આપવી એ જ સાચી સમજદારી છે. આર્થિક આયોજન અને પરિવારના સાથથી દરેક મોટી મુશ્કેલીમાંથી બહાર નીકળી શકાય છે.

# અશાંત સમયમાં શાંત કેવી રીતે રહેવું?

**ગુરુદેવ શ્રી શ્રી રવિશંકર**

શાંતિ આપણા અંતરની એવી અવસ્થા છે, જેમાં શરીર, મન અને આત્મા પરસ્પર સુમેળમાં હોય છે. આપણા આસપાસના વાતાવરણ, આપણા લોકો અને સમાજ સાથે સુમેળમાં રહેવું પણ શાંતિ જ છે. અંતે શાંતિનો અર્થ સમગ્ર વાતાવરણ અને બ્રહ્માંડ સાથે એકાત્મ ભાવમાં રહેવું છે. તેથી જ આપણે ત્રણ વખત કહીએ છીએ–ૐ શાંતિ, શાંતિ, શાંતિ–અર્થાત્ અંદર શાંતિ, વાતાવરણમાં શાંતિ અને બ્રહ્માંડમાં શાંતિ.

પરંતુ શાંતિનો અર્થ નિષ્ક્રિયતા કે આત્મસંતોષ નથી. ઘણા લોકો શાંતિને ઢીલાશથી જીવન જીવવા, પરિસ્થિતિઓને ચૂપચાપ સ્વીકારી લેવા અથવા ઉદાસીન બની રહેવા સાથે જોડે છે. તેઓ શાંતિને નિષ્ક્રિયતા અને આક્રમકતાને સક્રિયતા માની લે છે. જરૂર એ છે કે અન્યાય સામે નિષ્ક્રિય થયા વિના શાંતિને પોતાના આચરણમાં ઉતારીએ.



સંઘર્ષથી બચવાની જરૂર નથી; સત્ય બોલો. પરંતુ સત્ય બોલતી વખતે આક્રમક કે અસંસ્કારી બનવાની પણ જરૂર નથી. દૃઢ રહો, પરંતુ કરુણા અને સૌમ્યતા સાથે. જો ક્યારેક તમારો ધીરજનો બંધ તૂટી પણ જાય, તો ઝડપથી પોતાના કેન્દ્રમાં પાછા ફરજો. તમારો ક્રોધ પાણીની સપાટી પર દોરેલી રેખા જેવો હોવો જોઈએ–એક ક્ષણ માટે દેખાય અને બીજી જ ક્ષણે વિલીન થઈ જાય. તે ઘટનામાંથી શીખો અને આગળ વધો.

કમળ જેવા બનો. તે કાદવ ભરેલા સરોવરમાં ખીલે છે, છતાં કાદવ તેને સ્પર્શી શકતો નથી. કમળનું પાન પાણી પર ટકેલું રહે છે, પરંતુ જ્યારે તેના પર પાણીનું એક ટીપું પડે છે, ત્યારે તે તેને ચોંટતું નથી; મોતીની જેમ તેના પર ટકી રહે છે. એ જ રીતે આ સંસારમાં રહેતા હોવા છતાં તેનાથી આસક્ત ન થાઓ. સંસારમાં સંપૂર્ણપણે હાજર રહો, પરંતુ અંદરથી અનાસક્ત રહો. જ્યારે તમે સંઘર્ષ અને દ્વંદ્વને સ્વીકારીને તેની સાથે સહજતાથી રહેવાનું શીખી જાઓ છો, ત્યારે સંઘર્ષ ધીમે ધીમે પોતે જ વિલીન થવા લાગે છે.

સામાન્ય રીતે દરેક વિવાદના બે પક્ષ હોય છે અને બંનેને વિશ્વાસ હોય છે કે તેઓ જ સાચા છે. જો તમે ખરેખર ધ્યાનપૂર્વક સાંભળશો, તો તમને જણાશે કે બંને પક્ષની વાતમાં કંઈક ને કંઈક સાર હોય છે. પરંતુ શાંતિ માટે માત્ર પોતાને સાચા સાબિત કરવું પૂરતું નથી; વિશ્વાસનું નિર્માણ, આત્મીયતાની ભાવના અને સંવાદ માટે જગ્યા જરૂરી છે. સંવાદનું તૂટવું જ ઘણીવાર વિવાદને જન્મ આપે છે અને જ્યારે બંને પક્ષ પોતાની-પોતાની માન્યતાઓ પર અડગ રહે છે, ત્યારે વિવાદ વધુ ઊંડો બનતો જાય છે. સંઘર્ષના સમાધાન માટે બંને પક્ષોએ પોતાના મતભેદોથી ઉપર ઊઠીને વ્યાપક દૃષ્ટિકોણથી પરિસ્થિતિને જોવી પડશે.

અહીં મધ્યસ્થતાની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ બની જાય છે. નેતૃત્વ કરનારા અને સત્તામાં રહેલા લોકો માટે આંતરિક શાંતિ અને સ્થિરતાનો વિકાસ વિશેષરૂપે જરૂરી છે. આંતરિક શાંતિ તેમને પરિસ્થિતિને સ્પષ્ટ રીતે સમજવાની અને સમગ્ર સમાજના હિતમાં વિવેકપૂર્ણ નિર્ણયો લેવાની ક્ષમતા આપે છે.

જૈન દર્શનમાં એક અત્યંત સુંદર સિદ્ધાંત છે–સ્યાદવાદ, એટલે કે 'કદાચ' અથવા 'સંભવતઃ'નો સિદ્ધાંત. સત્ય એ છે કે આ સંસારમાં બધું જ અનિશ્ચિત છે, છતાં આપણે એવું જીવીયે છીએ જાણે બધું નિશ્ચિત હોય.

નિશ્ચિતતાનો આગ્રહ અને પોતાને જ સંપૂર્ણપણે સાચા માનવાની વૃત્તિ ક્રોધને જન્મ આપે છે. જ્યારે પરિસ્થિતિઓ આપણી અપેક્ષા પ્રમાણે નથી બનતી, ત્યારે આપણે વિચલિત થઈ જઈએ છીએ. પરંતુ જ્યારે આપણે અનિશ્ચિતતાને સ્વીકારી લઈએ છીએ, ત્યારે ક્રોધ અને હિંસાના બંધનમાંથી મુક્ત થવા લાગીએ છીએ. ત્યારે કોઈ એક નિશ્ચિત પરિણામ સાથે ચોંટીને રહેવાને બદલે આપણે સંભાવનાઓમાં વિશ્વાસ કરવાનું શીખીએ છીએ. જીવન જ્યારે આપણી અપેક્ષા મુજબ આગળ નથી વધતું, ત્યારે આ દૃષ્ટિકોણ આપણને સંતુલિત રાખે છે.

નિશ્ચિતતા આપણને સુરક્ષા અને સુવિધાનો અનુભવ કરાવે છે, પરંતુ અનિશ્ચિતતા જીવનમાં રોમાંચ ભરે છે. તે આપણને અંદરથી જાગૃત કરે છે, સર્જનાત્મકતાને પ્રજ્વલિત કરે છે, શ્રદ્ધાને વધુ ઊંડી બનાવે છે અને આપણી સહનશીલતા તથા જિજિવિષાને મજબૂત બનાવે છે.

ઉથલપાથલ સંસારનો સ્વભાવ છે, પરંતુ શાંતિ આપણી આત્માનો સ્વભાવ છે. જ્યારે આપણે સંકલ્પ અને કુશળતા સાથે પોતાની શાંતિમાં સ્થિર રહીએ છીએ, ત્યારે અંદરની આ નિસ્તબ્ધતા ધીમે ધીમે બહાર પણ પ્રસ્ફુટિત થવા લાગે છે અને આપણી આસપાસની અશાંતિને શાંત કરવા લાગે છે.

તેથી સંકલ્પ લો–

અંદરથી સ્થિર અને શાંત રહેવું છે, બહારથી ગતિશીલ અને સજાગ રહેવું છે.

ત્યારે તમે માત્ર પોતે જ શાંતિમાં સ્થિર નહીં રહો, પરંતુ તમારી આસપાસના જીવનમાં પણ શાંતિનો સંચાર કરી શકશો.

# દાંપત્ય જીવનમાં આત્મીયતાની તાકાત: રેગ્યુલર સંબંધ ના રાખવાથી સ્વાસ્થ્ય અને મન પર થતી ઘાતક અસરો, જાણો શું કહે છે મેડિકલ સાયન્સ!

આજના ભાગદોડભર્યા યુગમાં અને કરિયરની આંધળી દોડમાં લોકો પોતાના અંગત જીવન અને સ્વાસ્થ્ય સાથે મોટો સમજૂતી કરી રહ્યા છે. લોકો દિવસ-રાત કામ પાછળ ભાગી રહ્યા છે, પરંતુ આ માનસિક તણાવ અને વ્યસ્તતાની સૌથી ઘાતક અસર પતિ-પત્નીના શારીરિક અને અંગત સંબંધો પર પડી રહી છે. તબીબી નિષ્ણાતો અને ડોક્ટર્સ પણ સ્પષ્ટપણે માને છે કે સ્વસ્થ અને નિયમિત શારીરિક સંબંધ એ માત્ર મનોરંજન નથી, પરંતુ મનુષ્યના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે અત્યંત જરૂરી કુદરતી જરૂરિયાત છે.

જ્યારે સંબંધોમાં આત્મીયતા ઘટે છે ત્યારે શું થાય છે?

જ્યારે દંપતી વચ્ચે નિયમિત શારીરિક સંબંધોનો અભાવ ઊભો થાય છે, ત્યારે તેની નકારાત્મક અસર માત્ર શરીર પર જ નહીં પરંતુ માનસિકતા પર પણ ઊંડી પડે છે. શરૂઆતમાં બંને પક્ષે આ વાતનો ખ્યાલ આવતો નથી, પરંતુ ધીમે ધીમે શારીરિક આકર્ષણ ઘટવાની સાથે તેમની વચ્ચેની ભાવનાત્મક અને લાગણીશીલ કનેક્ટિવિટી પણ ઓછી થવા લાગે છે.

નિયમિત આત્મીય સંબંધથી પતિ-પત્ની તન અને મનથી એકબીજા સાથે મજબૂત રીતે જોડાયેલા રહે છે. જે ક્ષણે આ ક્રિયા માત્ર યાંત્રિક (Mechanical) બની જાય છે કે બંધ થઈ જાય છે, ત્યારે દંપતી વચ્ચે અણબનાવ, ચીડિયાપણું અને માનસિક અંતર વધવા લાગે છે.

ઉત્તેજના અને આત્મીયતાનું મહત્વ

સંબંધોમાં ઉતાવળ કે ઉત્તેજના વિનાનો સમાગમ ખાસ કરીને સ્ત્રીઓ માટે પીડાનાયક બની શકે છે. પરંતુ જ્યારે સંબંધોમાં પૂરતી આત્મીયતા, પ્રેમ અને ઉત્તેજના હોય, ત્યારે તે પીડા દૂર થઈને પરમ આનંદ અને રાહતમાં પરિણમે છે. તેથી જ આ વિષયમાં માનસિક તૈયારી અને પરસ્પર સમજણ સૌથી મહત્વની ભૂમિકા ભજવે છે.

સાયન્ટિફિક ફેક્ટ: શારીરિક સંબંધ અને સારી ઊંઘનું કનેક્શન

મેડિકલ સાયન્સ અનુસાર, નિયમિત અને સ્વસ્થ શારીરિક સંબંધથી શરીરના હોર્મોન્સમાં સકારાત્મક ફેરફારો થાય છે:

ઓક્સીટોસિન (Oxytocin): પ્રેમ અને લાગણી વધારતો હોર્મોન.

ડોપામાઈન (Dopamine): આનંદ અને ખુશીની અનુભૂતિ કરાવતો રસાયણ.

એન્ડોર્ફિન્સ (Endorphins): તણાવ અને દુખાવો દૂર કરતો કુદરતી પેઈનકિલર.

આ તમામ હોર્મોન્સના સ્ત્રાવથી મગજનો તણાવ ક્ષણવારમાં ગાયબ થઈ જાય છે અને વ્યક્તિને ગઢ અને શાંતિદાયક ઊંઘ આવે છે, જે સમગ્ર દિવસની થાક દૂર કરીને શરીરને ફરીથી ઊર્જાવાન બનાવે છે.

આજના આધુનિક યુગમાં પતિ-પત્નીના આ અતિ અંગત પણ અતિ મહત્વના વિષયો પર ખુલીને વાત કરવી અને સાચી માહિતી મેળવવી ખૂબ જરૂરી બની ગઈ છે. સંબંધોની આંતરિક ગૂંચવણો, ફેન્ટસી અને ઈન્ટિમેટ કેર વિશે ઊંડાણપૂર્વક સમજવા માટે નિષ્ણાતો દ્વારા લખાયેલા પુસ્તકો ખૂબ જ ઉપયોગી અને માર્ગદર્શક સાબિત થાય છે.

તમારા રોજિંદા જીવનમાં માત્ર કામને નહીં, પરંતુ પોતાના પાર્ટનર સાથેના આત્મીય સંબંધોને પણ યોગ્ય સ્થાન આપો, કારણ કે એક સ્વસ્થ સંબંધ જ તમને શારીરિક અને માનસિક રીતે તંદુરસ્ત રાખી શકે છે.

# પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનના બહેનની ધરપકડ

ઈસ્લામાબાદ

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનના બહેન અલીમા ખાનની ધરપકડ કરવામાં આવી છે. આ ધરપકડ 27 સપ્ટેમ્બરે યોજાનાર પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (PTI)ની 'લોંગ માર્ચ' પહેલા થઈ છે. રોયટર્સના અહેવાલ મુજબ, પોલીસે અલીમા ખાનની



લાહોર સ્થિત તેમના નિવાસસ્થાનેથી ધરપકડ કરી હતી. અલીમા ખાન જેલમાં બંધ ઈમરાન ખાનના બહેન છે. ઈમરાન ખાન ઓગસ્ટ 2023થી જેલમાં છે. તેમની પાર્ટી PTI એ તેમની મુક્તિની માંગ સાથે 27 સપ્ટેમ્બરે વિરોધ પ્રદર્શનની જાહેરાત કરી છે. PTIના આ પ્રદર્શનની મુખ્ય માંગ ઈમરાન ખાનને તાત્કાલિક મુક્ત કરવાની છે. પોલીસે તેમના પર તોફાન મચાવવા, સરકારી કામમાં અવરોધ ઊભો કરવા અને પોલીસકર્મીઓ પર હુમલો કરવા જેવા આરોપો લગાવ્યા છે. અલીમા ખાનની ધરપકડ પહેલા પોલીસે PTIના ચાર કાર્યકર્તાઓ અને સમર્થકોની પણ અટકાયત કરી હતી. આ અટકાયતો પાર્ટીના 27 સપ્ટેમ્બરે યોજાનારા પ્રસ્તાવિત પ્રદર્શન પહેલા કરવામાં આવી છે.

# રશિયા પર અત્યાર સુધીનો યુક્રેનનો સૌથી મોટો હુમલો

મોસ્કો

રશિયામાં ચાલી રહેલી સંસદીય ચૂંટણીના આખરી અને ત્રીજા દિવસે મોસ્કો સ્થિત એક મોટી ઓઈલ રિફાઈનરી પર શક્તિશાળી ડ્રોન હુમલો થયો છે. આ હુમલાને કારણે રિફાઈનરી પરિસરમાં ભીષણ આગ ફાટી નીકળી હતી અને દૂર સુધી ધુમાડાના ગોટેગોટા તેમજ વિસ્ફોટોના અવાજો સંભળાયા હતા. મોસ્કોના મેયર સર્ગેઈ સોબ્યાનિને આ હુમલાની પુષ્ટિ કરી છે, જોકે આ ઘટનામાં જાનહાનિને લઈને અલગ-અલગ દાવાઓ સામે આવ્યા છે. રશિયન અધિકારીઓ આ હુમલા પાછળ યુક્રેનનો હાથ હોવાનો સીધો આરોપ લગાવી રહ્યા છે. બીજી તરફ, યુક્રેનના રાષ્ટ્રપતિ




વોલોદિમીર જેલેન્સ્કીએ આડકતરી રીતે આ કાર્યવાહીની પુષ્ટિ કરતા જણાવ્યું છે કે મોસ્કો ક્ષેત્રમાં યુક્રેનની લાંબા અંતરની સૈન્ય કાર્યવાહીનું રશિયા પર ઊંડું પરિણામ આવ્યું છે. તેમણે દાવો કર્યો હતો કે આ કાર્યવાહીમાં રશિયાના એક મહત્વપૂર્ણ તેલ ઉદ્યોગ અને લૉજિસ્ટિક્સ સેન્ટરને નિશાન બનાવવામાં આવ્યું છે, જે રશિયન સૈન્ય મશીનને આર્થિક રીતે મદદ કરે છે. આ અભિયાનમાં અદ્યતન ડ્રોન સિસ્ટમ્સનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

ફેબ્રુઆરી 2022 માં યુક્રેન સાથે યુદ્ધ શરૂ થયા બાદ રશિયામાં આ પ્રથમ સંસદીય ચૂંટણી યોજાઈ રહી છે. રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને આ ચૂંટણીને યુદ્ધ માટે જનતાના સમર્થનની કસોટી તરીકે રજૂ કરી છે. સત્તાધારી 'યુનાઈટેડ રશિયા' પક્ષનું વર્ચસ્વ જળવાઈ રહેવાની પૂરી સંભાવના છે, પરંતુ આર્થિક દબાણ અને યુદ્ધના થાકને કારણે વિરોધી પક્ષોને પણ કેટલાક મત મળવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. મતદાન દરમિયાન ઓનલાઈન સિસ્ટમ પર સાયબર હુમલાના પ્રયાસો પણ થયા હતા. ચૂંટણીના માહોલ વચ્ચે થયેલા આ ડ્રોન હુમલાએ વૈશ્વિક સ્તરે તણાવ વધુ તીવ્ર બનાવ્યો છે. રશિયા દ્વારા પશ્ચિમી દેશો સાથેના સંઘર્ષના ભાગરૂપે કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. યુક્રેને આ ચૂંટણીને 'દિખા ઈલે' ગણાવીને ફગાવી દીધી છે. હાલમાં સુરક્ષાદળો દ્વારા નુકસાનનું આકલન કરવામાં આવી રહ્યું છે અને આ હુમલાથી રશિયાની રાજનીતિ પર શું અસર પડશે તે આગામી સમય જ જણાવશે.

જાહેરાત માટે
ટચુકડી જાહેરાત, શ્રદ્ધાંજલિ, પ્રેસનોટ અને સમાચાર
આપવા માટે સંપર્ક કરો
ટચુકડી જાહેરાત
વ્યવસાય, ઓફર, પ્રોડક્ટ, દુકાન, સર્વિસ જાહેરાત
શ્રદ્ધાંજલિ
જન્મજયંતિ, પુણ્યતિથિ, શ્રદ્ધાંજલિ નિમંત્રણ
PRESS NOTE
પ્રેસનોટ
સંસ્થાઓ, કાર્યક્રમો, અમંત્રણ, જાહેરાત યાદી
સમાચાર
સમાચાર
સ્થાનિક, સામાજિક, શૈક્ષણિક, વ્યાપારિક સમાચાર
કોન્ટેક્ટ નંબર 96388 77700
ઝડપી સેવા – તાત્કાલિક પ્રકાશન
વિશ્વસનીય માધ્યમ – વાંચકો સુધી ચોક્કસ પહોંચ
વ્યાપક પ્રસાર – સ્થાનિકથી વ્યાપક સ્તરે
આકર્ષક ડિઝાઇન – સુંદર અને પ્રોફેશનલ લુક

પાક્કો ગુજરાત

સોમવાર | 21 સપ્ટેમ્બર 2026 | અમદાવાદ

### બોડેલી–છોટાઉદેપુર માર્ગ પર 'મોતના ખાડા': , તંત્ર ઘોર નિંદ્રામાં!

# એની નદીના પુલ પાસે બિસ્માર રસ્તાથી વાહનચાલકો ત્રાહિમામ



**તંત્ર કોઈ મોટા અકસ્માત અને નિર્દોષના ભોગ લેવાની રાહ જોઈ રહ્યું છે? વાહનચાલકોમાં ભારે આક્રોશ: ત્વરિત સમારકામ નહીં થાય તો સ્થાનિકો દ્વારા ચક્કાજામ અને ઉગ્ર આંદોલનની ચીમકી!**

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લાના બોડેલીથી છોટાઉદેપુરને જોડતા મુખ્ય હાઈવે માર્ગ પર આવેલી એની નદીના પુલ નજીકનો રસ્તો હાલમાં ભારે જર્જરિત અને અત્યંત જોખમી બની ગયો છે. આ મુખ્ય માર્ગ પરથી દૈનિક હજારો નાગરિકો, નોકરિયાતો, વિદ્યાર્થીઓ અને ભરેલાં વાહનો પસાર થાય છે, પરંતુ માર્ગ પર પડેલા મસમોટા અને જોખમી ખાડાઓને કારણે વાહનચાલકોના જીવ સતત તાળવે ચોંટેલા રહે છે. મુખ્ય માર્ગ હોવા છતાં જવાબદાર માર્ગ અને મકાન વિભાગ (R&B Department) આંખ આડા કાન કરીને ઘોર નિંદ્રામાં પોઢી રહ્યું હોય તેવી ગંભીર સ્થિતિ સર્જાઈ છે. એની નદીના પુલની બંને તરફ તેમજ માર્ગ પર ડામરનું સ્તર સંપૂર્ણપણે ઉખડી ગયું છે. રસ્તા પરની કપચીઓ બહાર આવી ગઈ છે અને અડધા-અડધા ફૂટ ઊંડા ખાડા પડી ગયા છે. ચોમાસાના વરસાદ અને ભારે વાહનોની અવરજવરના કારણે પરિસ્થિતિ વધુ વિકટ બની છે. રાત્રિના સમયે અંધારામાં અથવા તો અચાનક સામે ખાડો આવી જતાં ટુ-વ્હીલર (બાઈક કે સ્કૂટર) ચાલકો સ્લીપ થઈને નીચે પડી જવાના બનાવો અહીં રોજિંદા બની ગયા છે. આ ઉપરાંત, ભરેલાં ભારે વાહનો આ ઊંડા ખાડામાંથી પસાર થતી વખતે પલટી મારી જવાનો સતત ભય સેવાય છે. ખાડા બચાવવાના ચક્કરમાં વાહનચાલકો ગાડીઓ આડી-અવળી હંકારવા મજબૂર બને છે, જેના કારણે સામસામે ગંભીર અકસ્માતો સર્જાવાની પૂરતી ભીતિ સેવાઈ રહી છે. સ્થાનિક રહીશો અને દરરોજ આ રસ્તા પરથી અવરજવર કરતા વાહનચાલકોમાં તંત્રની આ નિષ્ક્રિયતા સામે ભારે રોષ અને આક્રોશ જોવા મળી રહ્યો છે. સ્થાનિકો રોષપૂર્વક સવાલો પૂછી રહ્યા છે કે, 'ટેક્સ વસૂલવામાં ઉત્સાહી રહેતું તંત્ર રસ્તાના સમારકામ વખતે શા માટે લાચાર બની જાય છે? શું તંત્ર કોઈ નિર્દોષ નાગરિકનો ભોગ લેવાય અથવા કોઈ મોટો જીવલેણ અકસ્માત સર્જાય પછી જ જાગશે?' સ્થાનિક ગ્રામજનો અને વાહનચાલકો દ્વારા માર્ગ અને મકાન વિભાગને આખરી ચેતવણી આપવામાં આવી છે. જો તાત્કાલિક ધોરણે એની નદીના પુલ પાસે પડેલા આ જોખમી ખાડાઓનું યોગ્ય પુરાણ કરી પાકું ડામરકામ (રીપેરીંગ) કરવામાં નહીં આવે, તો સ્થાનિકો એકઠા થઈને બોડેલી-છોટાઉદેપુર માર્ગ પર ચક્કાજામ કરશે અને વિરોધ પ્રદર્શન સાથે ઉગ્ર આંદોલનનો માર્ગ અપનાવશે. શું આંકડાકીય વિકાસના દાવા કરતી સરકાર અને રસ્તા બનાવતો જવાબદાર માર્ગ અને મકાન વિભાગ કોઈ મોટી હોનારત કે નિર્દોષનો જીવ જવાની રાહ જોશે, કે પછી સમયસર જાગીને નાગરિકોની સુરક્ષા માટે એની નદીના પુલ પાસેના રસ્તાનું યુદ્ધના ધોરણે સમારકામ કરાવશે?

## વડોદરામાં કલાકૃતિ અને સ્વ મહેનતથી બનાવેલ શીશ મહેલમાં બિરાજેલ ગણપતિ બાપાની ધારાસભ્ય અક્ષય પટેલે આરતી કરી



સાધલી, હસમુખ પટેલ

વડોદરા જિલ્લામાં શ્રી ગણપતિ બાપા અને તેમના શીશ મહેલ ને વેમાર ગામના યુવાનો દ્વારા સ્વહસ્તે, સ્વખર્ચે અને જાતે છ સાત મહિનાની મહેનત કરીને અદભુત બનાવેલા શ્રી ગણપતિ બાપા ની તારીખ 19 સપ્ટેમ્બર ના રોજ સાંજના ધારાસભ્ય અક્ષય પટેલ, કરજણ તાલુકા કારોબારી ચેરમેન ચિરાગ પટેલ અને રણાપુર સરપંચ અને કરજણ તાલુકા ભાજપ યુવા મોરચાના પ્રમુખ પાર્થ શાહ રૂબરૂ દર્શન માટે આવ્યા હતા. અને તેઓ આ સમગ્ર ગણપતિ બાપા ના પંડાલ થી ખૂબ જ પ્રભાવિત થયા હતા અને તેઓએ ગણપતિ બાપા ના દર્શન કરી આશીર્વાદ લીધા હતા અને સાંજે આરતીનો લાભ લીધો હતો. આરતીના પ્રસંગે બાપાના દિવ્ય દર્શન અને સમગ્ર વેમાર ગામના ભાઈ બહેનો અને બાળકોની હાજરી જોઈને ગણપતિ બાપા મય બન્યા હતા. ગણેશ યુવક મંડળ,વેમાર દ્વારા તમામ મહેમાનોને ગણપતિ બાપાની સ્મૃતિ ભેટ આપી હતી, તેનાથી પણ મહેમાનો પ્રભાવિત થયા હતા. ધારાસભ્ય અક્ષય પટેલે આ પ્રસંગે ભાવવિભોર થઈ વિઘ્નહર્તા ગણપતિ બાપા સૌના જીવનમાંથી તમામ વિઘ્નો દૂર કરે અને સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આનંદથી જીવનને ભરી દે, તેવી હૃદયપૂર્વક પ્રાર્થના કરી હતી.

### તીર્થધામ ચાણોદ ગ્રામ પંચાયતના કથડેલા વહીવટના આક્ષેપ સાથે

## ડેપ્યુટી સરપંચે ડભોઇ તાલુકા વિકાસ અધિકારીને લેખિત રાજીનામું આપતા ચાણોદ માં રાજકારણ ગરમાયું

ડભોઇ

ડેપ્યુટી સરપંચ નો આક્ષેપ છેલ્લા આઠ વર્ષથી સરપંચે વિકાસલક્ષી કામો કે અન્ય કામો અંગે મીટીંગ બોલાવી નથી. વોર્ડ નંબર 2 ના મહિલા સદસ્ય બિન હરીફ એ જણાવ્યું કે આ જ લગી અનેક રજૂઆત પણ તેમની ધ્યાને લેવામાં આવી નથી અમારા વિસ્તારમાં કોઈ વિકાસના કામ થયા નથી. ડભોઈ તાલુકાના તીર્થધામ ચાણોદ ગ્રામ પંચાયત ના ડેપ્યુટી ભરતભાઈ મનુભાઈ માછી વોર્ડ નંબર 9 ખંડેરાવ ફળિયા વિસ્તાર ચાણોદે સરપંચે તારીખ 19 9 26 ના રોજ ડભોઇ તાલુકા વિકાસ અધિકારી ને લેખિતમાં અરજી આપતા સરપંચની કાર્ય પદ્ધતિ સામે આક્ષેપ સાથે જણાવ્યું કે ચાણોદ ગ્રામ પંચાયત માં છેલ્લા આઠ(૮-માસ) માસ થી વિવિધ વિકાસના કામો કે અન્ય કોઈ પણ ગ્રામ પંચાયતના હિતના કામો માટે ગ્રામ પંચાયતના સરપંચ શ્રી એ કોઈ બેઠક કે મીટીંગ બોલાવેલ નથી. આમ સદર ગ્રામ પંચાયતનો વહીવટ તદ્દન કથળી ગયેલ હોય તેવા સંજોગોમાં અમો ડેપ્યુટી સરપંચ પદે હોય અને અમારી શાખ ને હાની પહોંચે તેમ હોય અમો અમારા ચાણોદ ગ્રામ પંચાયત ના ડેપ્યુટી પદ થી રાજીનામુ વ આપીએ છીએ તે મંજૂર કરવા મહેરબાની કરશોજી. આમ ચાણોદના ડેપ્યુટી સરપંચ ભરતભાઈ માછી તરફથી પંચાયતના કથળેલા વહીવટ છેલ્લા આઠ મહિનાથી વિવિધ વિકાસના કામો કે અન્ય કોઈ ગ્રામ પંચાયતના હિતના કામો અંગે મીટીંગ ના બોલાવવા ના સરપંચ સામે આક્ષેપ સાથે કારણદર્શક રાજીનામું લેખિતમાં આપતા ચાણોદ ગામ પંચાયત માં તેમજ ચાણોદ ગામ રાજકારણ ગરમાયું. આવી જ રીતે ચાણોદ ગ્રામ પંચાયત ના વોર્ડ નંબર 2 ના મહિલા સભ્ય બિનહરીફ ચૂંટાયેલા શારદાબેન દિનેશભાઈ બારીયા એ જણાવ્યું કે ચૂંટાયા ત્યારથી હું એ ચાણોદ ગ્રામ પંચાયતમાં સરપંચ ને લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરી છે તે છતાં આજ સુધી ધ્યાનમાં લેવામાં આવી નથી અમારા વિસ્તારમાં એક પણ વિકાસના કામો આજ સુધી થયા નથી કે ધ્યાને લેવાયા નથી જેથી આ બાબતે તેમણે અ સંતોષ વ્યક્ત કર્યો હતો. બીજી બાજુ ચાણોદમાં લોક ચર્ચામાં મળી રહેલી માહિતી પ્રમાણે મીટીંગ ના થવાથી ઘરના પેઢીના માં વ્યક્તિ મૃત્યુ થયા પછી વારસાઈ કરાવવા અરજી આપેલી અરજીઓ પણ પેન્ડિંગ પડી રહી છે જેથી અમારા આગળના કામો થતા નથી.

## ભાદરવી પૂનમ મહામેળાના પ્રથમ દિવસે અંબાજીમાં ભક્તોનો મહાસાગર: મા અંબાના દર્શન માટે લાંબી કતારો

અંબાજી, લક્ષ્મણ ઠાકોર

ભાદરવી પૂનમ મહામેળાનો આજથી અંબાજીમાં પ્રારંભ થયો છે. મેળાના પ્રથમ દિવસે જ મા અંબાના દર્શન માટે મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. આખો અંબાજી ધામ 'જય અંબે'ના જયઘોષથી ગુંજી ઉઠ્યો હતો.દેશના અલગ અલગ વિસ્તારોમાંથી મા અંબાના દર્શન કરવા આવેલા ભક્તોના કારણે અંબાજી ધામમાં શ્રદ્ધાનો માહોલ જોવા મળ્યો હતો. ઘણા ભક્તો પગપાળા તો ઘણા વાહનો દ્વારા અંબાજી પહોંચ્યા હતા. પ્રથમ દિવસથી જ દર્શન માટે લાંબી કતારો લાગી હતી.ભક્તોના હાથમાં માતાજીની ધજા હતી, હોઠ પર 'જય અંબે'નો જયઘોષ હતો અને હૃદયમાં મા અંબાના દર્શનની ભાવના હતી. હજારો ભક્તો ભક્તિના રંગે રંગાયેલા જોવા મળ્યા હતા. ભાદરવી પૂનમનો મેળો માત્ર એક મેળો નથી, પરંતુ મા અંબાના ચરણોમાં શ્રદ્ધા, સંકલ્પ અને મનોકામના અર્પણ કરવાનો પવિત્ર અવસર છે.

દર વર્ષે લાખો ભક્તો મા અંબાના દર્શન કરવા અંબાજી ધામ આવે છે.ઘણા ભક્તો પોતાની મનોકામના પૂરી થયા પછી માતાજીના આશીર્વાદ લેવા આવે છે. જ્યારે ઘણા ભક્તો નવી મનોકામના અને સંકલ્પ સાથે મા અંબાના ચરણોમાં શીશ ઝુકાવે છે. મહામેળાના પ્રથમ દિવસે જ ભક્તોની મોટી હાજરીથી અંબાજી ધામમાં આસ્થાનો માહોલ સર્જાયો છે. મંદિર પરિસરથી લઈને અલગ અલગ રસ્તાઓ પર ભક્તોની લાંબી કતારો અને માતાજીનો જયઘોષ ભક્તિની અનોખી અનુભૂતિ કરાવી રહ્યો છે.

### છોટાઉદેપુર પોલીસ હેડ ક્વાર્ટર ખાતે ગણપતિ મહોત્સવ

## ન્યાયાધીશો, વહીવટી અધિકારીઓ અને સંઘના હોદ્દેદારોએ લીધો આરતીનો લ્હાવો

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર પોલીસ હેડ ક્વાર્ટર, ખુટાલીયા ખાતે આયોજિત ગણેશોત્સવ દરમિયાન ગણપતિ બાપાની ભવ્ય આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક મહોત્સવમાં જિલ્લાના ન્યાયતંત્ર, વહીવટી તંત્ર તથા વિવિધ ક્ષેત્રના અગ્રણીઓએ ઉપસ્થિત રહી ગણપતિ આરતીનો પવિત્ર લ્હાવો લીધો હતો. પોલીસ હેડ ક્વાર્ટર ખાતે યોજાયેલી આરતીમાં પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજ શ્રી એસ. એમ. ટાંક, એડિશનલ સેશન્સ જજ શ્રી એમ. એલ. શેખ, ફેમિલી કોર્ટના શ્રી તિવારી સાહેબ તથા છોટાઉદેપુર જિલ્લા પોલીસ અધિક્ષક (IPS) શ્રી ઈમ્તિયાઝ શેખ દ્વારા શ્રદ્ધાપૂર્વક આરતી કરવામાં આવી હતી. અન્ય એક પ્રસંગે જિલ્લાના વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ



પણ આરતીમાં જોડાયા હતા. જેમાં DDO સચિન કુમાર, DCF રૂપક સોલંકી, આસિસ્ટન્ટ કલેક્ટર અને SDM મુસ્કાન ડાગર, નિવાસી કલેક્ટર શૈલેષ ડી. ગોકલાણી, જિલ્લા ગવર્મેન્ટ પ્લીડર સોનલબેન દેસાઈ, આર. એસ. પરમાર તથા જે. બી. પુરાણીએ હાજરી આપી આરતીનો લાભ લીધો હતો. સામાજિક અને સંસ્થાકીય અગ્રણીઓની ઉપસ્થિતિ ગણેશોત્સવ દરમિયાન સંઘના અગ્રણીઓ પણ ભક્તિભાવપૂર્વક જોડાયા હતા. જેમાં છોટાઉદેપુર નગર કાર્યવાહ વિરાગભાઈ ભોઈ, વિભાગ સહ કાર્યવાહ અશ્વિનભાઈ રાઠવા, જિલ્લા કાર્યવાહ વિરેન્દ્રભાઈ રાઠવા, જિલ્લા પ્રચારક મહેશભાઈ સુથાર તથા છોટાઉદેપુર નગર સંઘચાલક વસંતભાઈ પટેલ દ્વારા SP શ્રી ઈમ્તિયાઝ શેખ સાથે ગણપતિ બાપાની આરતી કરવામાં આવી હતી.

આ તમામ પ્રસંગોએ ડીવાય.એસ.પી. (હેડ ક્વાર્ટર) શ્રી ડી. કે. રાઠોડ, પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ. ડી. કલારા, હેડ ક્વાર્ટર પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એમ. જે. ચૌધરી સહિત અન્ય પોલીસ અધિકારીઓ અને હેડ ક્વાર્ટર પોલીસ પરિવારના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું

## ભરૂચની હાજી અહેમદ મુન્શી ITIમાં પદવીદાન સમારોહ યોજાયો:કુલ 171 તાલીમાર્થીઓને સર્ટિફિકેટ આપી સન્માનિત કરાયા, ટ્રસ્ટીઓ રહ્યા હાજર

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચમાં મુન્શી મનુબરવાલા મેમોરિયલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ચલાવાતી હાજી અહેમદ મુન્શી ITIમાં પદવીદાન સમારોહ યોજાયો. આ સમારોહમાં તાલીમ પૂરી કરનાર કુલ 171 તાલીમાર્થીઓને સર્ટિફિકેટ આપી સન્માનિત કરાયા.

કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટી યુનુસ પટેલ, ITI હેડ અને કેમ્પસ એડમિન આરીફ પટેલ તેમજ ગર્લ્સ સેક્શનના પ્રિન્સિપાલ લુકમાનભાઈ સહિતના લોકો હાજર રહ્યા હતા.

સમારોહમાં જુદા જુદા ટ્રેડમાં પહેલો અને બીજો નંબર મેળવનાર તાલીમાર્થીઓને તેમના સારા દેખાવ બદલ મેડલ આપી સન્માનિત કરાયા. તાલીમ પૂરી કરનાર 171 તાલીમાર્થીઓને સ્ટાફ દ્વારા સર્ટિફિકેટ આપી તેમની સિદ્ધિને બિરદાવવામાં આવી.

આ પ્રસંગે યુનુસ પટેલ અને આરીફ પટેલે તાલીમાર્થીઓને પ્રેરણા આપતું સંબોધન કર્યું. તેમણે જીવનમાં પ્રામાણિકતા, શિસ્ત અને મહેનતથી આગળ વધવા તેમજ નવી કુશળતા શીખતા રહેવા વિનંતી કરી. તેમણે મળેલી ટેકનિકલ કુશળતાનો સારો ઉપયોગ કરી સમાજ અને દેશના વિકાસમાં યોગદાન આપવા પણ પ્રેરણા આપી. પદવીદાન સમારોહ દરમિયાન તાલીમાર્થીઓમાં સિદ્ધિનો આનંદ અને ઉત્સાહ દેખાયો. કાર્યક્રમના અંતે યુસુફ મતાદારે આભાર માન્યો. આખો કાર્યક્રમ ITIના સ્ટાફના સહયોગથી થયો હતો.

### દહેજ પંથકમાં બોગસ તબીબોનો મોટો વિવાદ

## BHMS રજિસ્ટ્રેશનના આધારે એલોપેથિક સારવાર આપવાના આક્ષેપથી આરોગ્ય તંત્રમાં ખળભળાટ!

ભરૂચ (રંગુની જાકીર)

ભરૂચ જિલ્લાના ઔદ્યોગિક અને અતિ મહત્વના ગણાતા દહેજ પંથકમાં હાલ દર્દીઓની સલામતી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. વિસ્તારના કેટલાક ક્લિનિકોમાં તબીબી લાયકાત અને નિયમોના ધજાગરા ઉડાવીને ગેરકાયદેસર રીતે સારવાર અપાતી હોવાના ભારે આક્ષેપો ઊઠ્યા છે.BHMS (હોમિયોપેથી) રજિસ્ટ્રેશન ધરાવતા કેટલાક પ્રેક્ટિશ્નરો દ્વારા એલોપેથિક પદ્ધતિથી સારવાર કરવામાં આવી રહી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

સ્થાનીક ક્ષેત્રે ચાલતી ચર્ચા મુજબ, કેટલાક કથિત તબીબો દ્વારા દર્દીઓને સરકારી મંજૂરી કે યોગ્ય લાયકાત વિના જ ઈન્જેક્શનો આપવા તેમજ DNS ની બોટલો (ડ્રિપ) ચડાવવા જેવા ગંભીર તબીબી પ્રયોગો કરવામાં આવી રહ્યા છે. એટલું જ નહીં, અનેક ક્લિનિકો પર તબીબનું પૂરું નામ, તેમની શૈક્ષણિક ડિગ્રી કે ગુજરાત મેડિકલ/હોમિયોપેથિક કાઉન્સિલનો રજિસ્ટ્રેશન નંબર દર્શાવતા બોર્ડ પણ ગાયબ છે, જે દર્દીઓની સુવિક્ષા પર મોટું પ્રશ્નાર્થચિહ્ન મૂકે છે.

આ ગંભીર પરિસ્થિતિને પગલે 'પાક્કો ગુજરાત ન્યૂઝ' દ્વારા આરોગ્ય વિભાગ અને સંબંધિત વહીવટી તંત્ર સામે કેટલાક ધારદાર સવાલો ઊભા કરવામાં આવ્યા છે:

1. તપાસનો અભાવ: શું આરોગ્ય વિભાગ દહેજ પંથકમાં ચાલતા તમામ ખાનગી ક્લિનિકોની સરપ્રાઈઝ તપાસ કરશે ખરી?

2. ડિગ્રી અને રજિસ્ટ્રેશનની ખરાઈ: સારવાર આપતા તબીબોની શૈક્ષણિક લાયકાત અને રજિસ્ટ્રેશન સાચા છે કે બોગસ, તેની ચકાસણી ક્યારે થશે?

3. મર્યાદાઓનું ઉલ્લંઘન: BHMS રજિસ્ટ્રેશન ધરાવતા પ્રેક્ટિશ્નરો માટે નક્કી કરાયેલી તબીબી મર્યાદાઓનું ખુલ્લેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે, તો તંત્ર કેમ મૌન છે?

4. પ્રમાણપત્ર અને મંજૂરી: દર્દીઓને બોટલો ચડાવવા કે ઈન્જેક્શન આપવા માટે જરૂરી ઈમરજન્સી સુવિધાઓ અને પરવાનગી આ ક્લિનિકો પાસે છે કે નહીં?

5. ફરજિયાત બોર્ડ નિયમ: ક્લિનિક બહાર ડિગ્રી અને રજિસ્ટ્રેશન નંબરનું બોર્ડ મારવાના નિયમનો અનાદર કરનારા સામે કાયદેસરની કાર્યવાહી ક્યારે હાથ ધરાશે? દહેજ પંથકના નાગરિકો અને દર્દીઓની સલામતી સાથે કોઈ અનિચ્છનીય ઘટના બને તે પહેલાં જ આરોગ્ય વિભાગ હરકતમાં આવશે કે પછી કોઈ મોટી દુર્ઘટના સર્જાય ત્યાં સુધી રાહ જોવામાં આવશે? તબીબી સેવાઓના નામે ચાલતા આ ખેલની વાસ્તવિકતા વહેલી તકે બહાર આવે અને કાયદાનું કડક પાલન થાય તે સમયની માંગ છે.

## વાગરાના કડોદરામાં શ્રી શારદા વિદ્યામંદિરને મળ્યા નવા ક્લાસરૂમ

ભરૂચ, રંગુની જાકીર

વાગરા તાલુકાના કડોદરામાં આવેલા શ્રી શારદા વિદ્યામંદિરમાં શિક્ષણ માટે એક મહત્વની પહેલ થઈ છે. કડોદરા વિભાગ વિકાસ મંડળ દ્વારા સંચાલિત આ શાળામાં નવા ક્લાસરૂમનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ ક્લાસરૂમ Best Value Chem Pvt. Ltd. (BVC) ના CSR ફંડ અને અરુણા કિશોર ફાઉન્ડેશનના સહયોગથી બન્યા છે.

આ પહેલથી શાળાના વિદ્યાર્થીઓને વધુ આધુનિક અને સારી સુવિધાઓવાળું શિક્ષણ મળશે. નવા ક્લાસરૂમ બનવાથી વિદ્યાર્થીઓને મોટા, સુરક્ષિત અને સારા અભ્યાસખંડની સુવિધા મળશે. તેનાથી શિક્ષણની ગુણવત્તા પણ સુધરશે તેવી આશા છે.

લોકાર્પણ સમારોહમાં શાળા પરિવાર, ટ્રસ્ટીઓ, BVC કંપનીના અધિકારીઓ, અરુણા કિશોર ફાઉન્ડેશનના પ્રતિનિધિઓ, શિક્ષકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન શિક્ષણના વિકાસમાં સમાજ અને ઉદ્યોગજગતના સહયોગનું મહત્વ પણ જણાવાયું હતું.

શાળા પરિવારે Best Value Chem Pvt. Ltd. અને અરુણા કિશોર ફાઉન્ડેશનનો આ સહયોગ બદલ આભાર માન્યો હતો. ભવિષ્યમાં પણ શિક્ષણ ક્ષેત્રે લોકોના ભલા માટે આવા કામો આગળ વધે તેવી શુભેચ્છા અપાઈ હતી. ગ્રામ્ય વિસ્તારમાં આવી સેવાકીય પહેલ શિક્ષણના વિકાસ માટે પ્રેરણાદાયી બની છે.

## ના. મુખ્યમંત્રી હર્ષ સંઘવી બાઇક રેલીમાં યુવાનો સાથે બાઇક પર સવાર થઇ દાહોદના દેવગઢ બારીયા પહોંચ્યા

### કાળી ડુંગરી ગામ ખાતે વૃક્ષારોપણ કરી સફાઈ અભિયાન જેવા સામુહિક અભિયાનમાં જોડાયા

દેવગઢ બારીઆ, જાબીર શુક્લા

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન સેવાથી રાષ્ટ્ર સેવાના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે વડનગરથી વારાણસી સુધીની નીકળેલી સેવા સંકલ્પ યાત્રા અંતર્ગત આજરોજ દાહોદ જિલ્લાના કાળી ડુંગરી ખાતે આવેલ બાઈક રેલીનું નગરજનો જનપ્રતિનિધિઓએ જળ કળશ તેમજ પુષ્પવર્ષા સાથે ઉત્સાહભેર સ્વાગત કર્યું હતું.

સાગરામા ગામથી નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પોતે બાઈક ચલાવીને રેલીને "ભારત માતાકી જય"રાષ્ટ્રનાદના જયઘોષથી ભવ્ય પ્રસ્થાન કરાવ્યું હતુ. જેમાં ધારાસભ્ય ઓ સહિત સહિત ચૂંટાયેલા જન પ્રતિનિધિ અને સંગઠનના આ રેલીમાં જોડાયા હતા.

રાજ્યમંત્રી રમેશભાઈ કટારા, સાંસદ જશવંતસિંહ ભાભોર, જિલ્લા પંચાયત પ્રમુખ ગમાબેન મોહનિયા, ઝાલોદ ધારાસભ્ય ઓ, કલેકટર જિલ્લા વિકાસ અધિકારી પ્રાયોજના વહીવટદાર તેમજ અન્ય પદાધિકારી ઓ અને મહાનુભાવોએ ઉપસ્થિત



રહી એક પેડ માં કે નામ અભિયાન હેઠળ વૃક્ષારોપણ કર્યું હતું.

આ સાથે જ સામૂહિક પ્રયાસ, પ્રભાવશાળી બદલાવના સંદેશ સાથે યોજાઈ રહેલા સ્વચ્છતા અભિયાનનો મુખ્ય ઉદ્દેશ નાગરિકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ કેળવવા તેમજ સ્વચ્છ અને સ્વસ્થ સમાજના નિર્માણમાં જનભાગીદારી વધારવાના શુભ હેતુથી જાહેર સ્થળ પર સફાઈ કરવાની કામગીરી કરી હતી.

ઉલ્લેખનીય છે કે, સમગ્ર દેશમાં તા. ૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન યોજાનાર "સ્વચ્છતા હી સેવા-૨૦૨૬" અભિયાન અંતર્ગત દાહોદ જિલ્લામાં પણ સ્વચ્છતા અને જનજાગૃતિના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

"સ્વચ્છતા હી સેવા" અભિયાનને સફળ બનાવવા જિલ્લા વહીવટી તંત્ર, વિવિધ વિભાગો, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ તથા નાગરિકો દ્વારા સક્રિય ભાગીદારી કરવામાં આવી રહી છે.



### કરણ જોહરની ફિલ્મથી ડેબ્યૂ પછી પણ અનેક ફિલ્મમાંથી રિપ્લેસ થઈ

# બાળપણથી જ સંગીત અને મંચ સાથે જોડાણ હતો: અભિનેત્રી તારા સુતરિયા

મુંબઈ

બોલિવૂડમાં ઓળખ બનાવવાનું સપનું લઈને આવનાર દરેક કલાકારની સફર એકસરખી હોતી નથી. કેટલાકને ફિલ્મી પરિવારનો સહારો મળે છે, તો કેટલાક પોતાની પ્રતિભા અને મહેનતના બળે ઈન્ડસ્ટ્રીમાં સ્થાન બનાવવાનો પ્રયાસ કરે છે. એક્ટ્રેસ તારા સુતારિયાની સફર પણ આવી જ છે. એક્ટિંગની સાથે સંગીત અને સિંગિંગમાં રસ ધરાવતી તારાએ ટેલિવિઝનથી શરૂઆત કરી અને 2019માં કરણ જોહરની ફિલ્મ 'સ્ટુડન્ટ ઑફ ધ યર 2'થી મોટા પડદા પર પગ મૂક્યો.

તારાની ફિલ્મી સફર અનેક અનુભવોમાંથી પસાર થઈ ચૂકી છે. તેણે રોમેન્ટિક અને ઍક્શન ફિલ્મોમાં કામ કર્યું અને 'અપૂર્વા' જેવી સર્વાઈવલ થ્રિલરમાં મુખ્ય ભૂમિકા ભજવી. આ દરમિયાન તેને ફિલ્મોમાંથી રિપ્લેસ કરવામાં આવી અને ઈન્ડસ્ટ્રીમાં આઉટસાઈડર હોવાના પડકારોનો સામનો કરવો પડ્યો. તારા સુતારિયાનો જન્મ 19 નવેમ્બર 1995ના રોજ મુંબઈમાં થયો હતો. તેને બાળપણથી જ સંગીત અને પરફોર્મિંગ આર્ટ્સમાં રસ હતો. તેણે નાની ઉંમરે જ સિંગિંગની તાલીમ શરૂ કરી દીધી હતી. સંગીત ઉપરાંત તેને ડાન્સ અને પરફોર્મ કરવાનો પણ અનુભવ રહ્યો છે. તે લગભગ 15 વર્ષની ઉંમરથી મંચ પર પરફોર્મ કરી રહી છે. તારા હંમેશાં સિંગર અને પરફોર્મર બનવા માગતી હતી. બોલિવૂડમાં એક્ટિંગની તક મળ્યા બાદ પણ સંગીત તેના માટે મહત્વપૂર્ણ રહ્યું. તારાએ મ્યુઝિકલ થિયેટરમાં પણ કામ કર્યું છે. તે રેલ પદમસીના પ્રોડક્શન 'ગ્રીસ' અને અશ્વિન ગિડવાનીના 'બ્લેમ ઈટ ઑન યશરાજ' જેવા મ્યુઝિકલ પ્રોજેક્ટ્સ સાથે જોડાયેલી રહી છે. આ અનુભવથી તેને મંચ પર આત્મવિશ્વાસ અને દર્શકો સામે રજૂઆત કરવાની તક મળી. ડિઝની ચેનલથી શરૂ થઈ હતી એક્ટિંગની સફર ફિલ્મોમાં આવતાં પહેલાં તારા સુતારિયા ટેલિવિઝન પર કામ કરી ચૂકી હતી. તેણે ડિઝની ચેનલના શો 'ધ સૂટ લાઈફ ઑફ કરણ એન્ડ કબીર' અને 'ઓએ જસ્સી'માં અભિનય કર્યો હતો. આ ઉપરાંત તેણે 'બિગ બડા બૂમ'થી સિંગર અને પરફોર્મર તરીકે ટેલિવિઝન કારકિર્દીની શરૂઆત કરી હતી. તે 'એન્ટરટેઈનમેન્ટ કે લિયે કુછ ભી કરેગા' અને 'બેસ્ટ ઑફ લક નિક્કી' જેવા ટીવી શોમાં પણ જોવા મળી હતી.

**ડિઝની ચેનલના શો 'ધ સૂટ લાઇફ ઑફ કરણ એન્ડ કબીર' અને 'ઓએ જસ્સી'માં અભિનય કર્યો હતો**

# રણવીર-દીપિકાના ઘરે ફરી ગૂંજી કિલકારી

## 40 વર્ષની વયે એક્ટ્રેસ બીજી વાર બની માતા, દીકરીને જન્મ આપ્યો; શેર કરી પગલાંની તસવીર

નવી દિલ્હી

દીપિકા પાદુકોણ અને રણવીર સિંહ શનિવારે બીજી વાર માતા-પિતા બન્યા છે. દીપિકાએ બીજી વાર દીકરીને જન્મ આપ્યો છે. કપલે ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં નવજાત બાળકીના પગનાં નિશાન શેર કર્યા છે. સારા સમાચાર શેર કરતાં તેમણે પોસ્ટમાં ઈવિલ આઈ (નજર)નું ઈમોજી પણ મૂક્યું છે. કપલે 19 એપ્રિલે બીજી વાર માતા-પિતા બનવાની જાહેરાત કરી હતી. દીપિકા અને રણવીરના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર તેમની દીકરી દુઆની એક તસવીર શેર કરવામાં આવી હતી, જેમાં દીકરીએ પ્રેગ્નન્સી ટેસ્ટ કિટ પકડી હતી, જે પોઝિટિવ પરિણામ દર્શાવી રહી હતી. તસવીરમાં રણવીર પુત્રીને ખોળામાં લઈને બેઠા છે. જોકે, તેમનો ચહેરો દેખાઈ રહ્યો નહોતો. બીજી તરફ, તસવીરમાં દુઆનો અડધો ચહેરો નજર આવી રહ્યો હતો. જણાવી દઈએ કે દીપિકા અને રણવીરે 8 સપ્ટેમ્બર 2024ના રોજ તેમની પુત્રી દુઆના જન્મની જાણકારી આપી હતી. તે સમયે તેમણે લખ્યું હતું, 'વેલકમ બેબી ગર્લ. 8 સપ્ટેમ્બર 2024. દીપિકા અને રણવીર.'

આ પહેલાં ફેબ્રુઆરી 2024માં દીપિકાએ પોતાની પ્રેગ્નન્સીની જાહેરાત કરી હતી. બંનેની લવ સ્ટોરી 2013માં ફિલ્મ 'ગોલિયોં કી રાસલીલા રામ-લીલા'ના સેટ પરથી શરૂ થઈ હતી. ઘણા વર્ષો સુધી સંબંધમાં રહ્યા બાદ બંનેએ 2018માં ઈટાલીમાં લગ્ન કર્યા હતા. કપલના વર્કફ્રન્ટની વાત કરીએ તો દીપિકા ફિલ્મ 'કિંગ'માં શાહરુખ ખાન સાથે જોવા મળશે. ફિલ્મ 24 ડિસેમ્બર 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. બીજી તરફ, રણવીરની છેલ્લી 2 ફિલ્મો 'ધુરંધર' અને 'ધુરંધર 2' છે. બંને ફિલ્મો બોક્સ ઓફિસ પર સુપરહિટ સાબિત થઈ હતી. 'ધુરંધર'ના પહેલા ભાગે દુનિયાભરમાં 1307 કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો.



# કાલિન ભૈયાની ફિલ્મની છપ્પરફાળ કમાણી, 300 કરોડનું ટોટલ કલેક્શન

## 'મિર્ઝાપુર ધ મૂવી'એ પોતાનું બજેટ તો વસૂલ કરી લીધું છે અને ફિલ્મની કમાણી હજુ પણ ઠીકઠાક ચાલી રહી છે. છેલ્લા કેટલાક દિવસોથી ફિલ્મ સરેરાશ 4 કરોડ રૂપિયાની આસપાસ કમાણી કરી રહી છે

હાનોઈ

મિર્ઝાપુર ધ મૂવીને સિનેમાઘરોમાં રિલીઝ થયાને બે અઠવાડિયાથી વધુ સમય થઈ ગયો છે. ફિલ્મની કમાણીના તાજા આંકડા સામે આવી રહ્યા છે. ફિલ્મનું કલેક્શન સારું ચાલી રહ્યું છે અને તેનો મોમેન્ટમ પણ જળવાઈ રહ્યો છે. સીરિઝની જેમ જ 'મિર્ઝાપુર ધ મૂવી'ને પણ દર્શકોનો પ્રેમ અને સપોર્ટ મળી રહ્યો છે. હવે ફિલ્મે 16 દિવસમાં 300 કરોડ રૂપિયાનો આંકડો પાર કરી લીધો છે. આ સાથે જ ફિલ્મે વર્ષ 2026ની સૌથી વધુ કમાણી કરનારી ટોપ-10 ફિલ્મોની યાદીમાં પણ પોતાનું સ્થાન બનાવી લીધું છે. હજુ પણ ફિલ્મ જે રીતે કમાણી કરી રહી છે, તે જોતા સ્પષ્ટ છે કે તે બે અઠવાડિયા કે તેનાથી વધુ સમય સુધી સિનેમાઘરોમાં ટકી શકે છે. આ દરમિયાન 'મિર્ઝાપુર ધ મૂવી'એ પોતાનો મોમેન્ટમ જાળવી રાખ્યો છે અને વીકએન્ડ પર સરપ્રાઈઝ આપતી રહી છે. જો આવું જ ચાલુ રહ્યું તો ફિલ્મ 400 કરોડ રૂપિયાનો આંકડો પણ પાર કરી શકે છે અને આવું કરનારી વર્ષ 2026ની ત્રીજી ફિલ્મ બની શકે છે.

મિર્ઝાપુર ધ મૂવીએ કેટલી કમાણી કરી? 'મિર્ઝાપુર ધ મૂવી'ની વાત કરીએ તો ફિલ્મે રિલીઝના 16મા દિવસે 4.50 કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું છે. ફિલ્મે વીકડેઝમાં પણ લગભગ આટલી જ કમાણી કરી હતી. જોકે, આ કમાણીના આધારે ફિલ્મને બહુ મોટો ઉછાળો મળ્યો હોવાનું કહી શકાય નહીં. તેમ છતાં આ કલેક્શનના આધારે ફિલ્મે 300 કરોડ રૂપિયાનો આંકડો પાર કરી લીધો છે. ફિલ્મનું 16 દિવસનું નેટ કલેક્શન 210.70 કરોડ રૂપિયા થઈ ગયું છે. જ્યારે ફિલ્મનું ગ્રોસ કલેક્શન 250.94 કરોડ રૂપિયા રહ્યું છે. વિદેશમાં પણ ફિલ્મે 50 કરોડ રૂપિયાનો આંકડો પાર કરી લીધો છે અને તેનું ઓવરસીઝ કલેક્શન 51.25 કરોડ રૂપિયા થઈ ગયું છે. ઓવરસીઝ કલેક્શનને સામેલ કરવામાં આવે તો ફિલ્મનું અત્યાર સુધીનું વર્લ્ડવાઈડ કલેક્શન 302.19 કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે. 'મિર્ઝાપુર ધ મૂવી'એ પોતાનું બજેટ તો વસૂલ કરી લીધું છે અને ફિલ્મની કમાણી હજુ પણ ઠીકઠાક ચાલી રહી છે. છેલ્લા કેટલાક દિવસોથી ફિલ્મ સરેરાશ 4 કરોડ રૂપિયાની આસપાસ કમાણી કરી રહી છે. જોકે, આ સ્થિર કલેક્શન બાદ ફિલ્મની કમાણીમાં અચાનક મોટો ઉછાળો આવવાની શક્યતા ઓછી જણાઈ રહી છે.







# 'હનુમાનઅંશે' કરી દમદાર કમાણી, કલેક્શન પહોંચ્યું 300 કરોડને પાર

## ફિલ્મને દર્શકો તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે

બરનાલા

ફિલ્મ 'હનુમાન અંશ' હાલ સિનેમાઘરોની સાથે-સાથે બોક્સ ઓફિસ પર પણ ધૂમ મચાવી રહી છે. ફિલ્મ એક પછી એક નવા રેકોર્ડ પોતાના નામે કરી રહી છે. અહેવાલો અનુસાર, આ ફિલ્મ બોલિવૂડની સૌથી વધુ નફો કરનારી ફિલ્મોમાં સામેલ થઈ ગઈ છે. હવે ફિલ્મે બોલિવૂડની સૌથી વધુ કમાણી કરનારી ભક્તિ ફિલ્મનો રેકોર્ડ પણ પોતાના નામે કરી લીધો છે. 'હનુમાન અંશ'ની વાર્તા બાબા નીમ કરોલીના જીવનથી પ્રેરિત હોવાનું જણાવવામાં આવ્યું છે. ફિલ્મને દર્શકો તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ફિલ્મની વાર્તા ઉપરાંત તેના ગીતો પણ સિનેમાઘરોમાં લોકપ્રિય થઈ રહ્યા છે. 'હનુમાન અંશ'એ બોક્સ ઓફિસ પર શરૂઆતમાં ધીમી કમાણી કરી હતી. ફિલ્મે પહેલા દિવસે માત્ર 10 લાખ રૂપિયાની કમાણી કરી હતી. જોકે, ત્રીજા અઠવાડિયાથી ફિલ્મના કલેક્શનમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો અને ત્યારબાદ તેની કમાણી અટકી નહોતી. એક આંકડા અનુસાર, ફિલ્મે પહેલા અઠવાડિયામાં 1.08 કરોડ રૂપિયા અને બીજા અઠવાડિયામાં 0.40 કરોડ રૂપિયાની કમાણી કરી હતી. ત્યારબાદ ત્રીજા અઠવાડિયામાં 10.40 કરોડ, ચોથા અઠવાડિયામાં 61 કરોડ અને પાંચમા અઠવાડિયામાં 90.25 કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું હતું. છઠ્ઠા અઠવાડિયામાં ફિલ્મે 80.25 કરોડ રૂપિયા કમાવ્યા હતા. સાતમા અઠવાડિયાના 43મા દિવસે ફિલ્મે 5 કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું હતું. અહેવાલ મુજબ, 45મા દિવસે ફિલ્મનું કલેક્શન 9.50 કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું હતું અને કુલ કલેક્શન 257.88 કરોડ રૂપિયા થયું હતું. 'હનુમાન અંશ'એ 'મહાવતાર નરસિમ્હા'નો રેકોર્ડ તોડ્યો એક અહેવાલ અનુસાર, 'હનુમાન અંશ'એ બોક્સ ઓફિસ પર 'મહાવતાર નરસિમ્હા' નો રેકોર્ડ પણ તોડી નાખ્યો છે. 'મહાવતાર નરસિમ્હા'નું નેટ કલેક્શન 247.96 કરોડ રૂપિયા રહ્યું હતું. 'હનુમાન અંશ' એ 44 દિવસમાં ભારતમાં 253.56 કરોડ રૂપિયાનું કલેક્શન કરીને આ આંકડો પાર કર્યો છે. આ સાથે ફિલ્મ સૌથી વધુ કમાણી કરનારી બોલિવૂડ ભક્તિ ફિલ્મ બની હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે.

# સલમાને પાપારાઝીને ઠપકો આપ્યો: ખોટા એંગલથી વીડિયો ઉતારવા અંગે મહિલાઓને કહ્યું- ફરીને તમાચો મારી દો...

મુંબઈ

ટીવી શો બિગ બોસ 20ના 'વીકએન્ડ કા વાર'માં શનિવારે સલમાન ખાન પાપારાઝી પર ભારે ગુસ્સે થયા. તેમણે પાપારાઝીને મહિલાઓના ખોટા એંગલથી વીડિયો અને તસવીરો લેવા બદલ ઠપકો આપ્યો. સલમાને કહ્યું કે જો મહિલાઓને આનાથી અસહજતા થતી હોય તો તેમણે તેનો વિરોધ કરવો જોઈએ.

શો દરમિયાન સલમાને કહ્યું, "આજકાલ એક નવો ટ્રેન્ડ છે. ગાડીમાંથી બહાર નીકળતી વખતે કેમેરો અહીં હોય છે અને ગાડીમાં બેસતી વખતે પણ કેમેરો અહીં હોય છે, જેથી હિપ શોટ મળી જાય અને પગનો શોટ મળી જાય. ત્યાર બાદ પાછળથી પણ એક શોટ લેવામાં આવે છે, જે કોઈ પણ અભિનેત્રી કે છોકરીને પસંદ નથી હોતો."

તેમણે કહ્યું કે કેટલીક મહિલાઓ આવી તસવીરોને લઈને સહજ હોઈ શકે છે, પરંતુ સવાલ એ મહિલાઓનો છે જેમને આ પસંદ નથી. સલમાને આ દરમિયાન અભિનેત્રી સઈ માંજરેકરનું ઉદાહરણ આપ્યું. તેમણે કહ્યું કે સઈ, જે મહેશ માંજરેકરની પુત્રી છે અને તેમની સાથે ફિલ્મ 'દબંગ'માં કામ કરી ચૂકી છે, આવા કેમેરા એંગલથી અસહજ દેખાય છે. સલમાને નેહા ધૂપિયા અને પોતાની ભાણેજનો પણ ઉલ્લેખ કર્યો. અભિનેતાએ કહ્યું કે તેમણે નેહા ધૂપિયાને પણ આવા મામલાઓમાં પાપારાઝી પર નારાજ થતાં જોઈ છે. સલમાને સવાલ ઉઠાવ્યો કે પાછળથી મહિલાઓની તસવીરો લીધા બાદ તેમના પર "ઓળખો આ કોણ છે" જેવા કેપ્શન શા માટે લગાવવામાં આવે છે. સલમાને કહ્યું કે જે મહિલાઓ આ પ્રકારની તસવીરોથી અસહજ થાય છે, તેમણે તેનો વિરોધ કરવો જોઈએ. તેમણે તીખા અંદાજમાં કહ્યું, "જ્યાં આવું થયું હોય ત્યાં ફરીને થપ્પડ મારો. કહો કે તમારી મા-બહેનોનો આવો શોટ લઈ લો અને અમને બતાવો. સોશિયલ મીડિયા પર મૂકો.



પાક્કો ગુજરાત

સોમવાર | 21 સપ્ટેમ્બર 2026 | અમદાવાદ

### અમદાવાદની એલાવેનિલે ટીમ બાદ પર્સનલ ઈવેન્ટમાં પણ સિલ્વર જીત્યો

# એશિયન ગેમ્સ 2026માં ભારતને બીજો મેડલ

વોશિંગ્ટન

ભારતે 20મી એશિયન ગેમ્સના પહેલા દિવસે 2 સિલ્વર મેડલ જીતી લીધા છે. રવિવારે અમદાવાદની એલાવેનિલ વલારિવન મહિલા 10 મીટર એર રાઈફલ ઈવેન્ટમાં 0.6 પોઈન્ટથી ગોલ્ડ મેડલ ચૂકી ગઈ. એલાવેનિલ વલારિવન જે મૂળ તમિલનાડુની હોવા છતાં તેનો ઉછેર અને રમતગમતની શરૂઆત અમદાવાદમાં થઈ છે. 27 વર્ષની વલારિવન 252.4 પોઈન્ટ સાથે બીજા સ્થાને રહી. જ્યારે જાપાનની હિનાતા તાઈચીએ 253.0 પોઈન્ટ મેળવીને ગોલ્ડ મેડલ જીત્યો. ટીમ ઈવેન્ટમાં ભારતીય ટીમ 1898.0 પોઈન્ટ સાથે બીજા સ્થાને રહી. આ ટીમમાં એલાવેનિલ, સોનમ મસ્કર અને વિદરશા વિનોદ સામેલ હતી. સુચિકાએ પહેલો મેડલ પાક્કો કર્યો સુચિકા તરિયાલે મિક્સ્ડ માર્શલ આર્ટ્સની પરંપરાગત કેટેગરી (-60 કિગ્રા)ની સેમિફાઈનલમાં પહોંચીને મેડલ પાક્કો કર્યો.



તેમણે મંગોલિયાની અલ્તનચિમેગ બૈગલમાને 2-0થી હરાવી. ક્વાર્ટર ફાઈનલ મેચ જીત્યા બાદ સુચિકા તરિયાલ. ક્વાર્ટર ફાઈનલ મેચ જીત્યા બાદ સુચિકા તરિયાલ.

જાપાન 3 ગોલ્ડ સાથે નંબર-1, ભારત છઠ્ઠા સ્થાને.ભારત મેડલ ટેલીમાં છઠ્ઠા સ્થાને છે. યજમાન જાપાન 3 ગોલ્ડ સાથે નંબર-1 પર છે. ચીન 2 ગોલ્ડ સહિત કુલ 7 મેડલ સાથે બીજા સ્થાને છે. એશિયાડમાં ભાગ લેવા ગયેલો ભારતીય ખેલાડી સોના બાથ દરમિયાન બેભાન થઈ ગયો. ત્યારબાદ તેને મેડિકલ અનફિટ જાહેર કરવામાં આવ્યો.

MMA ફાઈટર વરુણ સાન્યાલ 77 કિલો વજન વર્ગની ક્વાર્ટર ફાઈનલ રમવાનો હતો. વરુણ શનિવારે રાત્રે વજન ઘટાડવા માટે સોના બાથ લેવા ગયા હતા. એક નેપાળી ખેલાડીએ તેમને જોયા અને મેડિકલ ટીમ સુધી પહોંચાડવામાં મદદ કરી. ભારતીય મહિલા ટીમે બેડમિન્ટનના પ્રથમ રાઉન્ડમાં કઝાકિસ્તાનને 3-0થી હરાવ્યું. ભારતીય ટીમે ત્રણેય મુકાબલામાં જીત મેળવીને ક્લીન સ્વીપ કર્યું.

તન્વી શર્માએ અંતિમ મુકાબલામાં ડાયના નામેનોવાને 21-5, 21-10થી હરાવી. આ પહેલાં ઉન્નતિ હુડ્ડાએ અલીસા કુલેશોવાને 21-7, 21-10થી અને પીવી સિંધુએ કામીલા સ્માગુલોવાને 21-7, 21-9થી હરાવી હતી.

## એશિયાડ- ભારતીય મહિલા હોકી ટીમે ઉઝબેકિસ્તાનને 19-0થી હરાવ્યું

બીજિંગ

ભારતીય હોકી ટીમોએ રવિવારે એશિયન ગેમ્સ 2026માં જીત સાથે અભિયાનની શરૂઆત કરી. કાકામિગાહારામાં મહિલા ટીમે પૂલ-Bની મેચમાં ઉઝબેકિસ્તાનને 19-0થી હરાવ્યું. દીપિકાએ 8 ગોલ કર્યા, જ્યારે ઈશિકાએ હેટ્રિક નોંધાવી. બીજી તરફ, પુરુષ ટીમે પૂલ-Aની મેચમાં ઈન્ડોનેશિયાને 13-1થી હરાવ્યું. ભારત તરફથી દિલપ્રીત સિંહે સૌથી વધુ 4 ગોલ કર્યા. દીપિકા સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી બની દીપિકા એશિયન ગેમ્સની એક મહિલા હોકી મેચમાં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી બની ગઈ છે. તેમણે 8મા, 22મા, 25મા, 33મા, 36મા, 38મા, 41મા અને 54મા મિનિટે ગોલ કર્યા. ભારત તરફથી ઈશિકાએ હેટ્રિક નોંધાવી. નવનીત કૌર અને લલથાંતલુઆંગીએ બે-બે ગોલ કર્યા, જ્યારે લાલરેમસિયામી, બલજીત કૌર, નેહા અને સાક્ષી રાણાએ એક-એક ગોલ કર્યો. ભારતે શરૂઆતથી જ ઉઝબેકિસ્તાન પર દબાણ બનાવ્યું. લાલરેમસિયામીએ 7મી મિનિટે નજીકથી ફિલ્ડ ગોલ કરીને ભારતનું ખાતું ખોલ્યું. તેના એક મિનિટ બાદ દીપિકાએ ગોલ કરીને ભારતની લીડ બમણી કરી દીધી. ઈશિકાએ 11મી મિનિટે સુનેલિતા ટોપ્પોના પાસ પર ગોલ કર્યો.

### શ્રીલંકા સામે 3-0થી ક્લીન સ્વીપ કર્યું

## ભારતને હટાવીને ટી-20 રેન્કિંગમાં નંબર-1 બન્યું ઈંગ્લેન્ડ

ઈસ્લામાબાદ

ઈંગ્લેન્ડે 55 દિવસ બાદ ભારત પાસેથી T20Iની નંબર-1 રેન્કિંગ ફરી છીનવી લીધી. ઈંગ્લેન્ડે મૅન્ચેસ્ટરમાં શ્રીલંકાને ત્રીજી T20Iમાં 8 વિકેટે હરાવીને શ્રેણી 3-0થી પોતાના નામે કરી. શ્રીલંકાના 124 રનના જવાબમાં ઈંગ્લેન્ડે 9.4 ઓવરમાં 2 વિકેટે 126 રન બનાવીને જીત નોંધાવી. ઈંગ્લેન્ડે 62 બૉલ બાકી રહેતાં લક્ષ્ય હાંસલ કર્યું. 120થી વધુ રનના લક્ષ્યનો આ સૌથી ઝડપી T20I ચેઝ છે. 26 જુલાઈએ ભારતે ઈંગ્લેન્ડ પાસેથી રેન્કિંગ છીનવી હતી ઈંગ્લેન્ડે 11 જુલાઈએ ભારતને 4-0થી હરાવીને T20I રેન્કિંગમાં નંબર-




1 સ્થાન મેળવ્યું હતું. ભારતે 26 જુલાઈએ ઝિમ્બાબ્વે સામેની શ્રેણીમાં 2-0ની લીડ મેળવીને આ સ્થાન પાછું મેળવ્યું હતું. હવે 19 સપ્ટેમ્બરે ઈંગ્લેન્ડે શ્રીલંકાને 3-0થી હરાવીને 55 દિવસ બાદ નંબર-1 સ્થાન ફરી હાંસલ કરી લીધું. આ પછી બટલર અને હેરી બ્રુકે બીજી વિકેટ માટે 38 બોલમાં 85 રનની ભાગીદારી કરી. બંનેએ પાવરપ્લેમાં જ ઈંગ્લેન્ડનો સ્કોર 82 રન સુધી પહોંચાડી દીધો. બ્રુક 33 રન બનાવીને રનઆઉટ થયો. બટલરે 32 બોલમાં અણનમ 62 રન બનાવ્યા. તેમણે 7 ચોગ્ગા અને 2 છગ્ગા ફટકાર્યા. તેમનો સ્ટ્રાઈક રેટ 193.75 રહ્યો. બટલરે છગ્ગો ફટકારીને ઈંગ્લેન્ડને જીત અપાવી. આ T20Iમાં બટલરની 50થી વધુ રનની 32મી ઈનિંગ્સ હતી. આ સાથે જ તેમણે પાકિસ્તાનના મોહમ્મદ રિઝવાનને પાછળ છોડી દીધા, જેમણે T20Iમાં 31 વખત 50થી વધુ રન બનાવ્યા છે. આ યાદીમાં બાબર આઝમ 42 વખત સાથે પ્રથમ, વિરાટ કોહલી 39 વખત સાથે બીજા અને રોહિત શર્મા 37 વખત સાથે ત્રીજા ક્રમે છે.

## ભારતીય મહિલા ક્રિકેટ ટીમ એશિયન ગેમ્સની ફાઇનલમાં

### બાંગ્લાદેશને 114 રનથી હરાવ્યું, શેફાલીની અણનમ સદી, દીપ્તિ-નંદિનીને 3-3 વિકેટ

નવી દિલ્હી

ભારતે એશિયન ગેમ્સની મહિલા ક્રિકેટ સેમિફાઈનલમાં બાંગ્લાદેશને 114 રનથી હરાવીને ફાઈનલમાં સ્થાન મેળવી લીધું. એશિયન ગેમ્સની મહિલા ક્રિકેટ સેમિફાઈનલમાં ભારતે બાંગ્લાદેશને 196 રનનો ટાર્ગેટ આપ્યો. ટીમે ટોસ જીતીને પહેલાં બેટિંગ કરતાં 20 ઓવરમાં 4 વિકેટે 195 રન બનાવી લીધા હતા. જવાબમાં બાંગ્લાદેશની ટીમ 15.4 ઓવરમાં 81 રને ઓલઆઉટ થઈ ગઈ. 22 સપ્ટેમ્બરે ફાઈનલમાં ભારતનો સામનો શ્રીલંકા સાથે થશે. ભારત માટે શેફાલી વર્માએ 49 બોલમાં અણનમ 100 રન બનાવ્યા. તેણે 9 ચોગ્ગા અને 3 છગ્ગા ફટકાર્યા. શેફાલીએ




હરમનપ્રીત કૌર સાથે ત્રીજી વિકેટ માટે 94 રનની ભાગીદારી કરી. બોલિંગમાં દીપ્તિ શર્મા અને નંદની શર્માએ 3-3 વિકેટ લીધી, જ્યારે શ્રી ચરણીએ 2 વિકેટ ઝડપી. ભારતે બાંગ્લાદેશને શરૂઆતથી જ દબાણમાં રાખ્યું અને 81 રનમાં દાવ સમેટી દીધો. આ ઈનિંગ્સ દરમિયાન મંધાના મહિલા ટી-20 ઈન્ટરનેશનલ ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન પણ બની ગઈ. તેના નામે હવે 4,788 રન છે. તેણે ન્યૂઝીલેન્ડની સુઝી બેટ્સ (4,758 રન)ને પાછળ ધકેલી દીધી. ભારત- શેફાલી વર્મા, સ્મૃતિ મંધાના, ભારતી ફુલમાલી, હરમનપ્રીત કૌર (કેપ્ટન), રિચા ઘોષ (વિકેટકીપર), જી કમાલિની, દીિ શર્મા, શ્રેયંકા પાટિલ, શ્રી ચરણિ, નંદની શર્મા અને ક્રાંતિ ગૌડ. બાંગ્લાદેશ: દિલારા અખ્તર, જુઆરીયા ફરદૂસ, શોભના મુસ્તારી, નિગાર સુલ્તાના (વિકેટકીપર/કેપ્ટન), શોર્ના અખ્તર, શર્મિન અખ્તર, શાંજીદા અખ્તર મેઘલા, રાબેયા ખાન, નાહિદા અખ્તર, મારુફા અખ્તર અને સુલ્તાના ખાતૂન.



### કંપનીઓ કુલ ₹3,825 કરોડ એકત્ર કરશે

# શેરબજારમાં આ અઠવાડિયે 6 IPO આવશે

મુંબઇ

ભારતીય શેરબજારમાં આ અઠવાડિયે 6 કંપનીઓ પોતાના ઈનિશિયલ પબ્લિક ઑફરિંગ્સ એટલે કે IPO લૉન્ચ કરવાની તૈયારીમાં છે. આ કંપનીઓ બજારમાંથી કુલ 3,825 કરોડ એકત્ર કરશે. આ છ કંપનીઓમાં એલિવેટ કેમ્પસ, વારમોરા ગ્રેનિટો, એ-વન સ્ટીલ્સ ઈન્ડિયા, અરમી ઈન્ફોટેક, સ્વસ્તિક ઈન્ફ્રા અને એડ્રોઈટ ઈન્ડસ્ટ્રીઝ (ઈન્ડિયા) સામેલ છે. આ કંપનીઓના IPO 22 સપ્ટેમ્બરથી 28 સપ્ટેમ્બર વચ્ચે સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે, જેમાંથી મોટાભાગના ઈશ્યૂ 23 સપ્ટેમ્બરે ખુલશે. કંપનીના પ્રમોટર્સ અનુસાર, IPOમાંથી મળનારી રકમનો ઉપયોગ મૂડી ખર્ચ (કેપેક્સ), બિઝનેસ વિસ્તરણ, દેવું ચૂકવવા, વર્કિંગ કેપિટલની




જરૂરિયાતો અને અન્ય કોર્પોરેટ કામો માટે કરવામાં આવશે. 1. એલિવેટ કેમ્પસ: હિલહાઉસ ઈન્વેસ્ટમેન્ટના રોકાણવાળી એલિવેટ કેમ્પસનો IPO આ અઠવાડિયાનો સૌથી મોટો ઈશ્યૂ છે. આ 2,100 કરોડનો IPO 23 સપ્ટેમ્બરે ખુલશે અને 25 સપ્ટેમ્બરે બંધ થશે. કંપનીએ તેના માટે પ્રતિ શેર 343-362નો પ્રાઈસ બેન્ડ નક્કી કર્યો છે. આ સંપૂર્ણ ઈશ્યૂ ફ્રેશ ઈશ્યૂ છે અને તેમાં ઑફર-ફૉર-સેલ (OFS)નો કોઈ ઘટક નથી. શેરોનું લિસ્ટિંગ 30 સપ્ટેમ્બરે થવાની અપેક્ષા છે. 2. વર્મોરા ગ્રેનિટો: કંપનીનો 708 કરોડનો આઈપીઓ 22 સપ્ટેમ્બરથી 24 સપ્ટેમ્બર સુધી ખુલ્લો રહેશે. તેના માટે પ્રતિ શેર 140-148નો પ્રાઈસ બેન્ડ નક્કી કરવામાં આવ્યો છે. આ ઈશ્યૂમાં 320 કરોડ સુધીનો ફ્રેશ ઈશ્યૂ અને રોકાણકાર કાત્સુરા ઈન્વેસ્ટમેન્ટ્સના 388 કરોડ મૂલ્યના 2.62 કરોડ શેરોનો OFS સામેલ છે. 3. એ-વન સ્ટીલ્સ ઈન્ડિયા: આ કંપની પોતાના આઈપીઓ દ્વારા 405 કરોડ એકત્ર કરવાનો પ્રયાસ કરશે. તેનો ઈશ્યૂ 24 સપ્ટેમ્બરે ખુલશે અને 28 સપ્ટેમ્બરે બંધ થશે. 4. અરમી ઈન્ફોટેક: અરમી ઈન્ફોટેક પોતાનો 300 કરોડનો આઈપીઓ 23 સપ્ટેમ્બરથી 25 સપ્ટેમ્બર દરમિયાન લાવશે. તેનો પ્રાઈસ બેન્ડ પ્રતિ શેર 350-375 રાખવામાં આવ્યો છે અને આ સંપૂર્ણ ઈશ્યૂ નવા ઈક્વિટી શેરોનો ફ્રેશ ઈશ્યૂ છે. 5. સ્વસ્તિક ઈન્ફ્રા: પાવર ડિસ્ટ્રિબ્યુશન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ સાથે સંકળાયેલી EPC સોલ્યુશન્સ પ્રોવાઈડર કંપની સ્વસ્તિક ઈન્ફ્રા IPO દ્વારા 161 કરોડ એકત્ર કરશે.

### હાલના 0.02 ટકાની જગ્યાએ લગભગ રૂ.5 નિશ્ચિત ચાર્જ લાવવાની ચર્ચા

# મૂડીબજારના UPI વ્યવહારો પર રૂ.પાંચ નિશ્ચિત MDR લાવવા માટે દરખાસ્ત

મુંબઇ

શેર બજાર અને અન્ય મૂડી બજાર સંબંધિત વ્યવહારો-સોદા માટે યુપીઆઈ મારફતે કરવામાં આવતી ચૂકવણી પર લાગતા મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર) માં ફેરફાર લાવવાની દરખાસ્ત કરવામાં આવી છે. આ અંતર્ગત હાલના ૦.૦૨ ટકા એમડીઆર, જે લગભગ રૂ.૩૦૦ સુધી મર્યાદિત છે, તેની જગ્યાએ દરેક પાત્ર વ્યવહાર માટે આશરે રૂ.૫નો ફ્લેટ-નિશ્ચિત ચાર્જ લાવવાની વિચારણા ચાલી રહી છે.

આ બાબતથી પરિચિત સૂત્રોના જણાવ્યા મુજબ, કેટલાક બ્રોકરોએ હાલના રૂ.૩૦૦ના કેપ અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમના વાંધાઓને ધ્યાનમાં રાખીને ફ્લટ ફી વિકલ્પ




ચર્ચામાં આવ્યો છે. આ દરખાસ્તને અમલમાં મૂકવા માટે સીધી રીતે નિયમ બદલાશે નહીં.

પ્રથમ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) તરફથી ઔપચારિક રજૂઆત કરવાની જરૂર પડી શકે છે. ત્યારબાદ દરખાસ્ત પર કેન્દ્ર સરકાર અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની મંજૂરી પણ લેવાની જરૂર પડી શકે છે. આ સાથે બાદમાં નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઈ) દ્વારા સત્તાવાર નોટિફિકેશન જેવી પ્રક્રિયામાંથી પસાર થવું પડી શકે છે. અર્થાત, હાલમાં આ દરખાસ્તના તબક્કે છે અને અંતિમ નિયમ તરીકે અમલમાં આવી નથી.

અત્યારે ક્યા ક્ષેત્રોમાં પહેલેથી ફ્લેટ યુપીઆઈ ચાર્જ છે, આ કેટેગરીઓમાં મુખ્યત્વે વીમા, શિક્ષણ, બિલ પેમેન્ટ, સરકારી ચૂકવણી, ઈંધણ, કૃષિ જેવા ક્ષેત્રોનો સમાવેશ થાય છે. જો આ ફેરફાર મંજૂર થાય છે, તો મૂડી બજારના વ્યવહારોને યુપીઆઈની એવી કેટેગરીઓ સાથે સમાન ગણવામાં આવશે.

### CBDTના નવા નિયમ જાહેર

# આવકવેરાના લેણાં માટે કરદાતાઓની અટકાયત કે ધરપકડ નહીં કરી શકાય

### 1લી એપ્રિલ 2026થી કરચોરી કે ડિફોલ્ટમાં કરદાતાની ધરપકડ-અટકાયતની જોગવાઈ રદ થશે. હવે ટેક્સ રિકવરી માત્ર મિલકત જપ્તી અને વેચાણ દ્વારા જ થશે.

મુંબઇ

CBDT એ 17 સપ્ટેમ્બર 2026ના રોજ 'ઈનકમ-ટેક્સ (ફોર્થ એમેન્ડમેન્ટ) રૂલ્સ, 2026'નું નોટિફિકેશન બહાર પાડ્યું છે. 1લી એપ્રિલ 2026થી કરચોરી કે ડિફોલ્ટમાં કરદાતાની ધરપકડ-અટકાયતની જોગવાઈ રદ થશે. હવે ટેક્સ રિકવરી માત્ર મિલકત જપ્તી અને વેચાણ દ્વારા જ થશે. મૃત્યુના કિસ્સામાં વારસદારોને પણ રાહત મળશે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસે 17મી સપ્ટેમ્બર 2026ના રોજ 'ઈનકમ-ટેક્સ (ફોર્થ એમેન્ડમેન્ટ) રૂલ્સ, 2026'નું નોટિફિકેશન બહાર પાડી દેવામાં આવ્યું છે. જેથી કરદાતાની 'ધરપકડ અને અટકાયત'ની જોગવાઈઓ પહેલી એપ્રિલ 2026થી રદ થઈ જતાં કરચોરી કે ડિફોલ્ટના કિસ્સામાં અધિકારીઓ




હવે વ્યક્તિગત અટકાયત કરી શકશે નહીં. આ નવા સુધારા હેઠળ આવકવેરા વિભાગે ટેક્સ રિકવરીના નિયમોમાં કર્યા છે. રૂલ 225માં સુધારો અને પ્રોપર્ટી-બેઝ્ડ રિકવરી સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસે ઈનકમ-ટેક્સ રૂલ્સના નિયમ નંબર 225માં સુધારો કરીને ધરપકડના નિયમો દૂર કર્યા છે. આ પગલું કેન્દ્રીય બજેટ 2026-27ની 'ટેકનિકલ ભૂલો અને નાના ગુનાઓના વિ-ગુનાઈતકરણ' - ડિક્રિમિનાલાઈઝેશનની જાહેરાત કરી દેવામાં આવી છે.

પરિણામે હિસાબી ચોપડાંઓ કે પછી ટીડીએસની ચૂકવણીમાં ભૂલ જેવા ક્ષુલ્લક ગુનાઓ માટે જેલની સજા નહીં પણ માત્ર નાણાકીય દંડ જ લાગુ કરવામાં આવશે. ટેક્સ રિકવરી હવે માત્ર મિલકત જપ્તી અને વેચાણ દ્વારા જ હાથ ધરાશે. જો ટેક્સ ડિફોલ્ટર કરદાતાનું મૃત્યુ થાય, તો તેવા કિસ્સામાં પણ વસુલાત માટે કાનૂની વારસદારો સામે કોઈ પણ પ્રકારની અટકાયત કે કડક કાર્યવાહી કરી શકાશે નહીં. નવા ઈનકમ-ટેક્સ એક્ટ 2025ના માળખા હેઠળ વર્તમાન વેલ્યુઅર્સ અને અધિકૃત આવકવેરા પ્રેક્ટિશનર્સને નોંધણી પૂર્ણ કરવા માટે વધુ 6 મહિનાનો સમય આપીને આ મુદત 31મી માર્ચ 2027 સુધી લંબાવવામાં આવી છે.

## અમેરિકા દ્વારા સૂચિત 100 ટકા ટેરિફ સામે ટેકસટાઈલ ઉદ્યોગ ચિંતિત

■ **આ ટેરિફથી MSME સહિતના નિકાસકારોને મુશ્કેલી પડશે**

મુંબઇ

મુંબઈમાં, કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી (CITI) એ ચિંતા વ્યક્ત કરી છે. અમેરિકા દ્વારા કાપડ ક્ષેત્રે 100% વધારાનો ટેરિફ લાદવામાં આવે તો ગંભીર અસર થશે. વાર્ષિક 10 અબજ ડોલરની નિકાસ સાથે, અમેરિકા ભારત માટે સૌથી મોટું બજાર છે. આ ટેરિફથી MSME સહિતના નિકાસકારોને મુશ્કેલી પડશે. સરકારે આ અંગે યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ. દેશના ટેકસટાઈલ ક્ષેત્ર માટે અમેરિકા એક સૌથી મોટી બજાર હોવાથી અમેરિકા દ્વારા વધારાના ૧૦૦ ટકા ટેરિફની આ ક્ષેત્ર પર ગંભીર અસર પડી શકે છે એમ ધ કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ટેકસટાઈલ ઈન્ડસ્ટ્રી (સીટી) દ્વારા ચિંતા વ્યકત કરવામાં આવી છે. પશ્ચિમ એશિયાના યુદ્ધને કારણે દેશનો ટેકસટાઈલ ઉદ્યોગ અગાઉથી જ પડકારોનો સામનો કરી રહ્યું છે ત્યારે વધારાના ટેરિફ સહન કરવાનું મુશકેલ બની રહેશે. દેશમાં મોટી સંખ્યાના એમએસએમઈ ટેકસટાઈલ ક્ષેત્ર સાથે સંકળાયેલ છે. ૧૦૦ ટકાના ટેરિફ લાગુ થશે તો અમેરિકામાં એપરલ તથા ટેકસટાઈલ નિકાસ કરવાનું મુશકેલ બની રહેશે એમ સીટીના સુત્રોએ જણાવ્યું હતું. સૂચિત ટેરિફને કારણે ભારતના ટેકસટાઈલ નિકાસકારોએ સહન કરવાનું ન આવે તેની ભારત સરકાર તકેદારી લે તેવી તેમણે અપેક્ષા વ્યકત કરી હતી.

# શ્રી બળિયાદેવ યુવક મિત્ર મંડળ દ્વારા 19મા ગણેશ મહોત્સવની ભવ્ય અને ધામધૂમપૂર્વક ઉજવણી!!

## મણિનગરના ધારાસભ્ય અમૂલભાઈ ભટ્ટ સહિતના રાજકીય અને સામાજિક અગ્રણીઓની ખોખરામાં પ્રેરક ઉપસ્થિતિ



### ■ દાદાના આશીર્વાદથી સમગ્ર વિશ્વમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ પથરાય તેવી નેતાઓ અને મંડળ દ્વારા પ્રભુ ચરણોમાં પ્રાર્થના: ગણેશ મહોત્સવમાં ભક્તોનું ઘોડાપૂર!

અમદાવાદ

સંસ્કાર ધામ અને ઉત્સવપ્રિય નગરી અમદાવાદમાં હાલ ગણેશોત્સવનો ભક્તિમય માહોલ જામ્યો છે. શહેરના ખોખરા વિસ્તારમાં 'શ્રી બળિયાદેવ યુવક મિત્ર મંડળ' દ્વારા આયોજિત ૧૯મા ભવ્ય ગણેશ મહોત્સવમાં ભક્તિ અને ઉત્સાહનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો. ગણેશજીના દર્શન અને મહાઆરતીના પાવન પ્રસંગે રાજકીય તેમજ સામાજિક ક્ષેત્રના ગણમાન્ય અગ્રણીઓએ વિશેષ ઉપસ્થિતિ આપી દાદાના દર્શન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

આ ધાર્મિક મહોત્સવમાં મણિનગર વિધાન સભા વિસ્તારના જનપ્રિય ધારાસભ્ય શ્રી અમૂલભાઈ ભટ્ટ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી કમલેશભાઈ પટેલ, ખોખરા વોર્ડ પ્રમુખ શ્રી ચિરાગભાઈ શેટ્ટે, સ્થાનિક મ્યુનિસિપલ કોર્પોરેટર શ્રીમતી સોનલબા સરવૈયા, અગ્રણી શ્રી અનિલભાઈ જનાઈકર તેમજ શ્રીમતી જીગીષાબેન સોલંકી સહિતના અનેક રાજકીય-સામાજિક આગેવાનોએ હાજરી આપી હતી. મંડળ દ્વારા તમામ આમંત્રિત મહાનુભાવોનું ઉત્સવના વાતાવરણમાં ભાવભીનું સ્વાગત અને બહુમાન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન મણિનગરના ધારાસભ્ય શ્રી અમૂલભાઈ ભટ્ટ તેમજ કમિટી ચેરમેન શ્રી કમલેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, 'વિઘ્નહર્તા દેવ શ્રી ગણેશજીની કૃપાથી સમગ્ર દેશ અને વિશ્વમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિનો વાસ થાય. દાદા દરેક નાગરિકના જીવનમાંથી વિઘ્નો દૂર કરે અને અમદાવાદ શહેર સતત પ્રગતિના પંથે આગળ વધતું રહે તેવી પ્રભુ ચરણોમાં શ્રદ્ધાપૂર્વક પ્રાર્થના કરીએ છીએ.' શ્રી બળિયાદેવ યુવક મિત્ર મંડળના પ્રમુખ શ્રી પવન માકન એ જણાવ્યું હતું કે, 'મંડળ દ્વારા સતત ૧૯મા વર્ષે ગણેશ મહોત્સવનું ખૂબ જ ભવ્ય અને શ્રદ્ધાપૂર્વક આયોજન કરવામાં આવ્યું છે. દર વર્ષે વિસ્તારના રહીશો અને દાદાના ભક્તો મોટી સંખ્યામાં દર્શનનો લાભ લે છે. ગૌરીપુત્ર ગણેશજી બધા જ ભક્તો પર પોતાના આશીર્વાદ વરસાવતા રહે અને સહુની મનોકામના પૂર્ણ કરે તેવી શુભકામનાઓ પાઠવીએ છીએ.'

મહોત્સવ દરમિયાન યોજાયેલી ભવ્ય આરતી અને ધાર્મિક કાર્યક્રમોમાં સ્થાનિક રહીશો અને ભક્તોનું ઘોડાપૂર ઉમટી પડ્યું હતું. સમગ્ર વાતાવરણ 'ગણપતિ બાપ્પા મોરિયા, મંગલ મૂર્તિ મોરિયા'ના ગગનભેદી નારાઓથી ગુંજી ઉઠ્યું હતું. શ્રી બળિયાદેવ યુવક મિત્ર મંડળના સભ્યો દ્વારા ઉત્સવને સફળ બનાવવા માટે ભારે જહમત ઉઠાવાઈ રહી છે.

ચોરોની અનોખી 'હાથસફાઈ'

## કિંમતી સામાન ન મળતા તસ્કરો ગટરની લોખંડની જાળીઓ જ ચોરીને રફૂચક્કર થયા!

અમદાવાદ

અમદાવાદ શહેરમાં ચોરીનો એક અત્યંત અનોખો અને રમુજી કહી શકાય તેવો કિસ્સો સામે આવ્યો છે, જેણે સ્થાનિકો અને પોલીસ તંત્ર બંનેને આશ્ચર્યમાં મૂકી દીધા છે. તસ્કરો મોટો હાથ મારવાની ગણતરી સાથે ચોરી કરવાના ઈરાદે પહોંચ્યા હતા, પરંતુ જ્યારે હાથમાં કોઈ કિંમતી સામાન કે રોકડ રકમ ન આવી, ત્યારે ખાલી હાથે પાછા ફરવાના બદલે રોડ પર ગટર પર લગાવવામાં આવેલી લોખંડની જાળીઓ (ઢાંકણાં) જ ઉખાડીને ફરાર થઈ ગયા હતા!

મળતી વિગતો અનુસાર, તસ્કરો રાત્રિના અંધારાનો લાભ ઉઠાવીને ચોરીના ઈરાદા સાથે વિસ્તારમાં પ્રવેશ્યા હતા. લાંબા સમય સુધી ફંફોસ્યા બાદ પણ જ્યારે તેમને કોઈ કિંમતી માલસામાન કે દાગીના હાથ ન લાગ્યા, ત્યારે તેમણે ચોરીનો અજીબોગરીબ રસ્તો અપનાવ્યો હતો.

ચોરોએ રસ્તા પર ગટરના મુખ પર સુરક્ષા અને ડ્રેનેજ માટે લગાવેલી ભારેખમ લોખંડની જાળીઓ એક પછી એક કાઢી લીધી હતી અને તેને વાહનમાં લાદીને રાતોરાત રફૂચક્કર થઈ ગયા હતા.

સવારે જ્યારે સ્થાનિક રહીશો બહાર નીકળ્યા ત્યારે ગટરના ખુલ્લા પડેલા ઊંડા ખાડા જોઈને દંગ રહી ગયા હતા. ચોરોની આ વિચિત્ર હરકતની જાણ થતાં જ સમગ્ર વિસ્તારમાં આ વાત કૂતુહલ અને ચર્ચાનો વિષય બની ગઈ હતી.

જોકે, આ અનોખી ચોરીના કારણે હવે રોડ પરથી પસાર થતાં વાહનચાલકો અને રાહદારીઓ માટે અકસ્માતનું મોટું જોખમ ઊભું થયું છે. ખુલ્લી ગટરોને કારણે ખાસ કરીને રાત્રિના સમયે મોટો અકસ્માત સર્જાય તેવી ભીતિ સેવાઈ રહી છે, જેને પગલે સ્થાનિકોમાં નગરપાલિકા/કોર્પોરેશન અને પોલીસ તંત્ર પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સ્થાનિકોએ આ અનોખા ચોરોને ઝડપી પાડવા અને તાત્કાલિક ધોરણે નવી જાળીઓ મૂકવા માટે તંત્ર સમક્ષ માંગ કરી છે.

## અમદાવાદ ના પશ્ચિમ વિસ્તારમાં પાર્સલ ખોવાઈ ગયું કહી ઘડિયાળ બદલવાનો ઇનકાર

અમદાવાદ, સમીર પટેલ

અમદાવાદના પશ્ચિમ મા આવેલા જાણીતા ઘડિયાળના શોરૂમમાંથી ઓનલાઈન મંગાવેલી ઘડિયાળમાં લોકની ખામી જણાતા મહિલાએ ઘડિયાળ પરત કરી સમાન નવી ઘડિયાળની માંગણી કરી હતી. જોકે, શોરૂમ દ્વારા પરત મોકલેલું પાર્સલ મળ્યું ન હોવાનું કહી એક્સચેન્જ આપવાનો ઈનકાર કરાતા મહિલાએ 181 અભયમની મદદ લીધી હતી.

ફરિયાદ મળતાં 181 અભયમની ટીમ શોરૂમ ખાતે પહોંચી હતી. ટીમે કર્મચારીનું કાઉન્સેલિંગ કરી ગ્રાહકે સમયસર એક્સચેન્જ પ્રક્રિયા કરી હોવાનું જણાવી ગ્રાહકને યોગ્ય સેવા આપવા અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

તપાસ દરમિયાન મહિલાએ પસંદ કરેલી સમાન પ્રકારની ઘડિયાળ શોરૂમમાં ઉપલબ્ધ હોવાનું સામે આવ્યું હતું.

સેટેલાઇટમાં મિત્રતા અને વિશ્વાસના ધજાગરા

## વેજલપુરની યુવતી પાસેથી 35 લાખ ઓળવી શખ્સ મકાનને તાળાં મારી વિદેશ નાસી ગયો!

અમદાવાદ

અમદાવાદના પોશ ગણાતા સેટેલાઇટ વિસ્તારમાં વિશ્વાસઘાત અને કરોડો રૂપિયાની છેતરપિંડી આચરવાનો વધુ એક સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો છે. મિત્રતા અને ભરોસાનો ગેરફાયદો ઉઠાવીને વેજલપુરની એક યુવતી પાસેથી ધંધાના નામે રૂ. ૩૫,૦૦,૦૦૦/- ની માતબર રકમ હાથઉછીની લઈ, રૂપિયા પરત આપવાના બદલે રાતોરાત મકાનને તાળાં મારી વિદેશ ભાગી જનાર ઠગ સામે સેટેલાઇટ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. મળતી કાયદેસરની વિગતો અનુસાર, અમદાવાદના વેજલપુર વિસ્તારમાં રહેતી યુવતીની ઓળખાણ સોલા ભાગવત પાસે આવેલ 'સન ડિવાઈન-



૪' માં રહેતા હિતેન્દ્ર હમ્સા કાકુલપતિ નામના શખ્સ સાથે હતી.

હિતેન્દ્ર કાકુલપતિએ પોતાના ધંધાકીય કામકાજ અર્થે મોટી રકમની જરૂર હોવાનું જણાવી ટૂંક સમયમાં નાણાં પરત કરી દેવાની પાકી ખાતરી આપી હતી. યુવતીએ મિત્રતા અને પૂરતા વિશ્વાસના નાતે તેને રૂ. ૩૫ લાખની આર્થિક મદદ કરી હતી. નિશ્ચિત સમય વીતી ગયા બાદ યુવતીએ પોતાની આપેલી રકમની અવારનવાર માંગણી શરૂ કરી હતી. જોકે, હિતેન્દ્રએ નાણાં આપવાના બદલે યુવતી સાથેના તમામ સંપર્કો તોડી નાખ્યા હતા. યુવતીએ સોલા સ્થિત તેના 'સન ડિવાઈન-૪' નિવાસસ્થાને જઈને તપાસ કરતા મકાન બંધ મળી આવ્યું હતું. આસપાસથી જાણવા મળ્યું હતું કે આરોપી હિતેન્દ્ર પોતાના ઘરને તાળાં મારીને ચાલાકીપૂર્વક વિદેશ નાસી છૂટ્યો છે. પોતાની સાથે આયોજનબદ્ધ રીતે વિશ્વાસઘાત અને છેતરપિંડી થઈ હોવાનો ભાસ થતાં પીડિત યુવતીએ તા. ૧૮/૦૯/૨૦૨૬ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો અને આરોપી હિતેન્દ્ર હમ્સા કાકુલપતિ સામે સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી.

અમદાવાદમાં ACBનો મોટો ધમાકો

## પાલડી પોસ્ટ ઓફિસના મહિલા અધિકારી લાંચ લેતા રંગેહાથ ઝડપાયા!

અમદાવાદ

સંસ્કારી અને જવાબદાર ગણાતા સરકારી વિભાગોમાં ચાલતા ભ્રષ્ટાચારના કાળા કારનામા પર અમદાવાદ એન્ટી કરપ્શન બ્યુરો (ACB)એ ફરી એકવાર ઘાતક પ્રહાર કર્યો છે. અમદાવાદના પોશ વિસ્તાર ગણાતા પાલડી સ્થિત આવેલી પોસ્ટ ઓફિસના મહિલા અધિકારી લાંચની રકમ સ્વીકારતા રંગેહાથ ઝડપાઈ જતાં સમગ્ર વહીવટી તંત્ર અને ટપાલ વિભાગમાં અરેરાટી સાથે ભારે સનસનાટી મચી ગઈ છે.

પ્રાપ્ત મળતી વિગતો અનુસાર, પાલડી પોસ્ટ ઓફિસમાં ફરજ બજાવતા મહિલા અધિકારી દ્વારા એક અરજદાર પાસે સરકારી કામકાજ અથવા યોજના સંબંધિત ફાઈલ ક્લિયર કરવાના બદલામાં ગેરકાયદેસર નાણાં (લાંચ)ની માંગણી કરવામાં આવી હતી. અરજદાર લાંચ આપવા માગતા ન હોવાથી તેમણે આ અંગે તાત્કાલિક એન્ટી કરપ્શન બ્યુરો (ACB)નો સંપર્ક સાધીને લેખિત ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે ACBની ટીમે સમગ્ર મામલાની ગુપ્ત ચકાસણી કરીને પાલડી પોસ્ટ ઓફિસ ખાતે લાંચનું છટકું (ટ્રેપ) ગોઠવ્યું હતું. યોજના મુજબ, જ્યારે અરજદાર મહિલા અધિકારીને નક્કી કરેલી લાંચની રકમ આપી રહ્યા હતા, ત્યારે જ પૂર્વ આયોજિત પ્લાન મુજબ દરોડો પાડીને ACBની ટીમે મહિલા અધિકારીને લાંચની રકમ સાથે સ્થળ પર જ દબોચી લીધા હતા.

ACBની આ અચાનક અને ઘાતક કાર્યવાહીથી પોસ્ટ ઓફિસના અન્ય કર્મચારીઓમાં ભારે ભાગદોડ અને ફફડાટ વ્યાપી ગયો હતો. પોલીસે સ્થળ પરથી લાંચની રકમ જપ્ત કરીને મહિલા અધિકારી સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ (પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ) હેઠળ ગુનો નોંધી તેમની અટકાયત કરી છે.

આગામી સમયમાં ACB દ્વારા આરોપી મહિલા અધિકારીના ઘર અને અન્ય મિલકતો પર પણ તપાસનો દોર લંબાવવામાં આવે તેવી પૂરી શક્યતાઓ સેવાઈ રહી છે, જેમાં તેમના બેનામી હિસાબો અને અન્ય કૌભાંડો બહાર આવી શકે છે.

નાના લખાણથી મોટા લોગો સુધી વાહનોનું સઘન ચેકિંગ

## વાહનો પર ખોટા હોદ્દા-લોગોનો રોફ હવે નહીં ચાલે, 21 સપ્ટેમ્બરથી પોલીસની 'ઝીરો ટોલરન્સ' ઝુંબેશ!!

અમદાવાદ

પોતાના વાહન પર 'P', 'POLICE', 'PRESS', 'GOVERNMENT' કે કોઈ પદ અને પ્રતિષ્ઠા દર્શાવતા લખાણો કે નેમપ્લેટ લગાવીને રોફ ઝાડતા વાહનચાલકો માટે હવે આકરા દિવસો આવી ગયા છે. ૨૧ સપ્ટેમ્બરથી સમગ્ર રાજ્યમાં પોલીસ તંત્ર દ્વારા આવા વાહનો સામે 'ઝીરો ટોલરન્સ' ઝૂંબેશ શરૂ કરવામાં આવી રહી છે. જો તમારી ગાડી પર પણ નિયમ વિરુદ્ધનો કોઈ લોગો, પ્રતીક કે લખાણ હશે તો પોલીસ કોઈ પણ શેહ-શરમ વગર સીધો દંડ ફટકારશે અને કાયદેસરની કાર્યવાહી કરશે.



ઘણા સમયથી જોવા મળતું હતું કે સામાન્ય નાગરિકો તેમજ કેટલાક શોર્ટકટ અપનાવતા લોકો પોતાના ખાનગી વાહનો પર 'P' (પોલીસ), 'POLICE', 'JUDGE', 'DOCTOR', 'PRESS' કે રાજ્ય/કેન્દ્ર સરકારના કલર અને લોગો લગાવીને ટોલ નાકા, ટ્રાફિક પોઈન્ટ અને ચેકિંગમાંથી બચવાનો પ્રયાસ કરતા હતા.

પોલીસ તંત્રના ધ્યાને આવ્યું છે કે આવા લખાણોનો દુરુપયોગ કરીને કેટલાક લોકો ટ્રાફિક નિયમોનો ભંગ કરે છે અને કાયદાથી બચવા માટે રોફ જમાવે છે. આ દૂષણને જડમૂળથી નાબૂદ કરવા માટે ૨૧ સપ્ટેમ્બરથી સમગ્ર ગુજરાતમાં એકસાથે કડક ઝૂંબેશ હાથ ધરવામાં આવી રહી છે. ગાડીની નંબર પ્લેટ કે બોનેટ/કાચ પર લખેલું 'P', 'POLICE', 'POLICE LINE', 'GOVT OF GUJARAT' કે અન્ય સરકારી વિભાગોના નામ. નંબર પ્લેટ પર કે ગાડીના કાચ પર લખેલા જ્ઞાતિસૂચક લખાણો, સૂત્રો કે હોદ્દાઓ.

## સંક્ષીપ્ત સમાચાર

### અમદાવાદના ભાડજમાં બંધ મકાનમાં કરોડોની ચોરી કરનાર શાતિર ચોર સુનિલ પરમાર ઝડપાયો

અમદાવાદ શહેરના સોલા વિસ્તારમાં આવેલા ભાડજના રબારી વાસમાં બંધ મકાનને નિશાન બનાવી રૂ. 12.95 લાખના કિંમતી સોના-ચાંદીના દાગીનાની સફાચટ કરનાર શાતિર તસ્કરને સોલા હાઈટેક પોલીસે ગણતરીના દિવસોમાં ઝડપી પાડી વણઉકેલાયેલ ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે. શાતિર ગુનેગારે ચોરી કર્યા બાદ મુદ્દામાલ જમીનમાં દાટી દીધો હતો, પરંતુ પોલીસની તીક્ષ્ણ નજર અને ટેકનિકલ સર્વેલન્સ આગળ તેની ચાલાકી નકામી સાબિત થઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ભાડજના રબારી વાસમાં આવેલ એક બંધ મકાનમાં તસ્કરે ત્રાટકીને ઘરમાં રાખેલા રૂ. 12.95 લાખની મત્તાના કિંમતી ઘરેણાંની ચોરી આચરી હતી અને ફરાર થઈ ગયો હતો. ઘટના અંગે સોલા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા જ ઉચ્ચ પોલીસ અધિકારીઓની માર્ગદર્શિકા હેઠળ સોલા પોલીસની ખાસ ટીમો રચવામાં આવી હતી.

### નિકોલમાં યુવકને વોટ્સએપ પર APK ફાઈલ મોકલી મોબાઈલ હેક કર્યો, ખાતામાંથી ₹1.51 લાખનો ચૂનો ચોપડ્યો

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં સાયબર ક્રાઈમના બનાવો ચિંતાજનક સ્તરે વધી રહ્યા છે, જ્યાં આધુનિક તકનીકનો દુરુપયોગ કરીને ઠગો લોકોની મહેનતની કમાણી ક્ષણવારમાં સફાચટ કરી રહ્યા છે. નિકોલ વિસ્તારમાં રહેતા એક નાગરિકને વોટ્સએપ પર આવેલી અજાણી APK ફાઈલ ડાઉનલોડ કરવી ભારે પડી ગઈ છે. સાયબર માફિયાઓએ યુવકનો મોબાઈલ હેક કરી બેંક એકાઉન્ટમાંથી રૂ. 1,51,000 સેરવી લઈને ઓનલાઈન ઠગાઈ આચરી હોવાનો સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, કૃષ્ણનગર પોલીસ મથક હદ વિસ્તારમાં આવેલ નિકોલ રોડ પરના શ્રીનાથ પાર્કમાં રહેતા 44 વર્ષીય કમલેશભાઈ બાબુભાઈ ભુવા સાથે આ ડિજિટલ લૂંટ ચલાવવામાં આવી છે.

### દાણીલીમડામાં ટ્યુશનથી પરત ફરતી બાળકીનો પીછો કરી બિભત્સ ચેનચાળા કરતો શખસ ઝડપાયો

અમદાવાદના દાણીલીમડામાં 7 વર્ષીય બાળકીનો પીછો કરી બિભત્સ ચેનચાળા કરનાર 22 વર્ષીય યુવક બિલાલ અલીહુસેન શેખને પોલીસે ઝડપી પાડ્યો છે. 17 સપ્ટેમ્બરના રોજ ટ્યુશનથી ઘરે આવતી બાળકી સાથે આ ઘટના બની હતી. બાળકીએ પરિવારને જાણ કરતા, CCTV ફૂટેજમાં આરોપીની કરતૂતો કેદ થઈ હતી. પરિવારે દાણીલીમડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે પોક્સો હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. દાણીલીમડા વિસ્તારમાં ભારત ટ્રેડર્સ નજીક આવેલી મારુફ રેસિડેન્સીમાં ટ્યુશનથી ઘરે આવી રહેલી 7 વર્ષીય બાળકી પીછો કરી તેની સામે બિભત્સ ચેનચાળા કરનાર 22 વર્ષીય યુવકને પોલીસે ઝડપી પાડ્યો હતો.

### ધોળકા ગ્રામ્યમાંથી બોગસ ડોક્ટર ઝડપાયો:બાઈક પર ઘરે ઘરે જઈ એલોપેથિક દવાઓ આપી કરતો હતો સારવાર

અમદાવાદ જીલ્લાના ધોળકા ગ્રામ્ય વિસ્તારમાં લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા એક બોગસ ડોક્ટરને પોલીસે પકડી પાડ્યો છે. કોઈપણ માન્ય ડિગ્રી કે લાયકાત વગર આ કહેવાતો ડોક્ટર બાઈક પર ઘરે ઘરે જઈ દર્દીઓની સારવાર કરતો હતો. ધોળકા રૂરલ પોલીસે આરોગ્ય વિભાગની ટીમને સાથે રાખીને તેને ઝડપી પાડ્યો છે. મહેબુબશા રમજાનશા ફકીર નામનો એક શખ્સ ધોળકા તાલુકાના આંબારેલી ગામે રહે છે. તે પોતાની મોટરસાયકલ પર નીકળી ગામલોકોના ઘરે જઈ એલોપેથિક દવાઓ આપી સારવાર કરતો હતો. આ અંગેની ચોક્કસ બાતમી મળતાં ધોળકા રૂરલ પોલીસ સ્ટાફે તાત્કાલિક ગાણોલ પીએચસીના મેડિકલ ઓફિસરનો સંપર્ક કર્યો. એક સંયુક્ત ટીમ બનાવી આંબારેલી ગામે દરોડો પાડવામાં આવ્યો.

### માધુપુરા માર્કેટનો બનાવ : નોકરીના ચાર દિવસમાં જ કારીગર શેઠનું 20 લાખનું સોનુ લઈને નાસી ગયા

માધુપુરા માર્કેટમાં સોના ચાંદીનું કામ કરતા એક વેપારીએ કારીગરને સોનામાંથી દાગીના બનાવવા આપ્યા હતા.વેપારીએ 12 સપ્ટેમ્બરે જ કારીગરોને કામ પર રાખ્યા હતા અને 16 સપ્ટેમ્બરે તો બંને કારીગર દુકાનનું 20 લાખનું સોનુ લઈને ફરાર થઈ ગયા હતા. જેમાંથી એક કારીગર સોનુ લઈને જતો પણ સીસીટીવીમાં દેખાય છે. જે અંગે વેપારીએ માધવપુરા પોલીસ સ્ટેશનમાં કારીગર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. શાહીબાગમાં રહેતા વિવેક નાગોરીએ ફરિયાદ નોંધાવી છે કે તેમના એક કારીગર મારફતે 12 સપ્ટેમ્બરે મૂળ પશ્ચિમ બંગાળના કારીગર સાબિરઅલી શેખ અને આરફીનલી શેખને કામ પર રાખ્યા હતા.બંને કારીગર માધુપુરા માર્કેટમાં આવેલી વિવેકભાઈની દુકાને કામ કરતા અને રાતે એક દુકાનના બીજા માળે રોકાતા હતા. 16 સપ્ટેમ્બરે વિવેકભાઈએ બંને કારીગરોને 270 ગ્રામ કાચું સોનું જોબવર્ક માટે આપ્યું હતું. રાત્રે 9 વાગ્યા આસપાસ બંને કારીગરોએ વિવેકભાઈને અડધો દાગીનો ઘડ્યા વગર એક ડબ્બામાં મૂકીને પરત આપ્યો હતો.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI